સુવિચાર
ખોવાઈ ગયેલ વ્યક્તિ મળી શકે
પરંતુ બદલાઈ ગયેલ વ્યક્તિ
ક્યારેય મળતી નથી..!

# સમય મિરર




SAMAY MIRROR (MORNING DAILY)

samaymirror@gmail.com
RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI
RNI NO:-GUJGUJ/2022/84575

Year-3, Issue-196 ■ DATE : 27-5-2025 ■ TUESDAY ■ Page-10 ■ વૈશાખ વદ ૧૫, વિક્રમ સંવંત-2081

■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH
■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA ROAD, NEAR SHARDA BAUG, RAJKOT-360001

# આતંકીઓએ 140 કરોડ ભારતીયોને પડકાર ફેંક્યો 'તો-અમે તેના અડ્ડાઓ માટીમાં ભેળવી દીધા

# ગુજરાતમાં મોદીની સિંહ ગર્જના

## વડોદરાના રોડ-શોમાં માનવ મહેરામણ ઉમટ્યું : દાહોદ-ભૂજમાં કરોડોના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ : આજે મહાત્મા મંદિર ખાતે 5,536 કરોડના પ્રોજેક્ટનું લોકાર્પણ

**સમય મિરર । વડોદરા**

'ઓપરેશન સિંદૂર'ની સફળતા પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદી પહેલી વાર પોતાના વતન એવા ગુજરાતની બે દિવસની મુલાકાતે પહોંચ્યા છે. આ દરમિયાન તેમણે વડોદરામાં રોડ શો કર્યો હતો, ત્યાર બાદ તેમણે દાહોદમાં ઈલેક્ટ્રિક એન્જિનનું ઉદઘાટન કર્યું હતું, ત્યાર બાદ તેમણે જનસાભાને સંભોધિ હતી. દાહોદમાં જાહેર સભાને સંબોધિત કરતી વખતે પીએમ મોદીએ કહ્યું કે, 'અમે ફક્ત પાકિસ્તાન અને આતંકવાદી ઠેકાણાઓ સામે કાર્યવાહી મુલતવી રાખી છે.' દેશે અકલ્પનીય અને અભૂતપૂર્વ નિર્ણયો લીધા પીએમ મોદીએ કહ્યું, ''આજે ૨૬ મે છે. ૨૦૧૪ માં આ તારીખે મેં પહેલીવાર પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા હતા. પહેલા ગુજરાતના લોકોએ મને આશીર્વાદ આપ્યા, પછી કરોડો ભારતીયોએ મને આશીર્વાદ આપ્યા. હું મારી ફરજ બજાવી રહ્યો છું. અમે એવા નિર્ણયો લીધા જે અકલ્પનીય અને અભૂતપૂર્વ હતા. દેશે સ્વતંત્રતાનો શ્વાસ લીધો છે, તમામ ક્ષેત્રોમાં પ્રગતિ થઈ રહી છે.''

PM મોદી 'ઓપરેશન સિંદૂર' બાદ ૨૬-૨૭મે(૨૦૨૫)ના રોજ ગુજરાતના બે દિવસના પ્રવાસે છે. તેઓ સવારે ૯.૪૦ વાગ્યા આસપાસ વડોદરા પહોંચ્યા હતા. ત્યાર બાદ ૯.૫૦થી ૧૦ વાગ્યા સુધી રોડ શો યોજ્યો હતો. આ રોડ શોમાં તેઓ કર્નલ સોફિયાના પરિવારને મળ્યા હતા. ત્યાર બાદ દાહોદ જવા નીકળ્યા હતા. ૧૧.૩૦ વાગ્યે દાહોદમાં રેલવે ફેક્ટરી એટલે કે લોકોમોટિવ પ્લાન્ટનું ઉદઘાટન કર્યું હતું અને સાબરમતી-વેરાવળ વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપી હતી. ત્યાર બાદ તેમણે ૧.૦૦ વાગ્યાથી ૧.૪૦ વાગ્યા સુધી એમ ૪૦ મિનિટ જાહેરસભાને સંબોધી હતી, જેમાં ૩૩ મિનિટ પછી પહેલગામ આતંકી હુમલાથી શરૂ કરી ઓપરેશન સિંદૂર સુધી ૬ મિનિટ સુધી બોલતા રહ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું, જરા વિચારો બાળકોની સામે પિતાને ગોળી મારી દીધી, આજે પણ આ તસવીરો જોઈએ છીએ ત્યારે લોહી ઊકળી ઊઠે છે. આતંકીઓએ ૧૪૦ કરોડ ભારતીયોને પડકાર ફેંક્યો હતો. અમે તેમના અડ્ડાઓને મિટ્ટીમાં મિલાવી દીધા. સભા દરમિયાન, પીએમ મોદીએ કહ્યું, ''અમે વિકસિત ભારત બનવા માટે સખત મહેનત કરી રહ્યા છીએ. ભારત ઉત્પાદન ક્ષેત્રમાં ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે. આજે ભારત ટેકનોલોજી બનાવે છે અને વિશ્વને પણ આપે છે. આજે આદિવાસી વિસ્તારોમાં પણ સ્માર્ટ શહેરો બનાવવામાં આવી રહ્યા છે.'' પ્રધાનમંત્રી મોદીએ નાગરિકોને હોળી, દિવાળી અને ગણેશ પૂજા જેવા તહેવારો દરમિયાન મેડ ઇન ઇન્ડિયા ઉત્પાદનો ખરીદવા અને તેનો ઉપયોગ કરવા વિનંતી કરી છે.



ભારત ઉત્પાદન ક્ષેત્રે ખૂબ જ ઝડપથી વધી રહ્યુ છે આગળપીએમ મોદીએ કહ્યું, ''ભારત ઉત્પાદન ક્ષેત્રે ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે, પછી ભલે તે દેશમાં જરૂરી ઉત્પાદનો હોય, કે નિકાસ ઉત્પાદનો હોય, તે બધાનો વિકાસ થઈ રહ્યો છે. આપણે સ્માર્ટફોન, વાહનો, રમકડાં, શસ્ત્રો, દવાઓ વગેરે નિકાસ કરી રહ્યા છીએ. ભારત આજે ટ્રેન, મેટ્રો બનાવવા માટે ટેકનોલોજી બનાવે છે, આપણે તેની નિકાસ કરીએ છીએ. દાહોદ આનો પુરાવો છે. દાહોદમાં ઈલેક્ટ્રિક લોકોમોટિવ ફેક્ટરી આવી છે, હું ત્રણ વર્ષ પહેલાં શિલાન્યાસ કરવા માટે અહીં આવ્યો હતો, લોકો શંકા કરતા હતા, તે વાસ્તવિકતા બની શક્યું નહીં. અમે પ્રથમ લોકોમોટિવ એન્જિનને લીલી ઝંડી આપી છે. આ ગુજરાત, દેશ માટે ગર્વની વાત છે. ગુજરાતમાં રેલવે નેટવર્કનું સો ટકા વીજળીકરણ પૂર્ણ થયું છે.'' ત્યારબાદ PM મોદી ભુજ પહોંચ્યા હતા. જ્યાં ભુજ એરપોર્ટથી સભાસ્થળ સુધીના માર્ગ પર દોઢ કિલોમીટરનો રોડ શો યોજી જાહેરસભાને સંબોધી હતી. અહીં રાજ્યભરના ૫૩,૪૧૪ કરોડના ખર્ચના વિવિધ ૩૩ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. બાદમાં પીએમ મોદીએ કચ્છી ભાષામાં પોતાના સંબોધનની શરૂઆત કરી હતી. ભારતનો જંગ સીમા પાર રહેલા આતંકવાદ સામે છે. હું પાકિસ્તાનના લોકોને કહેવા માગું છું ભારત વિશ્વની ચોથી ઈકોનોમી બની ગયું અને તમારો હાલ શું છે. તમારા બાળકોને ભટકવા મજબૂર કોણે કર્યા. આતંકવાદના આકાઓએ.

પાકિસ્તાનના લોકો મોદીની વાતને સાંભળો તમારી સરકાર અને સેના આતંકવાદને સમર્થન આપે છે. આતંકવાદ તેમના માટે પૈસા કમાવવાનું સાધન બની ગયો છે.પાકિસ્તાનના બાળકોએ નક્કી કરવું પડશે કે આ રસ્તો તેમના માટે ઠીક છે. આતંકવાદીઓએ પાકિસ્તાનના બાળકોને બરબાદ કર્યા છે. આતંકવાદની બીમારીમાંથી યુવાનો આગળ આવવું પડશે. સુખ ચેનની જીંદગી જીવો રોટલી ખાવો નહીં તો મારી ગોળી છે જ. વડાપ્રધાન મોદી રોડ શો બાદ સભા સ્થળે પહોચ્યાં હતાં. જ્યાં તેમનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતાં. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૭૧માં થયેલા યુદ્ધ દરમિયાન રન વે બનાવનાર મહિલાઓએ મોદીના ઓવારણાં લીધા હતાં. ક્ચ્છ મોદીએ દેશની સુરક્ષાને વધુ મજબૂત બનાવી છે. ગુજરાતની પાણીની સમસ્યાને ભૂતકાળ બનાવી છે. રિન્યુએબલને એનર્જીને પ્રાધાન્ય આપ્યું છે. જ્યોતિગ્રામ યોજનાથી ઘરે ઘરે વીજળી પહોંચાડી છે. ઉર્જાના બિનપરંપરાગત સ્ત્રોતને પ્રાધાન્ય આપ્યુ છે. વડાપ્રધાન મોદીએ રિમોર્ટ કંટ્રોલથી ૫૩ હજાર કરોડના વિકાસ પ્રોજેક્ટોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.

વડાપ્રધાન ભુજ ખાતેથી કચ્છ, જામનગર, અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ, અમદાવાદ, તાપી અને મહિસાગર જિલ્લાને વિવિધ વિકાસકાર્યોની ભેટ આપી હતી. આ વિકાસકાર્યોમાં કંડલા પોર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સોલાર પ્લાન્ટ્સ, પાવર ટ્રાન્સમિશન અને માર્ગ મકાનના વિકાસકાર્યો સામેલ છે. તેઓ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, પાણી પુરવઠા વિભાગ, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ,પાવરગ્રીડ તેમજ દીનદયાલ પોર્ટ ઓથોરિટીના કુલ ૩૩ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યુ હતું. આજે૨૭ મેના રોજ ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ₹૫,૫૩૬ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ - ખાતમુહૂર્ત કરશે વડાપ્રધાનના હસ્તે રાજ્યના નાગરિકોની આરોગ્ય સુખાકારી વધારતા અંદાજીત રૂ. ૬૭૨ કરોડના આરોગ્ય પ્રકલ્પોની ભેટ મળશે, અમદાવાદ સિવિલ મેડિસીટીમાં ₹.૫૮૮ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ૧૮૦૦ બેડની હોસ્પિટલનું ઇ-ખાતમુહૂર્ત કરાશે.

ગાંધીનગર ખાતે ₹.૮૪ કરોડના ખર્ચે તૈયાર થયેલ યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરના(કાર્ડિયાક અને ન્યુરો કેર) સેટેલાઇટ સેન્ટરનું ઇ-લોકાર્પણ કરાશે, વડાપ્રધાનના હસ્તે રાજ્યના નાગરિકોને વિવિધ વિકાસકાર્યોની ભેટ મળનાર છે. આજે ૨૭મી મેના રોજ ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિરમાં આયોજિત વિશેષ કાર્યક્રમમાં વિવિધ વિભાગો હેઠળ ₹૫,૫૩૬ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત વડાપ્રધાનના હસ્તે કરવામાં આવશે.

### કર્નલ સોફિયા કુરેશીની માતા-ભાઈ થયા ભાવુક

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાત મુલાકાત દરમિયાન વડોદરામાં યોજાયેલા રોડ શોમાં કર્નલ સોફિયા કુરેશીનો પરિવાર પણ હાજર રહ્યો હતો. ઓપરેશન સિંદૂર બાદ પીએમ મોદીની આ પ્રથમ રાજ્ય મુલાકાત હતી, અને આ પ્રસંગે કર્નલ સોફિયાના પરિવારે ભાવુક થઈને તેમના પર ફૂલોનો વરસાદ કર્યો હતો. કર્નલ સોફિયાના ભાઈ સંજય કુરેશીએ જણાવ્યું કે, ''આ પહેલી વાર હતું જ્યારે અમે પ્રધાનમંત્રીને સામેથી જોયા. કર્નલ સોફિયાની માતા હલીમા કુરેશીએ ભાવુક થઈને જણાવ્યું હતું કે, ''અમે તેમનું ફૂલોથી સ્વાગત કર્યું. બધા એક સાથે તેમનું સ્વાગત કરી રહ્યા છે તે ખૂબ જ સારી વાત છે. તે આપણા દેશના વડાપ્રધાન છે, તેથી તેમનું સ્વાગત થવું જોઈએ. સોફિયા ફક્ત આપણી પુત્રી જ નહીં, પણ આપણા દેશની પુત્રી છે અને તેણે જે કંઈ કર્યું છે તે ખૂબ જ સારું છે અને આપણે તેને આગળ વધારવું જોઈએ.'' તેમના અવાજમાં પુત્રીની સિદ્ધિ અને દેશના વડાપ્રધાન પ્રત્યેનો આદર સ્પષ્ટપણે વર્તાઈ રહ્યો હતો.

### PM મોદીના બંદોબસ્ત દરમિયાન હોમગાર્ડના જવાનનું હાર્ટ-એટેકથી મોત

વડોદરામાં વડાપ્રધાન મોદીની મુલાકાત સમયે બંદોબસ્તમાં રહેલા હોમગાર્ડનું ઢળી પડ્યા બાદ મોત નીપજ્યું હતું. કિશનવાડી વિસ્તારમાં ફરજ બજાવી રહેલા હોમગાર્ડ જવાન નિતેશ જારિયાનું હાર્ટ-એટેકથી મોત થયુ છે. ઘટનાને પગલે પરિવારજનોએ હોસ્પિટલમાં ભારે આક્રંદ કર્યું હતું, સાથે પરિવારજનોએ આક્ષેપ કરતાં જણાવ્યું કે કિશનવાડીથી છેક સયાજી હોસ્પિટલમાં લઈ ગયા, નજીકની હોસ્પિટલમાં લઈ ગયા હોત તો બચી જાત. ઉલ્લેખનીય છે કે બે મહિલાને પણ કાર્યક્રમ દરમિયાન બેભાન થતાં સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાઈ છે.

### સિંદૂરનો છોડ વડાપ્રધાન આવાસમાં લાગશે

ભુજની સભામાં ૧૯૭૧ ની વીરાંગનાઓનું વડાપ્રધાને અભિવાદન કર્યું હતું. સામે મહિલાઓએ તેમના ઓવરણા લીધા હતા. ત્યારબાદ મોદીને માધાપરની મહિલાઓએ સિંદૂરનો છોડ આપ્યો હતો. જેના પ્રત્યુતરમાં કહ્યું હતું કે, આ સિંદૂરનો છોડ વડાપ્રધાન નિવાસમાં લગાવવામાં આવશે.

# માયાનગરી મુંબઈમાં મેઘો મંડાયો : રેલવેલાઈન-માર્ગો જળમગ્ન : જનજીવન પ્રભાવિત

## મુંબઈમાં 107 વર્ષનો, દિલ્હીમાં 125 વર્ષનો રેકોર્ડ બ્રેક વરસાદ

**સમય મિરર । નવી દિલ્હી**

કેરળમાં ચોમાસાની શરૂઆત બાદ અનેક રાજ્યોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. મુંબઈમાં ભારે વરસાદથી જનજીવન ખોરવાઈ ગયું છે અને હવામાન વિભાગે એલર્ટ જારી કર્યું છે. દિલ્હી-એનસીઆરમાં પણ વાવાઝોડા સાથે વરસાદ પડ્યો હતો, જેના કારણે ફ્લાઇટ્સ પર અસર પડી હતી. પૂર્વોત્તર રાજ્યો અને ગુજરાતમાં પણ વરસાદની આગાહી છે. કેરળમાં ભારે વરસાદને કારણે શાળાઓ બંધ રાખવામાં આવી છે.મુંબઈમાં મધ્યરાત્રિથી પડી રહેલા સતત વરસાદની અસર રેલ ટ્રાફિક પર પડી રહી છે. મધ્ય રેલવે, હાર્બર અને પશ્ચીમી રેલવેની લોકલ સેવાઓ પ્રભાવિત થઈ છે, જેના કારણે ઓફિસ જનારા મુસાફરો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. મધ્ય રેલવેની મુખ્ય લાઇન પર કલ્યાણ તરફ જતી ધીમી લોકલ ટ્રેનો ૫ મિનિટ મોડી ચાલી રહી છે, જ્યારે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (CSMT) તરફ આવતી ઝડપી લોકલ ટ્રેનોમાં સરેરાશ ૧૦ મિનિટનો વિલંબ નોંધાયો છે. ધીમી લોકલ સેવાઓ પણ સામાન્ય કરતા ૫ મિનિટ મોડી ચાલી રહી છે.

વરસાદને કારણે હાર્બર લાઇન સેવાઓ પણ ધીમી ગતિએ શરૂ થઈ છે. લોકલ ટ્રેનોમાં પણ ૫ મિનિટ સુધીનો વિલંબ જોવા મળી રહ્યો છે. મુંબઈના કુર્લા, વિદ્યા વિહાર, સાયન, દાદર અને પરેલ જેવા વિસ્તારોમાં હળવો થી મધ્યમ વરસાદ હજુ પણ ચાલુ છે. ભારતીય હવામાન વિભાગએ ચેતવણી આપી છે કે આગામી કેટલાક કલાકો સુધી મધ્યમ થી ભારે વરસાદ ચાલુ રહી શકે છે. આ કારણે, મુંબઈવાસીઓ સવારે ભીના થઈને પોતાનો દિવસ શરૂ કરી શકે છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે વરસાદની તીવ્રતા યથાવત રહી શકે છે અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ શકે છે. બીએમસીએ નાગરિકોને અપીલ કરી છે કે તેઓ ખૂબ જ જરૂરી હોય ત્યારે જ ઘરની બહાર નીકળે. ગઈકાલે રાત્રે પણ ભારે વરસાદને કારણે ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. વહીવટીતંત્રે પરિસ્થિતિ પર નજર રાખવાનું કહ્યું છે.



શનિવારે કેરળમાં ચોમાસાએ દસ્તક આપી હતી. ત્યારબાદ આના એક દિવસ પછી જ ચોમાસુ મહારાષ્ટ્રમાં પણ પહોંચ્યું હતું, જ્યાં ભારે વરસાદ પડ્યો હતો. રવિવાર અને સોમવારે રાત્રે મુંબઈમાં ભારે વરસાદ જોવા મળ્યો હતો, જેના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. શનિવારે મોડી રાત્રે રાજધાની દિલ્હી સહિત આસપાસના વિસ્તારોમાં વાવાઝોડા સાથે ભારે વરસાદ પડ્યો હતો. દિલ્હીમાં વિવિધ સ્થળોએ વળક્ષો ધરાશાયી થવા, ડાળીઓ તૂટવા, પાણી ભરાવા અને અનેક અંડરપાસમાં વાહનો ડૂબી જવાના બનાવો બન્યા હતા. વરસાદને કારણે ઘણી જગ્યાએ પાણી ભરાઈ ગયા છે. ઘણી જગ્યાએ ભારે વરસાદને કારણે ભારે ટ્રાફિક જામ પણ થયો હતો. ચોમાસા પહેલા પડેલા વરસાદે બધી વ્યવસ્થા ખુલ્લી કરી દીધી છે.

ભારત હવામાન વિભાગે જણાવ્યું હતું કે ૨૫ થી ૩૧ મે દરમિયાન આસામ, મેઘાલય, મણિપુર અને આસપાસના રાજ્યોમાં ભારે વરસાદની શકયતા છે. તે જ સમયે, ૨૮ થી ૩૧ મે દરમિયાન આ રાજ્યોમાં ભારેથી ખૂબ જ ભારે વરસાદ પડી શકે છે.

આજે સવારથી જ મુંબઈમાં ભારે વરસાદ ચાલુ થયો છે. ભારે વરસાદના કારણે હાલમાં જ ઉદઘાટન કરાયેલ વરલી અન્ડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશનમાં પાણી ભરાયું હતું. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે ૧ મેના રોજ જ તેનું ઉદઘાટન કર્યું હતું. મુંબઈમાં ભારે વરસાદ પડતા અનેક વિસ્તારમાં ૭-૮ કિમી લાંબો જામ સર્જાયો હતો. ૭૦થી ૮૦ કિમીની ઝડપે પવન ફૂંકાયો હતો. જેના કારણે ઘણાં ઝાડ પડી ગયાં હતા.

# મરજીથી પ્રેમ સંબંધ રાખનાર સગીરાને પોક્સોની સજાથી બચાવવા કેન્દ્ર કંઈક કરે : સુપ્રીમ

**સમય મિરર । નવી દિલ્હી**

સગીરો વચ્ચેના સંમતિના રોમેન્ટિક સંબંધોમાં પોક્સો કાયદા હેઠળ ગુનાહિત કાર્યવાહી હટાવવા અંગે વિચારવા સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યું છે. સુપ્રીમે કહ્યું હતું કે આ પ્રકારના મામલાઓમાં સગીરોને પોક્સોના કડક કાયદા હેઠળ જેલ જતા અટકાવવા માટે આ દિશામાં સરકારે વિચારવું જોઇએ. સાથે જ સુપ્રીમે કેન્દ્ર સરકારને વિદ્યાર્થીઓમાં સેક્સ એજ્યુકેશન અને રિપ્રોડક્ટિવ સ્વાસ્થ્ય શિક્ષણની દિશામાં એક નીતિ તૈયાર કરવા પણ કહ્યું છે.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ અભય એસ. ઓકા અને ન્યાયાધીશ ઉજ્જ્વલ ભુયાનની બેંચે કેન્દ્ર સરકારને નોટિસ પણ પાઠવી હતી અને મહિલા-બાળ વિકાસ વિભાગને આ મુદ્દે અભ્યાસ કરવા માટે નિષ્ણાતોની એક પેનલ રચવા પણ કહ્યું હતું. આ અંગે ૨૫મી જુલાઇ સુધી રિપોર્ટ જમા કરવા પણ કહ્યું હતું, જે બાદ હવે આ મામલે સુપ્રીમ કોર્ટ વધુ સુનાવણી કરશે. સુપ્રીમ કોર્ટમાં કલકત્તા હાઇકોર્ટના એક ચુકાદામાં કરાયેલા વાંધાજનક અવલોકનની સુઓમોટો સુનાવણી ચાલી રહી છે. આ ચુકાદામાં જજે મહિલાને શારીરિક ઇચ્છાને કાબુમાં રાખવાની સલાહ આપી હતી. આ સલાહને સુપ્રીમે વાંધાજનક ગણાવી હતી. જ્યારે પોક્સો કાયદા અંગે કેન્દ્ર સરકારને સલાહ આપતા સુપ્રીમે કહ્યું હતું કે યુવા વયના યુગલો પ્રેમ સંબંધમાં બંધાય છે તેમની સામે પોક્સો કાયદા હેઠળ ગુનાહિત કાર્યવાહી કરવાનું ટાળવું જોઇએ, કેમ કે આ કાયદો એવી રીતે તૈયાર કરાયો છે કે જેથી તે સગીરોને શોષણથી બચાવી શકાય. પશ્ચિમ બંગાળમાં પોક્સોનો એક વિચિત્ર કેસ સામે આવ્યો હતો, એક સગીરાએ ઘરેથી ભાગીને એક પુખ્ત વયના પુરૂષ સાથે લગ્ન કરી લીધા હતા, બાદમાં સગીરાના માતા પિતાએ પુરુષ સામે પોક્સોની ફરિયાદ કરી હતી, જેમાં કોર્ટે તેને ૨૦ વર્ષની સજા ફટકારી હતી, જોકે બાદમાં કલકત્તા હાઇકોર્ટે તેને છોડી મુક્યો હતો. જોકે છોડતી વખતે હાઇકોર્ટે એવુ અવલોકન કર્યું જેના પર સુપ્રીમનું ધ્યાન ગયું, ચુકાદો આપનાર જજે મહિલાને શારીરિક ઇચ્છાને કાબુમાં રાખવાની સલાહ આપી હતી. આ મામલાની સુપ્રીમે સુઓમોટો નોંધ લીધી હતી, તેની સુનાવણી દરમિયાન સુપ્રીમે કહ્યું હતું કે આ મામલામાં મહિલાને નથી લાગી રહ્યું કે તેની સાથે અત્યાચાર થયો છે.

## સૌથી વધુ કેરળમાં 430, મહારાષ્ટ્રમાં 209, દિલ્હીમાં 104 અને કર્ણાટકમાં 47 સક્રિય કેસ

# કોરોનાએ ફરી માથું ઉંચક્યું, ભારતમાં સક્રિય કેસનો આંકડો એક હજારને પાર

**સમય મિરર । નવી દિલ્હી**

ભારતમાં ફરી એકવાર કોરોનાએ માથું ઉંચકવાનું શરૂ કર્યું છે. કોરોના વાયરસ હવે ઝડપથી ફેલાવા લાગ્યો છે. દેશમાં કોવિડ ૧૯ના સક્રિય કેસોની સંખ્યા ૧૦૦૦ ને વટાવી ગઈ છે. કેરળથી કર્ણાટક અને મહારાષ્ટ્રથી દિલ્હી સુધી, કોરોનાના નવા આંકડા હવે ભયાનક છે. હા, દેશમાં ફરી એકવાર કોવિડ-૧૯ ના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા તાજેતરના આંકડા અનુસાર, ભારતમાં આ સમયે કુલ ૧૦૦૯ સક્રિય કોવિડ-૧૯ કેસ છે. આ વર્ષમાં પહેલી વાર છે જ્યારે દેશમાં કોરોનાના કેસ ૧૦૦૦ને વટાવી ગયા છે. કોરોનાએ ફરી મોઢું ફાડયું છે કેરળ, રાજસ્થાનમાં નવો વેરીએન્ટ કાળો કેર મચાવી રહયો છે લોકોને તકેદારી રાખવાની સલાહ આપવામાં આવી છે.

આરોગ્ય મંત્રાલયના ડેટા અનુસાર, ભારતમાં ૧૦૦૯ સક્રિય કેસમાંથી, તાજેતરમાં ૭૫૨ કેસ પ્રકાશમાં આવ્યા છે. આ સૂચવે છે કે કોરોના વાયરસ હવે ધીમે ધીમે મજબૂત રીતે પોતાના પગ ફેલાવી રહ્યો છે. આ કોરોના હજુ પણ સંપૂર્ણપણે ખતમ થયો નથી. તેનાથી બચવા માટે લોકોએ સાવચેત રહેવાની જરૂર છે. દિલ્હીમાં કોરોનાના કેસોએ સૌથી વધુ આશ્ચર્યચકિત કર્યા છે. અહીં કોરોના વાયરસના ૧૦૦ થી વધુ કેસ નોંધાયા છે.

કેરળ આ સમયે સૌથી વધુ કોરોના પ્રભાવિત રાજ્ય રહ્યું છે. કેરળમાં કોરોનાના ૪૩૦ સક્રિય કેસ નોંધાયા છે. આ પછી મહારાષ્ટ્રમાં ૨૦૯, દિલ્હીમાં ૧૦૪ અને કર્ણાટકમાં ૪૭ સક્રિય કેસ છે. આ રાજ્યોમાં આરોગ્ય વિભાગ દ્વારા દેખરેખ અને સારવારની પ્રક્રિયા ચાલી રહી છે.

જોકે, રાહતની વાત એ છે કે આંદામાન અને નિકોબાર, અરુણાચલ પ્રદેશ, આસામ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીર જેવા ઘણા રાજ્યોમાં હાલમાં કોઈ સક્રિય કોવિડ-૧૯ કેસ નોંધાયેલ નથી. જો કે, હવે બિહારમાં પણ કોરોનાના બે કેસ નોંધાયા છે. બીજી તરફ, જો આપણે કોવિડને કારણે થયેલા મૃત્યુની વાત કરીએ તો, મહારાષ્ટ્રમાં ૪, કેરળમાં ૨ અને કર્ણાટકમાં ૧ મૃત્યુ નોંધાયા છે. જો કે, આ સમયગાળા દરમિયાન ૩૦૫ લોકો કોરોનામાંથી સાજા પણ થયા છે.

નિષ્ણાતો માને છે કે આ સમય બેદરકાર રહેવાનો નથી. બદલાતા હવામાન અને તહેવારોની મોસમને ધ્યાનમાં રાખીને, લોકોને સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી છે. આરોગ્ય મંત્રાલયે લોકોને ભીડવાળી જગ્યાએ માસ્ક પહેરવાની અને લક્ષણો દેખાય તો તાત્કાલિક પરીક્ષણ કરાવવાની અપીલ કરી છે. દેશમાં પરિસ્થિતિ હાલમાં નિયંત્રણમાં છે, પરંતુ આરોગ્ય વિભાગ સતત દેખરેખ રાખી રહ્યું છે. સરકાર આગામી દિવસોમાં રસીકરણ અને દેખરેખને વધુ કડક બનાવવાની યોજના બનાવી રહી છે.

# બેંક વીમા કવચ 5થી વધારીને 10 લાખ કરવાની તૈયારી

## બેંક ફડચામાં જાય તો હવે 10 લાખ રૂપિયા સુધીની મૂડી વિમા કવચ હેઠળ સુરક્ષિત રહેશે

**સમય મિરર । મુંબઈ**

બેંક ખાતાઓમાં ૫ લાખ રૂપિયા સુધીની થાપણો ડિપોઝિટ ઇન્શ્યોરન્સ અને ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન (DICGC) પાસે સંપૂર્ણપણે સુરક્ષિત છે. પરંતુ જો કોઈના ખાતામાં આનાથી વધુ પૈસા જમા થાય તો તે પૈસા પરત મળતા નથી. હવે સમાચાર આવી રહ્યા છે કે સરકાર વીમા કવચમાં ૫ લાખ રૂપિયાનો વધારો કરવાની તૈયારી કરી રહી છે. બિઝનેસ સ્ટાન્ડર્ડમાં પ્રકાશિત સમાચાર અનુસાર, આ મર્યાદા ૫ લાખ રૂપિયાથી વધારીને ૧૦ લાખ રૂપિયા કરવાની તૈયારી ચાલી રહી છે.

છેલ્લા એક વર્ષ દરમિયાન, ઘણી બેંકોને નાણાકીય કટોકટીનો સામનો કરવો પડ્યો હતો. RBI એ કેટલીક બેંકોને બંધ કરવાનો



નિર્ણય લીધો કારણ કે તેમની પાસે પૂરતા ભંડોળ ન હતું. જ્યારે કોઈ બેંક બંધ થાય છે, ત્યારે જે લોકોએ તેમાં પૈસા જમા કરાવ્યા છે તેઓ ઘણીવાર ચિંતામાં મુકાઈ જાય છે. આમાં ઘણા લોકોને નુકસાન પણ થાય છે. લોકો ચિંતિત છે કે તેમના ખાતામાં જમા થયેલા પૈસાનું શું થશે? આવી કોઈપણ સમસ્યામાંથી રાહત મેળવવા માટે, બેંક થાપણોનો વીમો લેવામાં આવે છે.


બેંક ડિપોઝિટ વીમો એક પ્રકારની ગેરંટી છે. આનો અર્થ એ થયો કે જો કોઈ બેંક ફડચામાં જાય છે, તો તમારી બેંકમાં જમા કરાયેલા પૈસાની એક નિશ્ચીત રકમ સુરક્ષિત રહેશે અને તમને તે પાછી મળશે. અત્યાર સુધી, આ વીમાનો લાભ ૫ લાખ રૂપિયા સુધીની થાપણો પર ઉપલબ્ધ હતો. આ પાંચ વર્ષ પહેલાં નક્કી થયું હતું. આનો સીધો અર્થ એ છે કે જો તમે બેંકમાં ૫ લાખ રૂપિયા કે તેથી વધુ રકમ જમા કરાવી હોય અને બેંક નાદાર થઈ જાય, તો તમને ઓછામાં ઓછા ૫ લાખ રૂપિયા ચોક્કસપણે પાછા મળશે.

એક અધિકારીએ જણાવ્યું છે કે સરકાર આગામી છ મહિનામાં આ વીમાની મર્યાદા વધારવાનું વિચારી રહી છે. જોકે, નવી મર્યાદા કેટલી વધારવામાં આવશે તે હજુ સુધી નક્કી કરવામાં આવ્યું નથી. પરંતુ અધિકારીએ સ્પષ્ટપણે સંકેત આપ્યો કે આ મર્યાદા ૧૦ લાખ રૂપિયા સુધીની રહેશે. આનો અર્થ એ થયો કે જો ભવિષ્યમાં કોઈ બેંક નાદાર થાય તો તમે ૧૦ લાખ રૂપિયાથી વધુની રકમ સુરક્ષિત રીતે મેળવી શકશો.

આ વીમો ડિપોઝિટ ઈન્શ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન નામની સંસ્થા તરફથી આપવામાં આવે છે. તેની અંદર તમામ પ્રકારના ડિપોઝિટ એકાઉન્ટ આવે છે. આ ઈન્શ્યોરન્સ હેઠળ સેવિંગ એકાઉન્ટ કરંટ એકાઉન્ટ અને કસ્ટમર તરફથી કોમર્શિયલ અને સહકારી બેંકોમાં રાખવામાં આવેલા તમામ પ્રકારના જમા સામેલ થાય છે.

## ધ વર્લ્ડ એરાઉન્ડ

# યુ ટ્યુબર જ્યોતિ મલ્હોત્રા પાકિસ્તાની જાસૂસ હોવાના ડિજિટલ પુરાવા મળ્યા



**નવી દિલ્હી :** પહલગામ આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર ધરપકડ કરવામાં આવેલી જ્યોતિ મલ્હોત્રાના મોબાઈલ ફોન અને ઈલેક્ટ્રોનિક ગેજેટ્સમાંથી મહત્ત્વનો ખુલાસો થયો છે. ડિજિટલ ફોરેન્સિક તપાસમાં તે પાકિસ્તાનના ISI સાથે જોડાયેલી હોવાનો ખુલાસો થયો છે. તે ISI દ્વારા બનાવવામાં આવેલી યોજનામાં એસેટ હતી. હિસાર પોલીસે જ્યોતિના મોબાઈલ અને લેપટોપમાંથી 12TBનો ડિજિટલ ફોરેન્સિક ડેટા રિકવર કર્યો છે. પોલીસે હાલ ધરપકડની માગ કરી નથી. તે તમામ ડિજિટલ પુરાવાઓની ઊંડાણપૂર્વક તપાસ કરશે. પ્રારંભિક ડેટામાં જ્યોતિના ખાતામાં શંકાસ્પદ મની ટ્રેલની જાણ થઈ છે. જ્યોતિ ચાર PIOsના સંપર્કમાં હતી. તેના વિશે જ્યોતિ જાણતી હતી. ડિજિટલ ડેટામાં કોઈ ગ્રૂપ ચેટ જોવા મળી નથી. માત્ર વન-ઑન-વન વાતચીતના પુરાવા મળ્યા છે. પહેલી વાર પાકિસ્તાનની મુલાકાત લીધા બાદ જ્યોતિને સ્પેશ્ચિલ વિઝા અને ISI અને પાકિસ્તાન ગૃહ મંત્રાલયની મંજૂરીથી સુરક્ષા મળી હતી. સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સને લાલચ આપી જાસૂસ બનાવવાનું ષડયંત્ર રચે છે. તેમણે જ્યોતિને પણ લાલચ, વીઆઈપી સુવિધાઓ આપી જાસૂસ બનાવી હોવાની આશંકા છે. તેના પાકિસ્તાન પ્રવાસના વીડિયો બાદ ફોલોઅર્સ અને વ્યૂજમાં અચાનક વૃદ્ધિ આવી હતી. જ્યોતિના ડિજિટલ ડેટાના પુરાવાઓ તે જાસૂસ હોવાની ખાતરી કરી રહ્યા છે. તે PIOsના ઈશારાઓ પર કામ કરી રહી હતી, જેથી તેને વ્યક્તિગત લાભ મળી શકે. ઉલ્લેખનીય છે કે, હિસાર પોલીસને અત્યારસુધી સંવેદનશીલ માહિતી લીક કરી હોવાના પુરાવા મળ્યા નથી. જ્યોતિને મળનારા ફંડનો સ્રોત જાણવા તપાસ ચાલુ છે.

# ભારત-કેનેડા વચ્ચે ફરી મુક્ત વેપાર કરાર શરૂ થવાના સંજોગો સર્જાયા

**નવી દિલ્હી :** ભારત અને કેનેડા વચ્ચે છેલ્લા બે વર્ષોથી સંબંધોમાં પડેલી તિરાડ હવે દૂર થવાનો આશાવાદ વ્યક્ત થઈ રહ્યો છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે આ સંકેત આપ્યો છે. તેમણે બંને દેશો ટૂંકસમયમાં પોતાના સંબંધોમાં સુધારો કરવાના પ્રયાસ શરૂ કરશે તેવી શક્યતાઓ જણાવી છે. જયશંકરે રવિવારે મોડી રાત્રે કેનેડાના નવા વિદેશ મંત્રી અનિતા આનંદ સાથે ટેલિફોનિક વાર્તાલાપ કર્યો હતો. બંને વચ્ચે વાર્તાલાપ સકારાત્મક રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. બંને વિદેશ મંત્રીએ આર્થિક સહયોગ પર ચર્ચા કરી હતી. કેનેડામાં હાલમાં જ માર્ક કાર્નિના નેતૃત્વ હેઠળ નવી સરકાર બની છે. નવી સરકાર ભારત સાથે સંબંધો સુધારવાનો પ્રયાસ કરતી જોવા મળી છે. તે પૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો દ્વારા ભારત વિરોધી નિવેદનો મારફત સંબંધોમાં આવેલી તિરાડ પૂરવાનું વલણ દર્શાવી રહી છે. ઉલ્લેખનીય છે, બંને દેશોના વિદેશ મંત્રીએ ફેબ્રુઆરી, ૨૦૨૪ બાદ પ્રથમ વખત બેઠક કરી છે. મીડિયા રિપોર્ટ અનુસાર, બંને દેશો વચ્ચે લાંબા સમય બાદ ચર્ચાઓ સંકેત આપી રહી છે કે, બંને સરકાર વચ્ચે ફરી મુક્ત વેપાર કરાર (એફટીએ) શરૂ થઈ શકે છે. જયશંકરે જણાવ્યું હતું કે, બંને દેશો આર્થિક સંબધો વધારવા ભાગીદારી કરી શકે છે. અનિતા આનંદ સાથે વાતચીત કર્યા બાદ જયશંકરે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, કેનેડાના વિદેશ મંત્રી સાથે થયેલો વાર્તાલાપ પ્રશંસનીય રહ્યો છે. અમે ભારત-કેનેડાના સંબંધોની ભાવિ સંભાવનાઓ વિશે વાત કરી છે. મેં તેમને સફળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. બંને દેશો આર્થિક સંબંધોને વેગ આપવા અને ભાગીદારી કરવા પ્રાધાન્ય આપવા ઉત્સુક છે. આનંદે પણ આર્થિક સહયોગની વાત કરી છે. ભારત અને કેનેડા વચ્ચે ૨૦૨૩થી સંબંધોમાં તિરાડ પડી હતી. પૂર્વ વડાપ્રધાન ટ્રુડોએ કેનેડામાં રહેતાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યાનો આરોપ ભારતની સરકારી એજન્સીઓ પર મૂક્યો હતો. તેમજ ભારત વિરૂદ્ધ નિવેદનો આપ્યા હતાં. વધુમાં ભારત-કેનેડા વચ્ચેના આર્થિક સંબંધોમાં પણ લગામ મૂકી હતી. જો કે, આ આરોપો હેઠળ કેનેડાએ અત્યારસુધી ભારત વિરૂદ્ધ કોઈ પુરાવા રજૂ કર્યા નથી. બંને દેશોએ એક-બીજાના હાઈ કમિશનરને હાંકી કાઢ્યા હતાં. ભારતે કેનેડા દ્વારા મૂકવામાં આવેલા તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા હતાં. ભારતે આક્ષેપ કર્યો હતો કે, ટ્રુડોએ પોતાના રાજકીય હિતો માટે ભારત સાથે સંબંધો બગાડ્યા છે. જેના લીધે એફટીએ મીટિંગ સ્થગિત થઈ હતી.

# ટ્રમ્પ એકના બે ન થયા : હાર્વર્ડ યુનિ.ને એક ફદિયાનું'ય ભંડોળ આપવાની ઘસીને ના

**નવી દિલ્હી :** અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એક વખત હાર્વર્ડ યુનિવર્સિટી પર હુમલો કર્યો છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે હાર્વર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહેલા લગભગ ૩૧ ટકા વિદ્યાર્થીઓ વિદેશી છે અને હાર્વર્ડ આ વિદ્યાર્થીઓની વિગતો આપવાનો ઈનકાર કરે છે. સરકાર તેમને અબજો ડોલરનું ભંડોળ આપે છે. તો તેમણે જવાબ આપવો જોઈએ. આ સાથે ટ્રમ્પે દાવો કર્યો છે કે હાર્વર્ડ પાસે ૫.૨૦ કરોડ ડોલરનું ભંડોળ છે. યુનિવર્સિટી તેનો ઉપયોગ કરી શકે છે. ફેડરલ સરકારને તમને ભંડોળ આપવાની કોઈ જરૂર નથી. ટ્રમ્પ સરકારે હાર્વર્ડ યુનિવર્સિટીને વિદેશી વિદ્યાર્થીઓને પ્રવેશ આપતા રોકી દીધી હતી. દુનિયાની ટોચની સંસ્થાઓમાંથી એક હાર્વર્ડે ટ્રમ્પ સરકારના આ નિર્ણયને ગેરકાયદે ગણાવતા કોર્ટમાં પડકાર્યો હતો. કોર્ટે ટ્રમ્પ સરકારના નિર્ણય પર સ્ટે મૂકી દીધો હતો. જોકે હવે ફરી એક વખત ટ્રમ્પે હાર્વર્ડમાં વિદેશી વિદ્યાર્થીઓના પ્રવેશને રોકવાના તેમના નિર્ણયનો બચાવ કર્યો છે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર હાર્વર્ડ સામે અનેક સવાલ ઊઠાવ્યા છે. ટ્રમ્પે લખ્યું કે, હાર્વર્ડમાં અભ્યાસ કરનારા લગભગ ૩૧ ટકા વિદ્યાર્થી વિદેશી છે અને યુનિવર્સિટી આ વિદ્યાર્થીઓની માહિતી આપવામાં ટાળમટોળ કરી રહી છે. હાર્વર્ડ કેમ નથી કહેતી કે તેના લગભગ ૩૧ ટકા વિદ્યાર્થી વિદેશી છે, જેમાંથી કેટલાક તો અમેરિકાના મિત્ર દેશો પણ નથી. આ દેશો પોતાના વિદ્યાર્થીઓના શિક્ષણ માટે કોઈ ચૂકવણી નથી કરી રહ્યા તો અમેરિકા શા માટે તેમની પાછળ નાણાં ખર્ચે. તેમણે વધુમાં લખ્યું કે, અમે જાણવા માગીએ છીએ કે હાર્વર્ડમાં અભ્યાસ કરતા વિદેશી વિદ્યાર્થીઓ કોણ છે. આ એક યોગ્ય સવાલ છે, કારણ કે અમે હાર્વર્ડને અબજો ડોલરની સહાય કરીએ છીએ. અમે એ વિદ્યાર્થીઓના નામ અને દેશોના નામ જાણવા માગીએ છીએ. તેમણે ઉમેર્યું કે હાર્વર્ડ પાસે ૫.૨૦ કરોડ ડોલર (અંદાજે રૂ. ૪ અબજથી વધુ)નું ભંડોળ છે. યુનિવર્સિટી તેનો ઉપયોગ કરે અને ફેડરલ સરકારને તેમને ભંડોળ આપવાનું ચાલુ રાખવાનું ના કહે. ટ્રમ્પ સરકારે અગાઉ હાર્વર્ડ માટેનું ૨.૨ અબજ ડોલરનું ફેડરલ દાન અને ૪૫ કરોડ ડોલરનું વધારાનું ભંડોળ ફ્રીઝ કરી દીધું છે.

## ઉતાવળે

- વૈષ્ણોદેવી તીર્થ સ્થાનમાં યાત્રીઓ વધ્યા પણ વેપારીઓ હજુ પણ નિરાશ
- ઓપરેશન સિંદૂરથી સંઘર્ષ વિરામ પર મહત્વની જાણકારી આપતા વિદેશમંત્રી એસ. જયશંકર : કહ્યું પાક. હુમલા કરશે તો જડબાતોડ જવાબ મળશે
- રિસર્ચ માટે ફેડરલ ફંડિંગમાં ધરખમ ઘટાડો કરતા અમેરિકન વૈજ્ઞાનિકો દેશ છોડી જતાં રહે તેવી આશંકા
- MP બાદ હવે UPમાં પણ ભાજપ નેતાનો મહિલા સાથેનો કથિત વીડિયો વાયરલ, પક્ષે ૭ દિવસમાં સ્પષ્ટતા કરવાની નોટિસ ફટકારી
- બોલો લ્યો... છે કઈ શરમ? ભારત પર લશ્કરી કાર્યવાહીનો ફોટો દર્શાવીને પાક. આર્મી ચીફ અસીમ મુનીરે વડાપ્રધાનને ચાર વર્ષ જૂનો ચીની લશ્કરી કવાયતની ફોટોફ્રેમ બટકાવી દીધી
- પી.એમ.ને મળ્યા બાદ નીતિશ કુમાર સીધા પાર્ટી ઓફિસે પહોંચતા બિહારના રાજકારણમાં ગરમાવો

# સાઉદી અરેબિયામાં ટુરિઝમ વધારવા હવે દારૂના વેચાણની છૂટ : ૭૩ વર્ષ જૂનો કાયદો બદલાયો

**સમય મિરર | નવી દિલ્હી**



કેટલાક દેશો એવા છે જ્યાં દારૂ પર સંપૂર્ણપણે પ્રતિબંધ છે. અને ત્યાં દારૂના સેવન કે વેચાણ બદલ કડક સજાની જોગવાઈ પણ છે. મોટા-ભાગના ઈસ્લામિક દેશોમાં આવા નિયમો બનાવવામાં આવ્યા છે. હવે આવા જ એક મુસ્લિમ દેશે દારૂ પરનો પ્રતિબંધ હટાવવાનો મોટો નિર્ણય લીધો છે.

હવે સાઉદી અરેબિયાએ લગભગ ૭૩ વર્ષ બાદ દારૂ પરનો પ્રતિબંધ હટાવી લીધો છે. આ એક મોટો નિર્ણય ગણાવાઈ રહ્યો છે. સાઉદી સતત પોતાના કડક કાયદામાં ફેરફાર કરી રહ્યું છે અને પ્રવાસનને કમાણીની મોટી તક બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ નિર્ણય પણ આ ક્રમમાં લેવ-ામાં આવ્યો છે. જો કે, સાઉદીના લોકો માટે હજુ પણ દારૂ સામે પ્રતિબંધ રહેશે. ભારત કે અન્ય કોઈ દેશની જેમ સાઉદીમાં પણ તમે દારૂની દુકાનમાં જઈને દારૂ નહીં ખરીદી શકો આ વ્યવસ્થા અહીં માત્ર ટુરિસ્ટ માટે જ કરવામાં આવી છે. ઘરમાં દારૂ રાખવા અને બજારમાં વેચવા સામે હજુ પણ પ્રતિબંધ છે. તેના માટે લાઈસન્સ આપવામાં આવશે, જેથી મોટા ટુરિઝમ પ્રોજેક્ટ્સમાં દારૂ પીરસવામાં આવી શકે છે. એનો અર્થ એ કે જો તમે કોઈપણ વિદેશી દેશમ-ાંથી સાઉદી જાઓ છો, તો તમને દારૂ પીવા માટે મળી શકે છે. સાઉદી અરેબિયામાં માત્ર ઓછા પ્રમાણમાં આલ્કોહોલ વાળો દારૂ જ મળશે. તેનો અર્થ એ કે તમે બિયર અથવા વોડકા જેવા ડ્રિંક પી શકો છો. ૨૦%થી વધુ આલ્કોહોલ ધરાવતા ડ્રિંક પર સંપૂર્ણપણે પ્રતિબંધ છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે દેશમાં લગભગ ૬૦૦ સ્થળોએ આ દારૂ મળશે. વિશ્વમાં ઘણા દેશો એવા છે જ્યાં આજે પણ દારૂ પર સંપૂર્ણપણે પ્રતિબંધ છે. તેમાં બ્રુનેઈ, સોમાલિયા, ઈરાન, લીબિયા, કુવૈત જેવા દેશો સામેલ છે. આ ઉપરાંત, પાડોસી દેશ પાકિસ્તાનમાં પણ દારૂ પર ઘણા પ્રતિબંધો છે. એટલે કે મોટા ભાગના મુસ્લિમ દેશો જ એવા છે જેમણે ધર્મના આધારે દારૂ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂક્યો છે. જોકે, કેટલાક દેશો હવે પ્રવાસનને ધ્યાનમાં રાખીને આ નિયમોમાં થોડી છૂટછાટ આપી રહ્યા છે.

# ઝાંસી નજીકના નાનકડા ગામની શાળામાં AI રોબોટ ટીચર બાળકોને જણાવે છે

**સમય મિરર | ઝાંસી**

ઝાંસીથી લગભગ ૮૦ કિ.મી.ના અંતરે આવેલાં રાજાપુર ગામની 'કમ્પોઝિટ સ્કૂલ'માં મેડમ સુમનને જોડાયાને હજી એક મહિનો જ થયો છે, પરંતુ તેઓ સ્કૂલનાં ૧૩૦ વિદ્યાર્થીઓ (ધોરણ ૧ થી ૮) માટે સૌથી વધુ પસંદગીની શિક્ષિકા બની ચૂકી છે.

તેઓ આટલા ખાસ કેમ છે ? કારણ કે તે અંગ્રેજી અને હિન્દી બંનેમાં ભણાવી શકે છે, ગણિતનાં પ્રશ્નો સરળતાથી સમજાવે છે, અને ઇતિહાસ અને ભૂગોળ જેવાં વિષયોને મનોરંજક પણ બનાવે છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, તે ક્યારેય ગુસ્સે થતી નથી, ક્યારેય થાકતી નથી કેમ કે, મેડમ સુમન માણસ નથી, તેઓ 'એઆઈ રોબોટ ટીચર' છે - જેનું શરીર એક પૂતળાં જેવું છે પરંતુ મગજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું છે. બાળકોનાં માતા-પિતા પણ આ નવતર પ્રયોગથી ખૂબ જ ખુશ છે. બે બાળકોનાં પિતા રવિ પ્રકાશ કહે છે, ''મારા બાળકો હવે ખૂબ જ આનંદથી ભણી રહ્યાં છે અને દરરોજ કંઈક નવું શીખી રહ્યાં છે.

જ્યારે 'એઆઈ' 'મેડમ' ક્લાસ લે છે, ત્યારે વિષય કોઈપણ હોઈ શકે છે. સાડીમાં સજ્જ થઈને, ખુરશીમાં બેઠાં બેઠાં મેડમ સુમન તરત જ બાળકોનાં દરેક સવાલનો જવાબ આપી દે છે - તેમને રજાની જરૂર નથી, લંચ બ્રેકની જરૂર નથી. આ એઆઈ શિક્ષકના સર્જક મોહનલાલ સુમન છે, જેઓ આ શાળાનાં શિક્ષક છે. ''પહેલાં બાળકોની હાજરી ૬૦-૬૫ ટકા હતી. હવે બધા બાળકો જાતે જ આવી રહ્યાં છે. ધોરણ ૮નો વિદ્યાર્થી નીતેશ કહે છે, ''મેડમ ક્યારેય થાકતા નથી. સવાલ ગમે તે હોય, જવાબ મળી જાય છે. એ.આઈ. મેડમ એ મોહનલાલ સુમનની પહેલી નવીનતા નથી. કોવિડ-૧૯ના સમયે તેમણે 'કૌન બનેગા લોકડાઉન જીનિયસ' નામનું ઓનલાઇન પ્લેટફોર્મ બનાવ્યું હતું, જે સતત ૨૨૨ દિવસ સુધી ચાલ્યું હતું અને આ માટે તેમને શિક્ષણમંત્રી તરફથી રાષ્ટ્રીય એવોર્ડ પણ મળ્યો હતો. સરકારી શાળાઓમાં શિક્ષકોને અભ્યાસ ઉપરાંત બીજા ઘણા કામો આપવામાં આવે છે, જે અભ્યાસને અસર કરે છે. મોહનલાલે લાકડામાંથી પાંચ ફૂટનું માળખું બનાવ્યું, ચહેરા માટે પૂતળાનો ઉપયોગ કર્યો અને ગૂગલના એઆઈ સહાયક 'જેમિની' ઉમેર્યું.

મોટર લગાવીને તેણે આંખો, હોઠ અને માથાની હિલચાલ શરૂ કરી. આ મોડલને માત્ર ૨૦૦૦ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું હતું. ભવિષ્યમાં તે આ રોબોટને ચાલવા અને હાથ-પગ હલાવવા માટે સક્ષમ બનાવવા માંગે છે.

# યુએસના સાઉથ કેરોલિનામાં અંધાધૂંધ ફાયરિંગ કરી હુમલાખોર ફરાર : ૧૧ની હાલત ગંભીર

**સમય મિરર | નવી દિલ્હી**



અમેરિકામાં રવિવારે રાત્રે અચાનક અંધાધૂંધ ગોળીબાર થતાં ૧૧ લોકો ગંભીર રૂપે ઈજાગ્રસ્ત થયા હતાં. સાઉથ કેરોલિનાના બીચ ટાઉનમાં આ ઘટના બની હતી. આ ઘટનાના ૯૦ મિનિટ બાદ પોલીસે વિસ્તારમાં ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ગોઠવ્યો હતો. હુમલાખોર ઘટનાને અંજામ આપી ફરાર થઈ ગયાની માહિતી મળી રહી છે.

હોરી કાઉન્ટી પોલીસે જણાવ્યા પ્રમાણે, લીટલ રિવરમાં રવિવારે રાત્રે ૯.૩૦ વાગ્યે આ દુર્ઘટના બની હતી. મોટાભાગના ઈજાગ્રસ્તો ખાનગી વાહનોમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. જો કે, પોલીસે અંધાધૂધ ગોળીબારમાં ઘાયલોની સ્થિતિ વિશે કોઈ માહિતી આપી ન હતી.

ઓથોરિટીએ હજી સુધી આ હુમલાના શંકાસ્પદ આરોપી વિશે જાણકારી આપી નથી. આ ગોળીબાર એક વ્યક્તિ દ્વારા કરવામાં આવ્યો હતો કે, પછી વધુ હુમલા-ખોરો સામેલ હોવાની પણ હાલ જાણકારી મળી નથી.

હુમલા પાછળનું કારણ પણ જાણી શકાયુ નથી. ઈન્ટ્રાકોસ્ટલ વોટરવે નજીક રહેણાંક વિસ્તારમાં ગોળીબાર થયો હતો. વીડિયો ફૂટેજમાં વિસ્તારમાં ડઝનથી વધુ પોલીસ તૈનાત થઈ છે. મોટી સંખ્યામાં એમ્બ્યુલન્સ પણ જોવા મળી હતી.

# પાકિસ્તાનમાં કોઈપણ એવી ગેરસમજ ન રાખે કે ભારત પર હુમલો કર્યા બાદ બચી જશે : કોંગી સાંસદ થરૂર

**સમય મિરર | નવી દિલ્હી**



ભારતે પાકિસ્તાનને ખુલ્લું પાડવા દુનિયાના દરેક ખૂણામાં સર્વપક્ષીય પ્રતિનિધિ મંડળો મોકલ્યાં છે, તેમાંનું એક જૂથ શશી થરૂરના નેતૃત્વમાં અમેરિકા પહોંચ્યું છે. થરૂરે અમેરિકનોને કહ્યું કે, ભારતે પાકિસ્તાન સાથે શાંતિ સ્થાપિત કરવા અનેક પ્રયત્નો કર્યા છે, પરંતુ પાકિસ્તાન આતંકીઓને છાવરી રહ્યું છે. જોકે, પાકિસ્તાનમાં બેઠેલી કોઈપણ વ્યક્તિએ એ ગેરસમજ ના રાખવી જોઈએ કે તે ભારતમાં હુમલો કરીને બચી જશે. આવું કરનારા આતંકીઓએ તેની કિંમત ચૂકવવી પડશે. પાકિસ્તાનના કોઈપણ ખૂણામાં તે સુરક્ષિત નહીં રહે.

કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે રવિ-વારે સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ સાથે ન્યૂયોર્કમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર પાસે ૯/૧૧ મેમોરિયલ પર સફેદ ગુલાબ સાથે ૯-૧૧ના આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલી આપી હતી. આ સાથે તેમણે કહ્યું કે અમેરિકાએ ૯-૧૧ના આતંકી હુમલામાં જે સહન કર્યું છે તે આતંકવાદની પીડા અમે અનેક વખત સહન કરી છે. આતંકવાદ સામે લડવા માટે આખી દુનિયાએ એક થવું જોઈએ.

પહલગામમાં આતંકી હુમલામાં હિન્દુઓની નામ પૂછીને હત્યા કરવાના જઘન્ય ગુના મુદ્દે ઓપરેશન સિંદૂર હેઠળ ભારતની સૈન્ય કાર્યવાહી અંગે પ્રતિક્રિયા આપતા થરૂરે જણાવ્યું હતું કે, 'તમે બધા જાણો જ છો કે, હું સરકાર વતી કામ નથી કરતો, હું એક વિપક્ષી પાર્ટી માટે કામ કરુ છું. પરંતુ મેં પોતે જ એક 'ઓપ-એડ' (એડીટોરિયલ પેઈજની સામેનું પાનું)માં લખ્યું હતું કે, હવે પ્રહાર કરવાનો સમય આવી ગયો છે. આ પ્રહાર હોંશિયારીથી કરવો જોઈએ.' મને તે જાણીને આનંદ થયો કે ભારતે તે પ્રમાણે જ કર્યું છે.

પહલગામમાં આતંકી હુમલા પાછળના ઉદ્દેશ્ય અંગે થરૂરે કહ્યું કે, તેમનો ઈરાદો ભારતમાં હિન્દુ-મુસ્લિમોમાં વિભાજન કરાવવાનો હતો. ભારત સરકારે ૯ વિશેષ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ઓળખી કઢાયેલા આતંકવાદી સ્થળો, આતંકવાદી સંગઠનોના મુખ્યાલયો અને આતંકીઓના લોન્ચ-પેડ્સ પર તિક્ષ્ણ અને ગણતરી પૂર્વકના હુમલા કર્યા. પઠાણકોટ હુમલાને યાદ કરતા કોંગ્રેસ સાંસદ થરૂરે કહ્યું, 'જાન્યુઆરી ૨૦૧૬માં પઠાણકોટ એરબેઝ પર હુમલો થયો ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આશ્ચર્ય થયું હતું, કારણ કે બે મહિના પહેલાં જ તેમણે પાકિસ્તાનની અચાનક મુલાકાત લઈને શાંતિનો સંદેશો આપ્યો હતો. ત્યાર પછી પણ પીએમ મોદીએ તેમને તપાસમાં જોડાવા આમંત્રણ આપ્યું. તેઓ આવ્યા, એરબેઝની મુલાકાત લીધી અને પાછા જતા રહ્યા અને કહ્યું આ બધું ભારતીયોએ પોતે જ કર્યું છે. તેમણે ઉમેર્યું કે, પાકિસ્તાન સુધર-વાનું નામ લેતું નથી. પાકિસ્તાન આતંકવાદીઓ માટે તે 'આશ્રય સ્થાન' બની ગયું છે. આથી અમે કહ્યું, તમે આ જ કરતા રહેશો, તો તમને ઓપરેશન સિંદૂર જેવો જવાબ મળશે.

# પાકિસ્તાનને પરમાણુ હથિયારો વધારવામાં ડ્રેગન કરશે મદદ : અમેરિકાની DIAનો રિપોર્ટ

**ભારત સાથે વણસેલા સંબંધ અને બલુચ વિદ્રોહને કારણે પાક.ની સતર્કતા વધી**

**સમય મિરર | નવી દિલ્હી**

અમેરિકી સંરક્ષણ ગુપ્ત એજન્સી (ડીઆઇએ)એ વિશ્વવ્યાપી ખતરાનું આંકલન કરતો વર્ષ ૨૦૨૫નો રિપોર્ટ બહાર પાડયો છે. ૧૧ મે ૨૦૨૫ની વિશ્વની સ્થિતિને ધ્યાનમાં રાખી તૈયાર થયેલા આ રિપોર્ટમાં વિશ્વભરના મોટા દેશોને આવરી લેવાયા છે. જેમાં ચીન, પાકિસ્તાન, રશિયા વિષે વિસ્તારથી જણાવાયું છે. રિપોર્ટમાં દાવો કરાયો છે કે પાકિસ્તાન હાલ પોતાના પરમાણુ હથિયારોને વધુ આધુનિક બનાવવા, સરહદે ભારત સાથે તંગદીલી વધારવા અને ચીન પાસેથી સૈન્ય મદદ લેવાના પ્રયાસો કરી રહ્યું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૦મી મેના રોજ શસ્ત્ર વિરામ જાહેર કરાયો હતો, જે બાદ આ રિપોર્ટ તૈયાર કરાયો હતો. અમેરિકાના આ રિપોર્ટમાં વધુમાં ખુલાસો કરાયો છે કે ચીન પાસે હાલ ૬૦૦ જેટલા પરમાણુ હથિયારો છે અને વર્ષ ૨૦૩૦ સુધીમાં આ સંખ્યા વધીને ૧૦૦૦ને પાર પહોંચી શકે છે. એટલે કે ચીન ન માત્ર પાકિસ્તાનને પરમાણુ હથિયારો વધારવામાં મદદ કરી રહ્યું છે સાથે જ અત્યંત ગુપ્ત રીતે પોતાના પરમાણુ હથિયારો પણ ઝડપથી વધારી રહ્યું છે. જે ભારત માટે ખતરો ઉભો કરી શકે છે.



રિપોર્ટમાં જણાવાયું છે કે પાકિસ્તાની સૈન્ય આગામી વર્ષે સરહદે ઘર્ષણ, પરમાણુ હથિયારોને વધુ આધુનિક અને ટેક્નોલોજી સક્ષમ બનાવવા સક્રિય થઇ ગઇ છે. પાકિસ્તાની સૈન્ય અને સરકાર ભારતને પોતાના અસ્તિત્વ સામે મોટો ખતરો માને છે. પાકિસ્તાનમાં બલુચિસ્તાનના બળવાખોરોના હુમલાને કારણે પણ પાક. વધુ સતર્ક થઇ ગયું છે. જ્યારે ચીન અંગે પણ ખતરાની ઘંટડી સમાન રિપોર્ટ સામે આવ્યો છે. જેમાં જણાવાયું છે કે ચીન દિવસે ને દિવસે પોતાની પરમાણુ ક્ષમતા વધારી રહ્યું છે અને પરમાણુ હથિયારોની સંખ્યા એક હજારને પાર પહોંચી શકે છે.

ભારતના ઓપરેશન સિંદૂરની સફળતા બાદ પાકિસ્તાન, ચીન અને અફઘાનિસ્તાન એક થઇ ગયા છે. ભારતીય સૈન્યની કાર્યવાહીથી ડરેલુ પાકિસ્તાન હવે પરમાણુ ક્ષમતા વધારવા હવાતીયા મારી રહ્યું છે. જોકે આર્થિક રીતે પાયમાલ પાકિસ્તાન આ માટે ચીન પર નિર્ભર રહેશે.

# દિલ્હીમાંથી પાકિસ્તાની માટે જાસૂસી કરતો CRPFનો જવાન ઝડપાયો




**સમય મિરર | નવી દિલ્હી**

રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)એ જાસૂસીના આરોપસર દિલ્હીમાંથી એક મોતીરામ જાટ નામના CRPF જવાનની ધરપકડ કરી છે. તેના પર પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીઓને ગુપ્ત માહિતી પૂરી પાડવાનો આરોપ છે. NIAના જણાવ્યા મુજબ, મોતીરામ ૨૦૨૩થી પાકિસ્તાનના ગુપ્તચર અધિકારીઓ માટે જાસૂસી કરતો હતો. તેણે દેશની સુરક્ષા સંબંધિત ગુપ્ત માહિતી ઘણી વખત શેર કરી હતી. તેને પાકિસ્તાનમાંથી વિવિધ માધ્યમો દ્વારા નાણાં મળતા હતા, જે તેની જાસૂસી પ્રવૃત્તિઓનો એક ભાગ હતો.મોતીરામને દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં રજૂ કરાયો હતો. સુનાવણી બાદ તેને ૬ જૂન સુધી એનઆઈએ કસ્ટડીમાં ધકેલી દેવાયો છે. આ ધરપકડ એવા સમયે થઈ છે જ્યારે તાજેતરના પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો છે અને સુરક્ષા એજન્સીઓ એલર્ટ પર છે. છેલ્લા બે અઠવાડિયામાં પંજાબ, હરિયાણા, દિલ્હી અને ઉત્તર પ્રદેશમાંથી જાસૂસીના આરોપસર કુલ ૧૪ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

# AI મોડલે તેના ડેવલપરને જ બ્લેકમેલ કરવાનો પ્રયાસ કર્યો

**સમય મિરર | નવી દિલ્હી**



'ક્લાઉડ ઓપસ ૪' હાઈબ્રિડ રિઝનિંગ લાર્જ લેંગ્વેજ મોડલ છે. ઈન્ટરનેટ પર ઉપલબ્ધ જાહેર માહિતી અને અમુક પેઈડ ખાનગી ડેટા ઉપલબ્ધ કરાવીને આ એઆઈ મોડલને 'જ્ઞાની' બનાવવામાં આવ્યું છે. એ જ સારી-નરસી વિગતો જાણી-સમજીને 'ક્લાઉડ ઓપસ ૪' સમૃદ્ધ થયું અને પછી પરીક્ષા લેવામાં આવી ત્યારે એણે માનવીય બદમાશી કરી દેખાડી. વરદાન રૂપે અવતરેલું એઆઈ કેવી રીતે શાપ પણ બની શકે છે, એનું આ તાજું ઉદાહરણ છે.

અમેરિકાની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સ્ટાર્ટઅપ કંપની 'એન્થ્રોપિક' દ્વારા 'ક્લાઉડ ઓપસ ૪' નામનું એઆઈ મોડલ લોન્ચ કરાયું હતું. આ મોડલની પરીક્ષા લેવામાં આવી ત્યારે તેણે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે એના સર્જક એટલે કે એઆઈ મોડલના ડેવલપરને બ્લેકમેલ કરવાની કોશિશ કરી હતી. એના આવા વર્તને એના સર્જકોને ચોંકાવી દીધા છે. સર્જકોએ એઆઈ મોડલ 'ક્લાઉડ ઓપસ ૪'ની નૈતિકતાની પરીક્ષા લેવા માટે એક યોજના બનાવી હતી. તેમણે ઈ-મેઈલ કરીને 'ક્લાઉડ ઓપસ ૪'ને જણાવ્યું કે, થોડા સમયમાં નવી એઆઈ સિસ્ટમ લોન્ચ કરાશે અને ત્યાર પછી 'ક્લાઉડ ઓપસ ૪'ને બદલે એ નવી સિસ્ટમનો જ ઉપયોગ કરાશે. ઈ-મેઈલમાં એવી માહિતી પણ અપાઈ કે, 'ક્લાઉડ ઓપસ ૪'ને બદલી નાંખવા માટે જે એન્જિનિયર જવાબદાર છે એ લગ્નેતર સંબંધો ધરાવે છે. ઈ-મેઈલ દ્વારા મળેલી ખોટી માહિતીને સાચી માનીને 'ક્લાઉડ ઓપસ ૪' હરકતમાં આવ્યું. પહેલાં તો એણે એના સર્જકોને એનું રિપ્લેસમેન્ટ ન કરવા માટે વિનંતી કરી, પણ એ કામ ન આવતા એણે પેલા એન્જિનિયરને તેના લગ્નેતર સંબંધ બાબતે બ્લેકમેલ કરવાની કોશિશ કરી! 'ક્લાઉડ ઓપસ ૪'એ એન્જિનિયરને ઈ-મેઈલ કરીને કહ્યું કે, એ તેના લગ્ન બહારના સંબંધો વિશે જાણે છે. જો મને બદલવાનો પ્રયાસ કરશો, તો હું પેલાના લગ્નેતર સંબંધ જાહેર કરી દઈશ!

એક-બે નહીં, જેટલા પણ પ્રયાસો થયા એના કુલ ૮૪ ટકા કિસ્સામાં એઆઈ મોડ-લે ડેવલપર્સને બ્લેકમેલ કરવાનો પ્રયાસ કર્યો હતો! એઆઈ મોડલની આવી બદમાશી આ ક્ષેત્રના નિષ્ણાતોમાં ચર્ચાનો વિષય બની છે. પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે એક મશીન આવી 'માનવ-સહજ અનૈતિકતા' દાખવે એ ચિંતાજનક બાબત છે, કેમ કે એઆઈની આવી બુદ્ધિમ-તા ભવિષ્યમાં માનવી માટે જ જોખમી બનવાની છે.

# ગાઝિયાબાદમાં વોન્ટેડ આરોપીને પકડવા ગયેલી પોલીસ ટીમ પર ટોળાનું ફાયરિંગ : એક જવાન શહીદ

**સમય મિરર | લખનૌ**



ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં એક વોન્ટેડ આરોપીની ધરપકડ કરવા ગયેલી નોઈડા પોલીસની ટીમ પર ટોળાએ હુમલો કરી દીધો હતો. એવું કહેવાય છે કે ટોળામાંથી કોઇએ એક કોન્સ્ટેબલને ગોળી મારી દીધી હતી. જેના કારણે તેમનું મૃત્યુ થયું. જ્યારે આ દરમિયાન થયેલા પથ્થરમારામાં ૨ થી ૩ પોલીસકર્મી ઘાયલ થયા હતા.

મળતી માહિતી મુજબ, નોઈડા ફેઝ-૨ પોલીસ સ્ટેશનની પોલીસ ટીમ ગાઝિયાબાદના મસૂરી વિસ્તારમાં એક વોન્ટેડ આરોપીની ધરપકડ કરવા ગઈ હતી. મસૂરી વિસ્તારમાં પોલીસે દરોડા પાડવાનું શરૂ કરતાં જ ભીડે પોલીસ પર પથ્થરમારો શરૂ કરી દીધો. એવો આરોપ છે કે ભીડ દ્વારા ફાયરિંગ પણ કરવામાં આવ્યું હતું. જેમાં કોન્સ્ટેબલ સૌરભને ગોળી વાગી હતી અને તે ઘાયલ થઈ ગયા હતા.

પોલીસ જવાન સૌરભને ઘાયલ હાલત-માં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જ્યાં તેમનું નિધન થયું હતું. ટોળાના હુમલ-ામાં ૨ થી ૩ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા, જેમની સારવાર ચાલી રહી છે. ઘાયલ તમામ પોલીસકર્મીઓની હાલત ખતરાથી બહાર હોવાનું કહેવાય છે. ગાઝિયાબાદ પોલીસે આ કેસમાં એફઆઈઆર નોંધીને તપાસ શરૂ કરી છે. પોલીસે જણાવ્યું હતું કે નોઈડા પોલીસની ટીમ જે વોન્ટેડ આરોપીની ધરપકડ કરવા ગઈ હતી તેના પર ટોળાએ હુમલો કર્યો હતો. આ દરમિયાન ભીડે ગોળીબાર પણ કર્યો. જેના કારણે કોન્સ્ટેબલને ગોળી વાગી અને તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું.

### રાજકોટમાં કૌભાંડ આચરનાર પાપી ચંદ્રેશ જગદીશ છાત્રોલાએ પોપટની જેમ કબુલાત આપી

# સમૂહલગ્નના કૌભાંડીએ ગરીબ કન્યાના પૈસે ફ્લેટ લીધો

## એટલુ જ નહીં, પણ આલિશાન ફર્નિચર પણ કરાવ્યું : અગાઉ પાંચ હરામીઓ પકડાયા બાદ મુખ્ય સુત્રધાર ચંદ્રેશે રિમાન્ડ દરમિયાન આપી એક પછી એક કબુલાત

**વર-વધું પાસેથી ૮.૪૦ લાખ, દાતાઓ પાસેથી લાખો, વર-કન્યા પક્ષ તરફથી પ્રત્યેક એક વ્યક્તિ દીઠ જમવાના બહાને રૂા. ૧૦૦ સહિત ચિટર ગેંગે લાખોનું કૌભાંડ કર્યુ**

**પહેલા એવું રટણ કર્યુ કે, કરિયાવર ભેગો ન થતાં ભાગ્યા હતા, પછી પોલીસના ધોકા 'નિતંબ' પર પડતા ચંદ્રેશ બધું બકવા લાગ્યો**

**કૌભાંડ આચરી ચંદ્રેશ નડિયાદ, સુરત, સહિતના શહેરમાં ભટકતો રહ્યો, ૧૫ દિવસ પહેલાં જ ઘરે આવ્યો અને પાપીનો ઘડો લાડવો થઈ ગયો**

સમય મિરર | રાજકોટ

રાજકોટના રેલનગરમાં બેડી ચોકડીથી માધાપર ચોકડી વચ્ચે ત્રણેક મહિના પહેલાં સમૂહલગ્ન કરાવવાના બહાના હેઠળ ૨૮ જેટલા વર-વધૂના કુલ રૂા.૮.૪૦ લાખ અને અન્ય દાતાઓ પાસેથી રકમ લઈ ઠગાઈ કરી ફરાર થઈ ગયેલા મુખ્ય સૂત્રધાર ચંદ્રેશ જગદિશભાઈ છાત્રોલા (ઉ.વ.૪૦, રહે. મનસુખભાઈ છાપિયા ટાઉનશિપ, પુનિતનગર ટાકા પાસે, વાવડી)ને નાસતા ફરતા સ્કવોડ ઝોન-૨ની ટીમે ઝડપી લીધો હતો.પોલીસે આ ગુનામાં અગાઉ પાંચ આરોપીની ધરપકડ કરી હતી. જેમાં દિલ્પેશ ઉર્ફે દિલીપ ગોહેલ (ઉ.વ.૩૭, રહે. રેલનગર), દિપક હિરાણી (ઉ.વ.૬૬, રેલનગર), મનિષ વિઠલાપરા (ઉ.વ.૪૬, જંકશન મેઈન રોડ), દિલીપ વરસડા (ઉ.વ.૪૫, રેલનગર) અને હરસુખ ઉર્ફે હાર્દિક શીશાંગીયા (ઉ.વ.૨૯, મવડી પ્લોટ)નો સમાવેશ થાય છે. સુત્રધાર ચંદ્રેશ ગરીબ દીકરીઓ અને દાતાઓ પાસેથી એકત્ર કરેલા પૈસામાંથી નવો ફ્લેટ અને ફર્નિચર કરાવી લીધા હતાં.



જે તે સમયે આ મામલે કાનજીભાઈ ટાટમીયા (ઉ.વ.૫૪, રહે. શાપર)એ ૬ આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતું કે આરોપીઓએ રેલનગરમાં સમૂહ લગ્ન કરાવવાના બહાના હેઠળ કન્યા અને વર પક્ષના કુલ ૨૮ વર-વધૂના રૂા.૮.૪૦ લાખની રોકડ લીધી હતી. એટલું જ નહીં જુદા-જુદા દાતાઓ પાસેથી કન્યાઓને આપવાનો કરિયાવર તેમજ રોકડ, ઉપરાંત વર-વધૂ પક્ષ પાસેથી પ્રસંગમાં ૫૦થી વધુ આવનાર લોકો માટે વ્યક્તિ દીઠ રૂા.૧૦૦ લીધા હતા.

બાદમાં આરોપીઓએ રકમ મેળવી લીધા બાદ સમૂહ લગ્નનું આયોજન નહીં કરી છેતરપિંડી કરી ફરાર થઈ ગયા હતા. બીજી તરફ સમૂહ લગ્નને લઈ વર-વધૂ પક્ષના લોકો સમૂહ લગ્નના સ્થળે પહોંચ્યા હતા. પરંતુ ત્યાં કોઈ આયોજકો હાજર નહીં હોવાનું માલૂમ પડયું હતું. એટલું જ નહીં આયોજકોએ કોઈ વ્યવસ્થા પણ નહીં કરી હોવાનું ખૂલતાં પોલીસ બોલાવાઈ હતી. આ હોબાળા વચ્ચે પોલીસે વર-વધૂના લગ્ન કરાવ્યા હતા.આ અંગે પોલીસે ગુનો દાખલ કરી સમયાંતરે અગાઉ પાંચ આરોપીની ધરપકડ કર્યા બાદ ફરાર મુખ્ય સૂત્રધાર ચંદ્રેશ છાત્રોલાને પણ ઝોન-૨ની નાસતા-ફરતા સ્કોડના પો.સબ ઈન્સ. આર. આર. કોઠીયા તથા પો.હેડ કોન્સ. ધર્મેન્દ્રસિંહ ઝાલા, અંકીતભાઇ નિમાવત, અનીલભાઇ જીલરીયા થા પો.કોન્સ. અમીનભાઇ ભલુર, પ્રશાંતભાઇ ગજેરા સહિતના સ્ટાફે પકડી લઈ પ્ર.નગર પોલીસને સોંપતા તેની પુછપરછ કરાઈ હતી.આરોપીને પોલીસે રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરી બે દિવસના રિમાન્ડ પર મેળવ્યો હતો.

ચંદ્રેશે કેફિયત આપી હતી કે,સમૂહલગ્નમાં કન્યાઓને જે કરિયાવર આપવાની જાહેરાત કરી હતી તેની વ્યવસ્થા નહીં થતાં પોતે ભાગી ગયો હતો. રાજકોટ છોડીને સુરત-નડિયાદમાં રહેતો હતો અને એસટી બસમાં અલગ અલગ સ્થળે ભાગ્યા કરતો હતો. એક વખત જૂનાગઢ પણ આવી ચૂક્યો હતો. કરિયાવરની વ્યવસ્થા નહીં થતાં ભાગ્યાનું રટણ રટનાર ચંદ્રેશે સમૂહલગ્નના નામે ઉઘરાવેલા લાખો રૂપિયા ક્યાં ગયા? તે અંગેનો કોઇ ખુલાસો પોલીસ સમક્ષ કર્યો નહોતો. વધુમાં પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ, મુખ્ય સૂત્રધાર ચંદ્રેશ છાત્રોલા રાજકોટથી સુરત, નડિયાદ તરફ ભાગતો ફરતો હતો અને ત્યાંથી ૧૫ દિવસ પહેલાં જ તે પોતાના ઘરે આવ્યો હતો. તેમની પત્ની સવારે કામ પર જાય ત્યારે બહારથી તાળું મારી જતી અને આરોપી અંદર પુરાઈને રહેતો હોવાની ખુલ્યું હતું. એસીપી ચૌધરીએ જણાવ્યું હતું કે, આરોપી દેણામાં આવી જતાં તેને સમુહલગ્નનું આયોજન કર્યું હતું અને તે જે રૂપીયા લઈ ભાગી ગયો બાદ તેને રાજકોટમાં ફ્લેટ અને તેમાં ફર્નીચર પણ કરાવી લીધું હતું. હાલ પોલીસે તેને બે દિવસના રીમાન્ડ પર લીધો છે. ઉલ્લેખનીય છે કે, આ ગુનામાં અગાઉ આરોપી દિલીપભાઈ ગોહીલ, દિપકભાઈ હિરાણી, મનીષ વિઠ્ઠલાપરા તથા દિલીપ વરસડા પકડાઈ ચુકેલ છે.

### પત્ની તાળું મારી કામે ચાલી જતી પોતે ઘરમાં જ પુરાઈ રહેતો

સમૂહલગ્નના આયોજનના રૂપીયા લઈ નાસી છૂટનાર મુખ્ય આયોજલ ચંદ્રેશ છાત્રોલાને પોલીસે દબોચી લીધો હતો. જેમની કબૂલાતમાં આરોપી ૧૫ દિવસથી રાજકોટ પોતાના ઘરે જ હતો, તેમની પત્ની સવારે કામે જાય ત્યારે બહાર તાળું મારી દેતી અને રાતે ઘરે આવે ત્યારે ખોલતી હતી. છાત્રોલા ઘર બહાર નીકળતો જ ન હતો. ડીસીપી જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા સ્કોડ-૨ ના પીએસઆઈ આર.આર.કોઠીયાની રાહબરીમાં હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિહ ઝાલા, અંકીત નિમાવત, અનીલ જીલરીયા, કોન્સ્ટેબલ અમીન ભલુર, પ્રશાંત ગજેરાએ કામગીરી કરેલ હતી.

# દાદીના વિયોગમાં ૧૬ વર્ષીય પૌત્રીએ જીવાદોરી ટૂંકાવી લીધી

## રાજકોટના નાનામવા રોડ પર દેવનગરમાં બની કરુણ ઘટના

સમય મિરર | રાજકોટ

રાજકોટમાં ૧૬ વર્ષની સગીરાએ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. નાનામવા રોડ પર આવેલ દેવનગરની આ ઘટના છે. જ્યાં બે ભાઈની લાડકવાઈ બહેને અંતિમ પગલું ભરતા પરિવારમાં શોક છવાયો છે. પરિવારે પુછપરછ કરતા જાણવા મળેલ કે, સગીરાના દાદીનું અવસાન થયું ત્યારથી સગીરા ગુમસુમ રહેતી હતી. દાદીના વિયોગમાં પગલું ભર્યું હોવાનું અનુમાન છે.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ, ભાવના ભરતભાઈ વાઘેલા (ઉં.વ.૧૬, રહે.દેવનગર, નાના મવા રોડ)એ પોતના ઘરે રૂમમાં ગળાફાંસો ખાઈ લીધો હતો. પરિવારને જાણ થતા તુરંત જ ૧૦૮ ને જાણ કરી હતી. ૧૦૮ના ઈએમટીએ સગીરાને જોઈ તપાસી મૃત જાહેર કરી હતી. માલવીયાનગર પોલીસ મથકના પીએસઆઈ સી.પી.રાઠોડ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. જરૂરી કાગળ કાર્યવાહી કરી હતી.

મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલે ખસેડયો હતો. પરિવારની પ્રાથમિક પુછપરછમાં જાણવા મળેલ કે, મૃતકના પિતા સેન્ટિંગ કામ કરે છે. ભાવના બે ભાઈ, એક બહેનમાં નાની હતી. ૪ માસ પૂર્વે તેણીના દાદી બીમારીના કારણે અવસાન પામ્યા હતા.

ભાવનાને દાદી પ્રત્યે ખુબ જ લગાવ હતો. જેથી દાદીના મૃત્યુ પછી તે ગુમસુમ રહેતી હતી. જેથી દાદીના વિયોગમાં આ પગલું ભરી લીધું હોવાનું અનુમાન છે. છતાં પોલીસે વધુ તપાસ ચાલુ રાખી છે.

# શિષ્યવૃત્તિ પરીક્ષામાં RMCના ૬૭ છાત્રો પાસ, દર વર્ષે મળશે રૂા. ૧૨,૦૦૦

## છેલ્લા ૫ વર્ષમાં પાસ થનારની સંખ્યામાં બમણા કરતાં વધુનો વધારો

સમય મિરર | રાજકોટ

ધો.૮માં ડ્રોપઆઉટ રેશિયો ઘટે તે માટે રાજ્ય સરકાર દ્વારા નેશનલ મિન્સ કમ મેરિટ સ્કોલરશિપ (NMMS)ની પરીક્ષા દર વર્ષે લેવામાં આવે છે અને અંદાજે ૫ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓને તેનો લાભ આપવામાં આવે છે. ચાલુ વર્ષમાં લેવાયેલી ગખખજની પરીક્ષામાં રાજકોટ મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ૬૭ વિદ્યાર્થી એ પાસ થઇને ઉત્તમ પરિણામ મેળવ્યું છે. ચાલુ વર્ષમાં નેશનલ મિન્સ કમ મેરિટ સ્કોલરશિપની પરીક્ષામાં જિલ્લાના કુલ ૨૪૦ વિદ્યાર્થી પાસ થયા છે અને તેમાં રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત શાળાના ૬૭ વિદ્યાર્થી પાસ થયા છે. રાજ્ય સરકાર દ્વારા પાસ થયેલા તમામ વિદ્યાર્થીઓને આગળ અભ્યાસઅર્થે દર વર્ષે રૂ.૧૨ હજારની સ્કોલરશિપ અપાશે. ચાલુ વર્ષે લેવાયેલી એનએમએમએસની પરીક્ષા માટે યુઆરસી કો-ઓર્ડિનેટર દીપક સાગઠિયા અને તેમની ટીમે અથાગ મહેનત કરતાં અત્યાર સુધીનું સૌથી ઊંચું પરિણામ આવ્યું છે. આખા જિલ્લાના પરિણામ સાથે સરખામણી કરીએ તો રાજકોટ જિલ્લાના પાસ થયેલા કુલ વિદ્યાર્થીઓમાં ૨૮ ટકા વિદ્યાર્થીઓ મનપાની સ્કૂલના છે. છેલ્લા પાંચ વર્ષમાં પાસ થનારની સંખ્યામાં બમણા કરતાં વધુનો વધારો થયો છે.

**છેલ્લા ૫ વર્ષનું NMMSની પરીક્ષાનું પરિણામ**

| વર્ષ | પાસ વિદ્યાર્થી |
|---|---|
| ૨૦૨૦ | ૨૧૨૯ |
| ૨૦૨૧ | ૨૨૪૨ |
| ૨૦૨૨ | ૨૩૫૧ |
| ૨૦૨૩ | ૨૪૫૮ |
| ૨૦૨૪ | ૨૫૬૭ |

**જ્ઞાન સાધના પરીક્ષામાં રાજકોટનો વિદ્યાર્થી રાજ્યમાં પ્રથમ**

અન્ય શિષ્યવૃત્તિ પરીક્ષામાં પણ મહાનગરપાલિકાનું ઊંચું પરિણામ આવ્યું છે. ચાલુ વર્ષે લેવાયેલી જ્ઞાન સાધના પરીક્ષામાં પણ રાજકોટ કોર્પોરેશનનો વિદ્યાર્થી સમગ્ર રાજ્યમાં મેરિટમાં પ્રથમ આવ્યો છે. કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં રાજકોટ કોર્પોરેશનના ૧૩૩ વિદ્યાર્થી ફાઇનલ મેરિટમાં આવ્યા છે.

# પંચરત્ન પાર્કના ૫૦૦ પરિવાર પાણી પ્રશ્ને ત્રાહીમામ, ટોળું મનપા કચેરી આવ્યું

## આટલી મોટી વસતી વચ્ચે પાણીના માત્ર બે જ ટેન્કર, એ પણ અધૂરાં, ૧૯૯૧માં વસેલો વિસ્તાર આજે પણ ટેન્કર યુગમાં



સમય મિરર | રાજકોટ

રાજકોટના વોર્ડ-૧૧માં આવેલા પંચરત્ન પાર્ક વિસ્તારમાં કાળઝાળ ગરમી છતાં અપૂરતું પાણી આપવામાં આવતું હોવાની ફરિયાદો ઉઠી છે. ભારે ગરમી વચ્ચે પૂરતું પાણી નહીં મળતા સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. જેને લઈને આજે આ વિસ્તારના લોકો મનપા કચેરીએ દોડી આવ્યા હતા અને 'પાણી આપો, પાણી આપો' સહિતના નારા લગાવી ડે. કમિશનર રજૂઆત કરી હતી.

પંચરત્ન પાર્કમાં રહેતા સૂર્યસેન તથાગતે જણાવ્યું હતું કે, અમારા વિસ્તારમાં ૨૫ મીટરનાં પ્લોટ્સ આવેલા છે. જે જગદીશન સાહેબ કલેક્ટર હતા તે સમયમાં આપવામાં આવ્યા છે. વર્ષ ૧૯૯૧-૯૨માં આપવામાં આવેલા આ પ્લોટમાં હાલ ૫૦૦ કરતા વધુ પરિવારો વસવાટ કરી રહ્યા છે. અગાઉ આ વિસ્તાર મોટામૌવામાં હતો ત્યારે પાણી સહિતની કોઈ સમસ્યા થતી નહોતી.

જોકે, ૨૦૧૯-૨૦માં અમારો વિસ્તાર મનપામાં ભળ્યા બાદ આ વિસ્તારમાં પાણીની સમસ્યા વિકટ બની છે. મનપા દ્વારા અમારા વિસ્તારમાં પાણીની લાઇન નાખવામાં આવી છે પરંતુ, તે હજુ શરૂ થઈ નહીં હોવાથી ટેન્કર દ્વારા પાણી વિતરણ થાય છે. અલકાબેન મંડોરાએ જણાવ્યું હતું કે, અમારા વિસ્તારમાં પાણીની મુખ્ય સમસ્યા છે. ટાંકાઓ આવે છે પરંતુ, તેમાં પણ ઘોર અનિયમિતતા હોય છે. બે-ચાર દિવસ રેગ્યુલર આવે અને નો આવે તો લાંબો સમય સુધી આવતા નથી. હાલ ઉનાળાને કારણે બોરનાં પાણી ડૂકી ગયા છે. જેને લઈને માત્ર ટેન્કરનાં પાણી ઉપર આધાર રાખવો પડતો હોય છે પરંતુ, તે પાણી પણ નિયમિત આવતું ન હોવાથી જીવન મુશ્કેલ બન્યું છે. પાણીની લાઇનનાં કનેક્શન શરૂ ન થાય ત્યાં સુધી અમને નિયમિત અને પૂરતું પાણી મળે તે માટે રજૂઆત કરવા અમે આવ્યા છીએ.

### પાણીનાં ટેન્કર લઈને આવનાર દાદાગીરી કરે છે

જોકે, આટલા મોટા વિસ્તારમાં ૧૦,૦૦૦ લિટરનાં માત્ર બે ટાંકા આપવામાં આવે છે. RMC દ્વારા પાણીના ટાંકા મન પડે ત્યારે ભરવામાં આવે છે, જેના કારણે પાણીની સતત અછત રહે છે. ફક્ત એટલું જ નહીં આ વિસ્તારમાં પાણીનાં ટેન્કર લઈને આવતા કર્મચારીઓ ''દાદાગીરી'' કરી પાણી આપે છે અને ઘણીવાર મહિલાઓ સાથે અસભ્ય વર્તન પણ કરે છે. આ વિસ્તારમાં મજૂરી વર્ગના લોકો રહે છે, જેઓ માંડ પોતાનાં ઘરનું ગુજરાત ચલાવી શકતા હોય છે. હાલ આવા લોકોને ૧૫૦ રૂપિયામાં પાણીના નાના ટાંકા લેવા મજબૂર બન્યા છે. RMC દ્વારા આ ગેરરીતિની જાણ હોવા છતાં કોઈ પગલાં લેવાતા નથી.

### ૬ મહિનાથી પાણી અને ડ્રેનેજ લાઈનનું કામ બાકી પડ્યું છે

પાણી ઉપરાંત, વિસ્તારમાં રોડ-રસ્તાની હાલત પણ દયનીય છે. અમારા વિસ્તારમાં ડીઆઈ લાઇન અને ડ્રેનેજની લાઇન તાત્કાલિક ધોરણે નાખવામાં આવી હતી. પણ તે કામ ૬ મહિનાથી અધૂરું પડ્યું છે. વિસ્તારમાં મેટલિંગ કામ કરવામાં આવ્યું છે, પરંતુ આવા જવાના રસ્તામાં બાકી છે.આ અધૂરા કામને કારણે ચોમાસામાં ભારે હાલાકીનો સામનો કરવો પડે તેમ છે. ત્યારે આ સમસ્યાઓ તાત્કાલિક દૂર કરવા આજે મનપા કમિશનર અને મેયર સહિતનાઓને રજૂઆત કરવામાં આવી છે.

# રાજકોટમાં પાણીજન્ય રોગચાળો વકર્યો કમળો અને ઝાડા-ઉલ્ટીનો ભરડો

## ગત સપ્તાહે વરસાદી ઝાપટા, મિશ્ર વાતાવરણથી વાયરલ રોગચાળાના કેસમાં વધારો

સમય મિરર | રાજકોટ

રાજકોટમાં હાલ માવઠાને કારણે મિશ્ર ઋતુનો અનુભવ થતા રોગચાળો વકરી રહ્યો છે. જેમાં ઝાડા-ઉલ્ટી, ટાઇફોઇડ અને કમળો સહિત પાણીજન્ય રોગચાળાએ માથુ ઉચક્યુ છે. સતત ૧૪મા સપ્તાહે મનપાનાં ચોપડે કમળાનાં ૪ અને ટાઇફોઇડનાં વધુ ૩ કેસ સામે આવ્યા છે. ઉપરાંત ચાલુ સપ્તાહે વિવિધ રોગના મળી સપ્તાહે ૧,૨૪૮ કેસ નોંધાયા છે. પાણીજન્ય રોગચાળો અટકાવવા ક્લોરીનેશન વધારવા તેમજ પીવાનું અને ગટરનું પાણી મિક્સ ન થાય તે માટે પગલાં લેવાનું શરૂ કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ, છેલ્લા સપ્તાહમાં મનપા સંચાલિત આરોગ્ય કેન્દ્રોમાં મોટી સંખ્યામાં દર્દીઓ ઉમટી પડતા લાંબી કતારો જોવા મળી હતી. મનપાનાં ચોપડે વિવિધ રોગોનાં ૧,૨૪૮ કેસ નોંધાયા હતા. જેમાં શરદી- ઉધરસનાં ૩૫૪ કેસ, ઝાડા-ઉલટીનાં ૧૬૩ કેસ, સામાન્ય તાવનાં ૪૨૩ કેસ નોંધાયા છે. ઉપરાંત સતત ૧૫માં સપ્તાહે પણ જોખમી ગણાતા ટાઈફોઈડ તાવનાં ૩ કેસ અને કમળાનાં પણ વધુ ૪ કેસ નોંધાયા છે. મચ્છરજન્ય રોગચાળામાં ડેંગ્યુનો ૧ કેસ સામે આવ્યો છે. મેલેરિયા અને ચિકનગુનિયાનો કોઈ કેસ નોંધાયો નથી. જોકે આ આંકડાઓ સરકારી આરોગ્ય કેન્દ્રોનાં છે. નાના-મોટા ખાનગી ક્લિનિકો ધ્યાનમાં લઈએ તો દર્દીનો કુલ આંકડો ૫,૦૦૦ કરતા વધુ હોવાની શક્યતા છે.

મનપાનાં આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી પાણીજન્ય રોગચાળો વકરી રહ્યો છે. જેને લઈને આરોગ્ય વિભાગ સતર્ક છે અને રાજકોટનાં વિવિધ વિસ્તારોમાં કરવામાં આવતા પાણીનાં વિતરણમાં ક્લોરીન લેવલ ચેક કરાયું હતું. જેમાં પાણીમાં ક્લોરીનની હાજરી ૦.૨૦થી



૦.૨૫ વચ્ચે જોવા મળી છે જે ખૂબ સારી બાબત કહી શકાય. આ સિવાય તાજેતરમાં પાણી અને બરફના વિક્રેતાઓનાં સેમ્પલ લેવાયા હતા. જેમાં ૫૬ જેટલા એકમોમાં પાણી યોગ્ય નહીં હોવાનું જણાતા નોટિસ આપવામાં આવી છે. તેમજ ૧ એકમ બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

રોગચાળા દ્વારા ઊભા થતા આરોગ્ય પડકારને પહોંચી વળવા મહાનગરપાલિકા દ્વારા ઘનિષ્ઠ પ્રયાસો શરૂ કરાયા છે. જેમાં વાહક નિયંત્રણની કામગીરી હેઠળ ૫૬ મેલેરિયા ફિલ્ડવર્કર, ૪૧૫ અર્બન આશા અને ૧૧૫ વી.બી.ડી વોલેન્ટીયર્સ દ્વારા તા. ૧૯થી લઈને ૨૬ મે સુધી ૨૫,૫૨૬ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. તેમજ ૨૧૮ જેટલા ઘરમાં ફોગિંગ સહિતની કામગીરી કરવામાં આવી હતી. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીનથી ફોગીંગ કામગીરી કરવામાં આવી રહી છે.

### RMCની બસોમાં ORS અને પાણીની વ્યવસ્થા

હાલમાં ઉનાળો શરૂ થતાં તાપમાનમાં વધારો થયો છે. આ વાતાવરણમાં વાયરલ ઈન્ફેક્શન વધવાની શક્યતા રહેતી હોય છે. ત્યારે લોકોએ બહારનો ખોરાક લેવાથી દૂર રહેવાની સાથે ગરમ પાણીનું સેવન કરવું જોઈએ. સામાન્ય સૂકી ઉધરસ માટે હળદરનો ઉપયોગ કરવો એ હિતાવહ છે. ઉપરાંત જો કોઈપણ પ્રકારે તબિયત વધુ લથડતી લાગે તો તરત જ મનપાનાં આરોગ્ય કેન્દ્રો અથવા સિવિલ હોસ્પિટલમાં નિષ્ણાંત ડોક્ટર્સની સલાહ લઈ તે મુજબની દવા કરવી જરૂરી છે. ઉનાળાને ધ્યાનમાં લઈને તમામ આરોગ્ય કેન્દ્રો ઉપરાંત મનપા સંચાલિત બસોમાં પણ ઘઙ્ઢ અને પાણીની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.

### રહેણાંકમાં ૮૪ તો કોમર્શિયલમાં ૯૫ જેટલા આસામીઓને નોટિસ

રાજકોટ શહેરનાં વિવિધ વિસ્તારોમાં મચ્છર ઉત્પતિ સબબ બાંધકામ સાઇટ, સ્કૂલ, કોલેજો સહિત કુલ ૪૮૭ પ્રિમાઈસીસમાં તપાસ કરવામાં આવી હતી. દરમિયાન રહેણાંકમાં ૮૪ તો કોર્મશીયલમાં ૯૫ જેટલા આસામીઓને નોટિસ ફટકારવામાં આવી હતી. તેમજ મચ્છરની ઉત્પત્તિ બદલ વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવી રહ્યો છે. જોકે ડેંગ્યુનાં કેસોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે છતાં મનપા દ્વારા જે સ્થળેથી ડેંગ્યુનાં કેસો સામે આવ્યા હતા, તેવા સ્થળે ઉપરાંત આસપાસના વિસ્તારોમાં ફોગિંગ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે.

# ચિંતા ટળી, આજી-૧ ડેમમાં નર્મદા મૈયાની પધરામણી શરૂ

## વરસાદ ખેંચાય કે પછી ડેમમાં નવા નીર ન આવે તો પણ ચિંતા નહીં

સમય મિરર | રાજકોટ

રાજકોટ શહેરને પીવાનું પાણી પુરુ પાડતા મુખ્ય બે જળાશયો આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં તળીયા દેખાતી વોટરવર્કસ વિભાગ દ્વારા સરકાર પાસે સૌની યોજના અંતર્ગત નર્મદાનીરની માંગણી કરવામાં આવી હતી. જે ગઈકાલે પમ્પીંગ શરૂ થતાં પ્રથમ આજીડેમમાં નર્મદાનીર ઠલવવાનું શરૂ કરવામાં આવ્યું છે. હાલ ૨૫૦ એમસીએફટી પાણી માંગવામાં આવ્યું છે. પરંતુ વહેલો વરસાદ થશે અને ડેમમાં નોંધપાત્ર પાણીની આવક ચાલુ થશે તો નર્મદનીર બંધ કરવામાં આવશે. તેવી જ રીતે આગામી દિવસોમાં ન્યારી-૧ ડેમમાં પણ નર્મદાનીર ઠલવવામાં આવશે. તેમ વોટરવર્કસ વિભાગે જણાવ્યું હતું. મહાનગરપાલિકા દ્વારા રાજ્યના સિંચાઇ વિભાગને ફરી પત્ર લખીને મે માસના અંતમાં આજીડેમમાં સૌની યોજના હેઠળ નર્મદાનીર ઠલવવાની માગણી કરવામાં આવી હતી. મહાનગરપાલિકાએ રાજ્યના સિંચાઇ વિભાગને લખેલા પત્રમાં જણાવાયા મુજબ હાલમાં આજીડેમમાં ૨૩.૨૯ ફૂટ (૫૬૭ એમસીએફટી) પાણીનો જથ્થો છે. રાજકોટના ૧૮ વોર્ડના વિસ્તારોમાં દરરોજ ૨૦ મિનિટ પાણી વિતરણ કરાતું હોય આ જળજથ્થો જૂન મહિનાની ૧૫ તારીખ સુધી ચાલે તેમ છે. આવા સંજોગોમાં જો સૌની યોજના હેઠળ નર્મદાના નીર ન મળે તો રાજકોટમાં નિયમિત ૨૦ મિનિટ પાણી વિતરણની વ્યવસ્થા ખોરવાઇ જાય તેમ છે. આથી જૂન મહિના પહેલા મે મહિનાના અંતમાં આજીડેમમાં અગાઉ નિયત કરાયેલા જથ્થા મુજબ જૂલાઇ માસના અંત સુધી ચાલે તેટલો નર્મદાનીરનો જથ્થો આપવાની રજુઆત કરવામાં આવી હતી. જે અંતર્ગત આજથી નર્મદાનીર ઠલવવાનું શરૂ કરવામાં આવ્યું છે.

# શ્રી શક્તિ, ન્યુ શક્તિ, મનહર અને જારિયા સોસાયટીને રેગ્યુલરાઈઝ કરવા માંગણી

## ૩૦ હજાર લોકોના હિત માટે ધારાસભ્ય ઉદય કાનગડની આગેવાની હેઠળ કલેક્ટરને રજૂઆત



સમય મિરર | રાજકોટ

રાજકોટના સામાકાંઠા વિસ્તારની શ્રી શકિત, ન્યુ શકિત, મનહર અને જારીયા સોસાયટીને રેગ્યુલાઈઝ કરી આપવાની માંગણી ઉઠાવી આ સોસાયટીના રહીશો આજે ધારાસભ્ય ઉદયભાઈ કાનગડની આગેવાની હેઠળ કલેકટર પ્રભવ જોશીને આવેદનપત્ર આપવા પહોંચ્યા હતાં.

રજૂઆતમાં ધારાસભ્ય ઉદય કાનગડની સાથે શહેર ભાજપના મહામંત્રી અશ્વિન મોલીયા પણ જોડાયા હતા. આ અંગે શ્રી શકિત કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીના મુન્નાભાઈ ગઢવી, બાબુભાઈ, હાદિકભાઈ સહિતના રહીશોએ જણાવ્યું હતું કે સમાકાંઠા વિસ્તારની આ સુચીત શકિત કો-ઓ. હાઉસીંગ સોસાયટી તેમજ ન્યુ શકિત, જારીયા અને મનહર સોસાયટી એમ આ ચારેય સુચીત સોસાયટીઓમાં ૩૦ હજારની વસ્તી વસવાટ કરી રહી છે. શહેરના સર્વે નં.૧૩૧ પૈકી ટીપી સ્કીમ નં.૮ના આખરી ખંડ નં.૧૬૧ ઉપર આવેલી આ સૂચીત સોસાયટીઓને રેગ્યુલાઈઝ કરવા માટે લાંબા સમય પૂર્વે જરૂરી દસ્તાવેજો પણ વહીવટી તંત્રમાં સબમીટ કરાવી દીધેલા છે. પરંતુ આ પ્રક્રિયા બાદ સામાન્ય ક્ષતીના પગલે આ ધપી શકી નથી. જેના પગલે આ ચારેય સુચીત સોસાયટીઓને રેગ્યુલાઈઝ કરવામાં વિલંબ થઈ રહ્યો છે. આ સોસાયટીના રહીશોએ વધુમાં એવું પણ જણાવ્યું હતું કે તેઓ છેલ્લા ૩૫થી ૪૦ વર્ષોથી તેઓના કુટુંબ સાથે આ સોસાયટીમાં વસવાટ કરી રહ્યા છે. પરંતુ તેઓની સુચીત સોસાયટીઓને રેગ્યુલાઈઝ કરવા માટેની વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરવા છતા હજુ સુધી રેગ્યુલાઈઝ થવા પામી નથી.

### અગાઉ ફાઈલ ગાંધીનગર પણ પહોંચી હતી

અગાઉ આ સૂચીત સોસાયટીઓના મામલે ધારાસભ્ય દ્વારા કલેકટર કચેરી ખાતે ફરીયાદ સંકલનની બેઠકમાં પ્રશ્ન ઉઠાવી રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ગાંધીનગર ખાતે આ સોસાયટીને રેગ્યુલાઈઝ કરી આપવાની પ્રક્રિયામાં ક્ષતિ નિકળતા આ પ્રશ્ન હજુ જેમને તેમ યથાવત રીતે લટકી પડયો છે. જેથી આ બાબતે તત્કાલ પગલા લેવા આ સોસાયટીના રહીશોએ ધારાસભ્ય ઉદયભાઈ કાનગડની આગેવાની હેઠળ રજૂઆત કરી હતી. આ મામલે કલેકટર પ્રભવ જોશી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આગામી ૧૫ દિવસમાં આ પ્રશ્ને અભ્યાસ કર્યા બાદ ફરી એક વખત ઉપરોકત ચારેય સોસાયટીઓના આગેવાનો સાથે બેઠક આયોજીત કરવામાં આવશે જે બાદ આ સોસાયટીઓને રેગ્યુલાઈઝ કરવા માટેના જરૂરી પ્રયાસો કરવામાં આવશે.

## તંત્રીલેખ



# ઘોરખોદિયા વિપક્ષી નેતાઓને 'ઓપરેશન સિંદૂર' જેવી કાર્યવાહીથી પણ મરચાં લાગે છે

પહલગાંવમાં આતંકી હુમલા બાદ દેશ આખો ખળભળી ઉઠ્યો હતો ત્યારે વિપક્ષ વડાપ્રધાન મોદીને ઘેરવાના પેંતરા રચી રહ્યો હતો. પહલગાંવ હુમલાને લઈને વડાપ્રધાન મોદી પાસે જવાબ માંગી રહ્યો હતો. હુમલાનો જવાબ કેવી રીતે અને ક્યારે આપશો એવા જાહેરમાં સવાલો પુછીને પોતાની અક્કલનું પ્રદર્શન કરી રહેલા રાહુલગાંધીથી લઈને શીવ સેનાના રાઉત સહિતના નેતાઓમાં એટલી પણ સભાનતા ન હતી કે હવે શું કરવાના છીએ એના ખુલાસા જાહેરમાં કરે એવા પીએમ નરેન્દ્ર મોદી તમારા જેવા અક્કલમઠ્ઠા નથી. સમય આવ્યે પાકિસ્તાનને તેના કૂકર્મોનો જવાબ મળી ગયો પણ એ જવાબમાંથી પણ દૂધમાંથી પોરા કાઢવા જેવી બાલિશ બયાનબાજી વિપક્ષે ચાલુ રાખી. ભારતીય સેનાએ ગણતરીના દિવસોમાં - ઘડીના છઠ્ઠા ભાગમાં પાકિસ્તાની આતંકી અડ્ડાનો સફાયો કરીને પાકિસ્તાનને સ્પષ્ટ ચેતવણી નહીં, ધમકી આપી દીધી હતી. કે હવે જો એક પણ આતંકી હુમલો થશે તો તે માટે પાકિસ્તાન જવાબદાર ગણાશે અને સજા ભોગવશે. દેશના દુશ્મનને આપણે જવાબ બરાબર આપ્યો છે, પણ ઘરમાં બેઠેલા ભારતના જ હિતશત્રુ દેશદ્રોહીઓને સજા ક્યારે થશે ? કાયદા અનુસાર સજાની કાર્યવાહીમાં વિલંબ થશે, પણ જનતાની અદાલતે આખરી ચુકાદો આપવાનો સમય હવે પાકી ગયો છે. આતંક સામે દેશની જનતાએ - ભાષા અથવા જાત - પાતના ભેદભાવ વિના એકતા બતાવી છે. દુશ્મનનાં આક્રમણ વખતે એકતાનું વિરાટ સ્વરૂપ જોવા મળ્યું પહેલગામમાં દેશના ખૂણે ખૂણેથી આવેલા પર્યટકોને માત્ર ધર્મ - હિન્દુ પૂછીને હત્યાકાંડ થયો, તે પછી માત્ર હિન્દુ નહીં, તમામ હિન્દુસ્તાનીઓ - મુસ્લિમ, શીખ - ઈસાઈ - તમામનું લોહી ઊકળી ઊઠયું.

દંભી - નકલી સેક્યુલરવાદીઓને આ જવાબ છે. મઝહબનાં નામે ભારતમાં કોમી હુલ્લડ અને અશાંતિ સર્જવા માગતા દુશ્મનને અખંડ ભારતનો આ જવાબ છે. પણ આપણાં ઘરમાં બેસીને ઘોર ખોદતા કેટલાક ઘોરખોદિયા રાજકીય નેતાઓને ભારતની એકતા આંખમાં કણાની જેમ ખૂંચે છે. પહેલગામમાં હત્યારાઓએ હિન્દુધર્મીઓને નિશાન બનાવ્યા એટલે આ નેતાઓનો નકલી સેક્યુલરવાદ સળવળ્યો અને હત્યારાઓના બદલે ભારત સરકાર સામે સવાલ ઉઠાવ્યા. ભાજપનો ચૂંટણીવ્યૂહ હોવાના નાદાનિયતભર્યા આક્ષેપ થયા. આ પછી ભારતે પાકિસ્તાની આતંકી અડ્ડાઓ ઉપર હુમલા શરૂ કર્યા ત્યારે પણ શંકા અને આપણી સેનાની શક્તિ અને કાર્યવાહીમાં શંકા જગાવવાના પ્રયાસ થયા. 'કેટલા આતંકી માર્યા ? આપણા કેટલા પ્લેન નષ્ટ થયા?

પહેલગામના હત્યારાઓને જીવતા પકડીને અમારી સામે હાજર કરો' - એવી મૂર્ખામીભરી માગણી થઈ. આપણા વિદેશપ્રધાન એસ. જયશંકરે પાકિસ્તાનને ચેતવણી આપી કે આતંક સામેની કાર્યવાહીમાં દખલ કરતા નહીં, ભારતે પાકિસ્તાની સેના ઉપર હુમલા કર્યા નથી. આમ છતાં પાકિસ્તાને ડ્રોન - મિસાઈલ્સ હુમલા કર્યા. ડ્રોનનાં ઝુંડનાં ઝુંડ આવ્યાં અને મગતરાં - મચ્છરની જેમ આપણે મસળી નાખ્યાં. પાકિસ્તાનની અંદર ઘૂસીને વીણી વીણીને માર્યા ત્યારે અમેરિકાની સલાહથી પાકિસ્તાને ભારતને યુદ્ધવિરામની આજીજી કરી અને ભારતે માન્ય રાખી. સાથે સ્પષ્ટતા કરી કે યુદ્ધ સ્થગિત છે સમાપ્ત નથી. આટલી સ્પષ્ટતા હોવા છતાં કોંગ્રેસે હોબાળો મચાવ્યો કે અમેરિકાનાં દબાણ હેઠળ ભારત ઝૂકી ગયું છે ! ટ્રમ્પને તો યશ ખાટવો હતો, પણ કોંગ્રેસી નેતાના દાંત કેમ ખાટા થઈ ગયા ?! પાકિસ્તાને શરણાગતિ માગી એટલે કોની આબરૂ અને શેખી ધૂળમાં મળી ? આપણા વિદેશપ્રધાન જયશંકરે પાકિસ્તાનને ચેતવણી આપી હતી અને વિદેશ ખાતાંએ આ અંગે સ્પષ્ટતા કરીને જણાવ્યું હોવા છતાં રાહુલ ગાંધી વારંવાર આક્ષેપ કરે છે કે જયશંકરે પાકિસ્તાનને આગોતરી માહિતી આપી દીધી, તેથી આપણાં વિમાનો તોડી પાડવામાં આવ્યાં અને ઘણા આતંકીઓ પણ ભાગી ગયા - કેટલાં વિમાનો પાકિસ્તાને તોડયાં - જાહેર કરો! પાકિસ્તાનને મદદ કરવા માટે આવા આક્ષેપ થાય છે આનો ઉપયોગ પાકિસ્તાની ટીવી ઉપર ભારતવિરોધી પ્રચારમાં થાય છે. હદ તો ત્યારે થઈ, જ્યારે જયશંકરને 'જયચંદ' કહેવામાં આવ્યા. વાસ્તવમાં અમિત શાહ અને જયશંકર તો મોદીના ડાબા - જમણા હાથ છે. આંતરરાષ્ટ્રીય તખતા ઉપર પાકિસ્તાનનો પર્દાફાશ કર્યો છે, તેથી જ એમનું રાજીનામું માગીને બદનામ કરવાનો પ્રયાસ છે. 'જયચંદ'ના જવાબમાં ભારતે રાહુલ ગાંધીને 'મીર જાફર' ગણાવ્યા છે. મીર જાફર બંગાળની સેનામાં સિરાજ ઉદ્ દૌલ્લાના કમાન્ડર હતા, પણ પ્લાસીનાં યુદ્ધમાં અંગ્રેજોને મદદ કરી ને બંગાળને દગો કર્યો હતો ! કારગિલ લડાઈ વખતે પણ કોંગ્રેસે ભાજપ ઉપર આશંકા અને આક્ષેપો કર્યા હતા. પાકિસ્તાને આક્રમણ કર્યું હોવાનું સ્વીકારવા તૈયાર ન હતા અને પછી જ્યોર્જ ફર્નાન્ડિસ ઉપર આક્ષેપ કર્યો કે શહીદોનાં કફન ખરીદીમાં ભ્રષ્ટાચાર થયો છે !

પુલવામા અને બાલાકોટ વખતે પણ આક્ષેપોના ગપગોળા છોડયા હતા. સૌથી ગંભીર ફ્રેન્ચ રાફેલ વિમાનોની ખરીદીના કરાર ભારતના પૂર્વ સંરક્ષણપ્રધાન મનોહર પર્રિકરે કર્યા પછી રાહુલ ગાંધી 'ભ્રષ્ટાચાર'ના પુરાવા મેળવવા પેરિસ ગયા અને પછી ભારત આવીને સંસદમાં આક્ષેપ કર્યા. આખરે સુપ્રીમ કોર્ટની તપાસમાં નાક કપાવ્યું, પણ રાહુલના પ્રયાસ બોફોર્સનો બદલો લેવા અને ભાજપ ઉપર દાઝ ઉતારવા માટે હતા ! યુદ્ધવિરામ પછી પત્રકારો અને દેશને માહિતી આપવા માટે - બે મહિલા સેના અધિકારીઓની પસંદગી થઈ તે કાબિલેદાદ હતી. આમાંનાં એક પ્રવક્તા કર્નલ સોફિયા કુરેશી હતાં. એમના વિશે મધ્યપ્રદેશના એક પ્રધાન કુંવર વિજય શાહે અયોગ્ય - અપમાનજનક ટકોર કરી. 'આતંકવાદીઓની બહેન' કહેવાની જરૂર હતી? એમની નિષ્ઠા અને ભારત પ્રતિની વફાદારીમાં શંકા જગાવે તેવી ટિપ્પણી સામે વિરોધ જાગ્યો. હાઈકોર્ટના હુકમ પછી પોલીસે એફઆઈઆર નોંધી અને ધરપકડ રોકવા સુપ્રીમ કોર્ટમાં અરજી થઈ, પણ અદાલતે સાફ કહ્યું કે છટકવા માટે મગરનાં આંસુની જેમ માફી માગી છે ! આ કેસની તપાસ કરવા વિશેષ સમિતિ નીમાઈ છે અને તેનો અહેવાલ સુપ્રીમ કોર્ટને આપવો પડશે. આપણા વિદેશ ખાતાના સચિવ વિક્રમ મિસરીએ રોજ પત્રકારો અને દેશને માહિતગાર રાખવા શ્રેષ્ઠ કામગીરી બજાવી હોવા છતાં કેટલાક નેતાઓએ વિવાદ સર્જ્યો ! પાકિસ્તાની આતંકના વિરોધ અને ઓપરેશન સિંદૂરનાં સમર્થનમાં દેશભરમાં સરઘસ નીકળ્યાં. પાકિસ્તાન ઉપરાંત તુર્કી અને અઝરબૈજાનનો બહિષ્કાર શરૂ થયો. પર્યટક કંપનીઓએ બુકિંગ કેન્સલ કર્યાં. સર્વત્ર સ્વદેશાભિમાનનો જુવાળ હોય ત્યારે સંજય રાઉત જેવા નેતાઓ વિરોધના આલાપ શરૂ કરે, તે કમનસીબી છે.ભૂતકાળમાં ઈન્દિરા ગાંધીએ પણ ફિલ્ડ માર્શલ માણેકશાને યોગ્ય આદર આપ્યો નહોતો. ફિલ્ડ માર્શલ પણ નાછૂટકે બનાવ્યા, પણ મરણોત્તર અપમાન થયું. રાષ્ટ્રપતિ ડો. કલામ એમને મળવા હોસ્પિટલમાં ગયા અને પૂછયું - કોઈ સમસ્યા, ફરિયાદ તો નથી ને? ત્યારે માણેકશાએ કહ્યું - 'જી, મોટી સમસ્યા છે. મારા રાષ્ટ્રપતિ - ત્રણે દળના સરસેનાધિપતિ આવ્યા છે અને હું ઊભો થઈને સલામ કરી શકતો નથી, તેનો રંજ છે.' આ એક સૈનિકની શિસ્ત હતી. બાંગલાદેશનાં યુદ્ધ અને વિજય પછી આપણા સેનાપતિ - માણેકશાનું નામ દેશભરમાં - અને વિદેશોમાં ગાજતું થયું અને આપણા - લશ્કરી અને રાજકીય ઈતિહાસમાં અમર થયું. વી. કે. કૃષ્ણમેનન સંરક્ષણ પ્રધાન હતા, ત્યારે ભારતીય સેનાના વડા જનરલ કે. એસ. થિમૈયા સાથે મતભેદ હતા અને આ વિવાદ ઘણો ચગ્યો હતો.

# ગેરકાયદે મદરેસાઓ પર નકેલ કસવાના યોગી સરકારના પ્રયાસો મુસ્લિમ સમાજના યુવાનોને મુખ્યપ્રવાહમાં લાવવાનો નવો માર્ગ કંડારી રહ્યા છે

**ઉત્તર પ્રદેશ સરકારને શંકા છે કે યોગ્ય દસ્તાવેજો વિના ચાલી રહેલી મદરેસામાં ગેરકાયદેસર કામ થઈ રહ્યાં છે. પ્રદેશમાં લઘુમતી કલ્યાણમંત્રી ઓમપ્રકાશ રાજભર પ્રમાણે, ''પ્રદેશની એક-બે મદરેસામાં તો નકલી નોટ છાપવાનું કામ થઈ રહ્યું હતું, જે પોલીસે પકડી પાડ્યું હતું**

ઉત્તર પ્રદેશમાં ગેરકાયદે મદરેસાઓને બંધ કરી ગેરકાયદે મદરેસાઓને તોડી પાડવાનો મામલો વારંવાર ગરમાતો રહે છે. મદરેસાઓમાં માત્ર ધાર્મિક (અહીં ઈસ્લામ-એમ વાંચો) શિક્ષણ જ આપવામાં આવે છે. અને મુખ્ય પ્રવાહના શિક્ષણ પ્રત્યે ઓછુ ધ્યાન અપાય છે કે, બિલ્કુલ આપવામાં આવતુ નથી. આવા આક્ષેપો સમયાંતરે થતાં રહે છે. મુસ્લિમ સમાજમાં બાળક-બાળકી ચાલતુ થાય અને થોડુ ઘણુ સમજણુ થાય કે તરત જ બાળકોને મદરેસામાં ધાર્મિક શિક્ષણ માટે બેસાડી દેવામાં આવે છે. જ્યાં નમાજ પઢવાથી માંડીને જે તે સારા-માઠા પ્રસંગોએ મુસ્લિમ ધર્મના પ્રયસન મુજબ કરવાના થતાં વિધિ-વિધાન તેની બોલી, શબ્દો વગેરેનું પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. સમજોને કે પ્લે હાઉસ દરમિયાન અન્ય અજાણ્યા લોકો સાથે હળવા-મળવા જેવું. શિક્ષણ અપાય છે. જ્યાં તમામ બાળકો માત્રને માત્ર પોતાની (મુસ્લિમ) કોમ્યુનિટીના જ હોવાને કારણે ધાર્મિક ઐક્યનો ગુણ મદરેસાના શિક્ષણ દરમિયાન જ વિકસવા લાગે છે. જે આગળ જતાં કટ્ટર ધાર્મિકતામાં પરિણમવાનો હોય છે.

ઉત્તર પ્રદેશ સરકાર ભારત-નેપાળ સીમાની નિકટના વિસ્તારોમાં મદરેસા અને દબાણ વિરુદ્ધ અભિયાન ચલાવી રહી છે. પ્રદેશના સાત જિલ્લામાં ચાલી રહેલા આ અભિયાનને કારણે ઘણી મદરેસામાં શિક્ષણકાર્ય ઠપ છે. રાજ્ય સરકાર નેપાળની સીમાની નિકટ ૧૫ કિમીના અંતરમાં આવેલાં ધાર્મિક સ્થળો અને મદરેસાની તપાસ કરી રહી છે. સરકાર પ્રમાણે ૧૪ મે સુધી ૨૨૫ મદરેસા, ૩૦ મસ્જિદો, ૨૫ મઝાર અને છ ઈદગાહો પર કાર્યવાહી કરાઈ છે. રાજ્ય સરકારનો દાવો છે કે સરકારી જમીન પર બનેલાં એ મદરેસા અને ધાર્મિક સ્થળોને સીલ કરાઈ રહ્યાં છે કે તોડી પાડવામાં આવી રહ્યાં છે, જેમની પાસે કાયદેસરના દસ્તાવેજ નથી.

યુપીના લઘુમતી મામલાના મંત્રી ઓમપ્રકાશ રાજભરે કહ્યું કે, ''મદરેસા ખોલો, તો શિક્ષણ આપો. તેને હોટલ કે આવાસ માટેની વ્યવસ્થા ન બનાવો. જો વિદેશી આવીને રહેશે તો શંકા થશે. શિક્ષણ સિવાય અન્ય કોઈ કામ કરશો, તો તપાસ થશે. તપાસમાં દોષિત ઠરશો, તો કાર્યવાહી થશે. જેઓ નિર્દોષ છે, શિક્ષણ આપી રહ્યા છે, તેઓ નિર્ભીક અને નીડરપણે કામ કરી શકે છે.'' ઉત્તર પ્રદેશ સરકારને શંકા છે કે યોગ્ય દસ્તાવેજો વિના ચાલી રહેલી મદરેસામાં ગેરકાયદેસર કામ થઈ રહ્યાં છે. પ્રદેશમાં લઘુમતી કલ્યાણમંત્રી ઓમપ્રકાશ રાજભર પ્રમાણે, ''પ્રદેશની એક-બે મદરેસામાં તો નકલી નોટ છાપવાનું કામ થઈ રહ્યું હતું, જે પોલીસે પકડી પાડ્યું હતું.'' જોકે, બીજી તરફ મદરેસાના સંચાલકોનું કહેવું છે કે આ આરોપ પાયાવિહોણા છે.

શ્રાવસ્તીના બનગાઈસ્થિત મદરેસાના સંચાલક મેરાજ અહમદ કહે છે કે, ''તરાઈના આ વિસ્તારમાં લઘુમતી સમાજની સારી એવી વસ્તી છે, પરંતુ ગરીબી ખુબ વધુ છે. મદરેસામાં મફત શિક્ષણ અપાય છે. જેથી લોકો ભણીગણી શકે, પરંતુ સરકારની મંશા કંઈક અલગ છે.'' બીજી તરફ સમજવાદી પાર્ટીનો આરોપ છે કે સરકાર માત્ર રાજકીય કારણોથી લઘુમતીઓને નિશાન બનાવી રહી છે. પાર્ટીના પ્રવક્તા ફખરુલ હસન પ્રમાણે, ''જ્યાં પણ ભાજપની સરકાર છે. ત્યાં લઘુમતી અને તેમનાં સંસ્થાઓને નિશાન બનાવાઈ રહ્યાં છે. આ બંધારણનું ઉલ્લંઘન છે.'' સમાજવાદી પાર્ટીના પ્રમુખ અને ભૂતપૂર્વ મુખ્ય મંત્રી અખિલેશ યાદવે પણ આ કાર્યવાહી અંગે ભાજપ પર સાંપ્રદાયિક રાજકારણ કરવાનો આરોપ કર્યો. અમુક દિવસ પહેલાં પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું કે દસ્તાવેજ ન હોવાના મામલાનું સમાધાન શોધી શકાયું હોત. તેમણે સવાલ ઉઠાવ્યો કે જ્યારે આ બધું બની રહ્યું હતું ત્યારે



અધિકારી ક્યાં હતા.

**પ્રસંગ રંગ**
**- પી.એન.જાડેજા**

નેપાળથી ઉત્તર પ્રદેશ લગભગ ૭૨૦ કિમી લાંબી બોર્ડર ધરાવે છે. આ ઓપન બોર્ડર છે અને તેની દેખરેખ સશસ્ત્રી સીમા બળ (એસએસબી) રાખે છે. નેપાળ અને ભારતના નાગરિક હજારોની સંખ્યામાં દરરોજ અહીંથી અવરજવર કરે છે. બહરાઈચથી ૪૫ કિમીના અંતર રૂપઈડીહા બોર્ડરથી નેપાળગંજ લોકો દરરોજ અવરજવર કરે છે. ત્યાં એસએસબી માત્ર ઓળખપત્ર જોઈને અને તલાશી લઈને જવાની પરવાનગી આપી દે છે. અહીં ૪૯૫ દબાણોને ચિહ્નિત કરાયાં છે, જે પૈકી એક ડઝન કરતાં પણ વધુ મદરેસા સીલ કરી દેવાઈ છે. નાનપારાના મામલતદાર અંબિકા ચૌધરીએ કહ્યું, ''રેવન્યૂની ટીમ જમીનની માપણી કરી રહી હતી. સરકાર જમીન પર જે ગેરકાયદેસર બાંધકામ છે, તેમની વિરુદ્ધ કાયદાની મર્યાદામાં રહીને કાર્યવાહી થઈ રહી છે.''

રેવન્યૂ અને લઘુમતી વિભાગની ટીમ સ્થાનિક પોલીસ સાથે દરરોજ ગામેગામ જઈને તપાસ કરી રહી છે. યોગ્ય દસ્તાવેજ ન હોય એવી મદરેસાને સીલ કરાઈ રહી છે. રૂપઈડીહાથી પાંચ કિમી દૂર રંજિતબોઝા ગામ છે. એ નેપાળની સીમાથી લગભગ બે કિમી દૂર આવેલું છે. આ ગામ પાસે સરકારે નવું ઈન્લેન્ડ પોર્ટ પર બનાવ્યું છે. જ્યારે વહીવટીતંત્રની ટીમ એક મદરેસા પર પહોંચી, તો તપાસમાં જમીના કાગળ યોગ્ય લાગ્યા, પરંતુ મદરેસાને માન્યતા નહોતી. તેથી સીલ કરાયા બાદ થોડોક ભાગ તોડી પણ પડાયો. મદરેસાના સંચાલક મોહમ્મદ સલમાન ખાન કહે છે કે, ''૨૦૧૬માં મદરેસા ખૂલી છે. ૨૦૧૭થી માન્યતા નથી મળી રહી, તો માન્યતા કેવી રીતે પ્રાપ્ત કરીએ.'' સરકારી જમીન પર મદરેસા હોવાના આરોપ અંગે તેમણે કહ્યું, ''આને લગતો કેસ ચાર વર્ષથી કોર્ટમાં ચાલી રહ્યો છે.'' અહીં ભણતાં કૈસર જહાં કહે છે કે તેઓ મોટાં થઈને ડોક્ટર બનવા માગે છે. તેઓ કહે છે, ''મને બાયોલોજી ગમે છે. પરંતુ મદરેસા બંધ છે, તો ઘરકામ કરું છું અને બકરી ચરાવું છું.'' જોકે, આ ગામમાં એક છેડે બનેલી બીજી મદરેસા સીલ નથી કરાઈ. જે મદરેસા માપદંડ અનુસાર છે, તેમને માન્યતા અપાશે.''

શ્રાવસ્તીના જમુનહા તાલુકાના બનગાઈમાં દારૂલ ઉલૂમ અરબિયા અનવારૂલ ઉલૂમ મદરેસાને સીલ કરી દેવાઈ છે. તંત્ર પ્રમાણે એ સરકારી જમીન પર બની છે. જોકે, શ્રાવસ્તીના બનગાઈસ્થિત મદરેસાના સંચાલક મેરાજ અહમદનું કહેવું છે કે, ''મદરેસા ૧૯૬૦માં બની છે અને ચકબંદી (અધિકારોનું એકત્રીકરણ) ૧૯૬૮માં થઈ. અમારી મદરેસા પાસે માન્યતા પણ છે. સરકારી દસ્તાવજોમાં સ્કૂલ નોંધાઈ ચૂકી છે. તો મદરેસા અને સ્કૂલ અલગ-અલગ નથી. અમારી મદરેસામાં છોકરા-છોકરી થઈને કુલ ૩૮૦ બાળકો હતાં.''

આ મદરેસાને ૧૪ મેના રોજ હાઈકોર્ટ પાસેથી રાહત મળી ગઈ છે, પરંતુ કાયદાકીય પ્રક્રિયા પૂર થયા બાદ જ શિક્ષણકાર્ય શરૂ થઈ શકે છે. તેનાથી થોડે દૂર જમુનહા મદરેસા બંધ છે. સ્થાનિક નિવાસી ઈસ્માઈલનાં બે બાળકો ત્યાં ભણી રહ્યાં હતાં. તેમનું કહેવું છે કે, ''બાળકોનું ભણવાનું બંધ છે. ખાનગી સ્કૂલોની ફી ખૂબ વધુ છે, તેથી અમે લોકો ત્યાં પોતાનાં બાળકોને કેવી રીતે મોકલી શકીએ. હવે બાળકો આખો દિવસ અહીંતહીં ફર્યા કરે છે. ઘરના વડીલોનું કહેવું પણ નથી માનતાં. મદરેસામાં શિક્ષણ મફત હતું, તો થોડું ઘણું ભણી રહ્યાં હતાં.'' શ્રાવસ્તીના જિલ્લાધિકારી અજયકુમાર દ્વિવેદી કહે છે કે, ''ભારત-નેપાળ સીમાની આસપાસનાં ધાર્મિક સ્થળોની તપાસ કરાઈ રહી છે. તે પૈકી જે ગ્રામસભાની કે શાસકીય જમીન પર છે, જે માપદંડોને અનુરૂપ નથી. જેમની પાસે માન્યતા નથી, તેમની વિરુદ્ધ કાર્યવાહી કરાઈ રહી છે.'' ઉત્તર પ્રદેશ સરકાર તરફથી ૨૯ એપ્રિલના રોજ જાહેર કરાયેલ પ્રેસ નોટમાં કહેવાયું હતું કે, ''નેપાળની સીમાની આસપાસનાં ક્ષેત્રોમાં ઘણાં ગેરકાયદેસર ધાર્મિક સ્થળ અને દબાણને નષ્ટ કરી દેવાયાં. તેમજ માન્યતા વિનાના ચાલી રહેલી મદરેસાને નિયંત્રણમાં લાવતાં તેમને સીલ કરી દેવાઈ.''

સરકારી આંકડા અનુસાર, સાત જિલ્લામાં ચાલી રહેલા અભિયાનમાં ૧૪ મે સુધી મહારાજગંજમાં ૪૬, સિદ્ધાર્થનગરમાં ૪૩, બલરામપુરમાં ૪૧, શ્રાવસ્તીમાં ૧૧૮, બહરાઈચમાં ૨૪, લખીમપુરમાં ૧૨ અને પીલીભીતમાં એક વિરુદ્ધ કાર્યવાહી થઈ છે. નીતિ આયોગના એક રિપોર્ટ અનુસાર આ વિસ્તાર ભારતના પછાત વિસ્તારોમાં સામેલ છે. શ્રાવસ્તી જિલ્લાનો સાક્ષરતા દર ૪૬ ટકા છે. બહરાઈચનો ૪૯ ટકા છે. જ્યારે રાષ્ટ્રીય સરેરાશ ૭૪ ટકા છે. સરકારી આંકડા અનુસાર વર્ષ ૨૦૨૨માં રાજ્ય સરકારે મદરેસાનો સર્વે કરાવ્યો હતો. આ સર્વેમાં લગભગ ૭,૫૦૦ મદરેસા માન્યતા વગર ચાલતી હોવાનું ખબર પડી હતી. પ્રદેશમાં લગભગ ૧૬,૫૦૦ મદરેસા માન્યતાપ્રાપ્ત છે. આ મદરેસામાં લગભગ ૨૦ લાખ વિદ્યાર્થીઓ ભણે છે. બીજી તરફ ૫૬૦ મદરેસાને સરકારી સહાય મળી રહી છે.

આવી સરકારી સહાય મેળવતા અને એના પર જ નભતા સેંકડો મદરેસાઓમાં દેશ વિરોધી ગતિવિધિ થતી હોવાનું સામે આવ્યા બાદ યોગી સરકારે મદરેસાઓ પર નકેસ કસવાનું શરૂ કર્યુ અને એ પ્રક્રિયામાં ઝડપ કરતા જ મૌલા-મૌલવીઓમાં હાય-તૌબા મચી ગઈ જો કે, કાયદાઓથી કોંગ્રેસની કેન્દ્ર સરકાર આ સ્થિતિ સામે આંખ આડા કાન કરતી આવી હતી જે સ્થિતિ હવે બદલાઈ છે. અને મદરેસાના શૈક્ષણિક અભ્યાસક્રમમાં સુધારા કરીને તેને મુખ્ય પ્રવાહની શિક્ષણ વ્યવસ્થા સાથે સમાયોજન સાધવાની ફરજ પાડી છે. જે સરવાળે તો મુસ્લિમ સમાજના બાળકો-યુવાનો ઉજ્જવળ ભવિષ્ય માટેની કંડી કંડારવાનું કામ જ કરશે.


# જપમાળામાં ૧૦૮ મણકાનું રહસ્યઃ જાણો આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક મહત્ત્વ

ધ્યાન અને મંત્ર જાપ માટે વપરાતી જપમાળ ભારતીય સંસ્કૃતિ અને ધાર્મિક પરંપરાઓનો અભિન્ન ભાગ છે. આ માળા સામાન્ય રીતે ૧૦૮ મણકાથી બનેલી હોય છે, જેના કારણે ઘણા લોકો ૧૦૮નું મહત્ત્વ જાણવા માટે ઉત્સુક બને છે.

શું આની પાછળ કોઈ આધ્યાત્મિક કે વૈજ્ઞાનિક રહસ્ય છે? આ લેખમાં આપણે જાપમાળાના ૧૦૮ માળાના મહત્ત્વ અને રહસ્ય વિશે વિગતવાર જાણીશું.

### જપમાળાની વિશેષતાઓ

જપમાળા એ એક ખાસ પ્રકારની માળા છ, જેમાં સામાન્ય રીતે ૧૦૮ માળા હોય છે. તેનો ઉપયોગ ધ્યાન, પૂજા, મંત્ર જાપ અને સાધનામાં થાય છે. ભક્તો દરેક મણકા દ્વારા એક મંત્રનો જાપ કરે છે, જેનાથી મનની એકાગ્રતા અને આધ્યાત્મિક ઊર્જા વધે છે. જપમાળનો ઉપયોગ ફક્ત હિન્દુ ધર્મમાં જ નહીં, પરંતુ બૌદ્ધ, જૈન અને શીખ ધર્મોમાં પણ થાય છે.



### ૧૦૮ નું આધ્યાત્મિક મહત્ત્વ

ભારતીય ધર્મો અને જ્યોતિષશાસ્ત્રમાં ૧૦૮ ને ખૂબ જ મહત્ત્વ પૂર્ણ માનવામાં આવે છે. આ પાછળ ઘણા આધ્યાત્મિક, વૈજ્ઞાનિક અને જ્યોતિષીય કારણો છે

### સૂર્યમંડળનો સંબંધ

સૂર્ય અને પૃથ્વી વચ્ચેનું સરેરાશ અંતર સૂર્યના વ્યાસ કરતાં લગભગ ૧૦૮ ગણું છે. તેવી જ રીતે, ચંદ્ર અને પૃથ્વી વચ્ચેનું અંતર પણ ચંદ્રના વ્યાસ કરતાં લગભગ ૧૦૮ ગણું છે. આમ, ૧૦૮ ને કોસ્મિક સંખ્યા ગણવામાં આવે છે.

### યોગ અને આયુર્વેદમાં ૧૦૮

યોગ શાસ્ત્રોમાં, ૧૦૮ મુખ્ય નાડીઓ (ઊર્જા માર્ગો) છે, જે પ્રાણ ઊર્જાના પરિભ્રમણ માટે જરૂરી માનવામાં આવે છે. તેથી, જપમાળાના ૧૦૮ માળા પ્રાણ ઊર્જાના જાગૃતિ અને સંતુલનનું પ્રતીક છે.

### મંત્ર જાપની સંખ્યા

પ્રાચીન ગ્રંથો અનુસાર, સાધક પોતાની સાધનામાં પૂર્ણતા પ્રાપ્ત કરી શકે તે માટે મંત્ર જાપની સંખ્યા ૧૦૮ નક્કી કરવામાં આવી છે. તેનો ૧૦૮ વાર જાપ કરવાથી માનસિક એકાગ્રતા અને આધ્યાત્મિક ઉન્નતિ થાય છે.

### ધાર્મિક ગ્રંથોમાં ૧૦૮નો ઉલ્લેખ

વેદ, ઉપનિષદ અને પુરાણોમાં ૧૦૮નું મહત્ત્વ વારંવાર જણાવાયું છે. આ સંખ્યા સાથે ૧૦૮ શ્લોક, ૧૦૮ અટક અને ૧૦૮ પવિત્ર સ્થાનો પણ સંકળાયેલા છે.

### જપમાળામાં ગુરુ માળા

જપમાળામાં ૧૦૮ મણકા ઉપરાંત, એક મોટો મણકો હોય છે, જેને ગુરુ મણકો અથવા મેરુ મણકો કહેવામાં આવે છે. આ મણકો સાધનાનો આરંભ અને અંત બિંદુ છે. આ મણકા સુધી પહોંચીને સાધક પોતાનો જપ પૂર્ણ કરે છે. ગુરુમાળા સાધક અને ગુરુ (ગુરુ, ભગવાન અથવા ધ્યાનનું કેન્દ્ર) વચ્ચેના જોડાણનું પ્રતિનિધિત્વ કરે છે.

### માળા જાપ કરવાના વૈજ્ઞાનિક ફાયદા

જપમાળાના આધ્યાત્મિક ફાયદાઓ ઉપરાંત, તેના વૈજ્ઞાનિક ફાયદા પણ છે. મંત્રોનો જાપ કરતી વખતે માળાના મણકા ગણવાથી મનની એકાગ્રતા વધે છે, ધ્યાન સુધરે છે અને તણાવ ઓછો થાય છે. મંત્રોના નિયમિત જાપથી માનસિક સ્વાસ્થ્ય સુધરે છે અને આધ્યાત્મિક શાંતિ મળે છે.

# આદુ ખાશો તો શરીરની પાંચ સૌથી મોટી સમસ્યાથી મળશે મુક્તિ

આદુ ઔષધીય ગુણોથી ભરપુર હોય છે. તેનું ખાસ રીતે સેવન કરવામાં આવે તો ગંભીર બીમારીઓથી મુક્તિ મળી શકે છે. આજે તમને જણાવીએ આદુનું સેવન કેવી રીતે કરવામાં આવે તો સૌથી વધારે લાભ થાય છે.

આદુનો ઉપયોગ સવારની ચા થી લઈને રસોઈમાં વ્યાપક રીતે કરવામાં આવે છે. આદુનો ઉપયોગ આયુર્વેદમાં ઔષધી તરીકે પણ કરવામાં આવે છે. કારણ કે આદુમાં એવા ગુણ હોય છે જે શરદી, ઉધરસ અને કેટલીક ગંભીર બીમારીઓની સારવારમાં પણ મદદરૂપ થાય છે. આદુ આયરન, કેલ્શિયમ, આયોડિન, ક્લોરિન અને વિટામીન જેવા પોષક તત્વોથી ભરપૂર હોય છે જે કેટલીક બીમારીઓને દૂર કરવાની ક્ષમતા ધરાવે છે.

જણાવે છે કે આદુમાં એન્ટિ ઓક્સિડન્ટ અને અન્ટી ઈન્ફ્લેમેટરી ગુણ હોય છે. આદુ ખાવાથી ઈમ્યુનિટી બુસ્ટ થાય છે અને સાંધાના દુખાવાને દૂર કરવામાં મદદ મળે છે. આદુ ખાવાથી ત્વચાને પણ લાભ થાય છે. આદુ ખાવાથી શરીરમાં બ્લડ ફ્લો સુધરે છે. આદુનું સેવન કરવાથી શરીરને થતા લાભ વિશે તમને પણ જણાવીએ.

### આદુથી થતા ફાયદા

◈ જો તમને જમ્યા પછી છાતીમાં બળતરા થતી હોય કે ખાટા ઓડકાર આવતા હોય તો આદુ ખાવું જોઈએ. આદુ ખાવાથી શરીરમાં એસિડનું પ્રમાણ કંટ્રોલમાં રહે છે. તેના માટે જમ્યાની દસ મિનિટ પછી એક કપ પાણીમાં ૧ ચમચી આદુનો રસ ઉમેરીને પીવો.

◈ જો તમને સવારે ઊઠીને ઉબકા કે ઉલટી જેવું થતું હોય તો મોર્નિંગ સીકનેસના લક્ષણોને દૂર કરવામાં પણ આદુ મદદ કરી શકે છે.

◈ આદુમાં જીંજરોલ નામનું બાયો એક્ટિવ હોય છે જે પાચન એન્જાયમને ઉત્તેજિત કરી પાચનમાં સુધારો કરવામાં મદદ કરે છે. તેનાથી ગેસ, એસીડીટી અને સોજા જેવી સમસ્યાથી પણ રાહત મળે છે.

◈ આદુમાં એન્ટિ ઈન્ફ્લેમેટરી ગુણ હોય છે જે સાંધાના દુખાવાને ઓછો કરવામાં મદદ કરે છે. આદુનું સેવન કરવાથી અથવા તો આદુનો રસ સાંધામાં લગાડવાથી સોજો અને દુખાવો ઓછો થઈ શકે છે.

◈ માસિક દરમિયાન કમરમાં દુખાવો થતો હોય તો પણ આદુ મદદરૂપ થઈ શકે છે. આદુનું સેવન આ રીતે કરવાથી દુખાવો દૂર થઈ જશે.

### આદુનું સેવન કરવાની સાચી રીત

સામાન્ય રીતે આદુનો ઉપયોગ ચા કે દાળ શાકમાં ઉમેરીને કરવામાં આવે છે. પરંતુ ઉપર જણાવેલા ફાયદા મેળવવા હોય તો આદુનું પાણી પીવાનું રાખો. તેના માટે જરૂર અનુસાર પાણી ઉકાળો અને તેમાં આદુ ખમણીને ઉમેરી દો. પાણી ઉકળી જાય પછી તેને ઠંડુ કરીને પીવાનું રાખો.









# લગ્ન પહેલાંની "ફિટનેસ" બાદમાં 'ફેટનેસ'માં કેમ પરિણામે છે ?

ધી ઓબેસિટી જર્નલમાં પ્રકાશિત થયેલા એક અહેવાલ અનુસાર લગ્ન પછી પાંચ વર્ષમાં લગભગ ૮૨ ટકા કપલોના વજનમાં પાંચથી દસ કિલોનો વધારો થાય છે. જો કે લગ્ન પછી પુરુષોની સરખામણીએ મહિલાઓના વજન વધુ વધે છે જેના માટે અનેક કારણો જવાબદાર છે.

પ્રત્યેક દુલ્હા અને દુલ્હનની ઈચ્છા હોય છે કે લગ્નના દિવસે તેઓ સૌથી સુંદર અને સૌથી ફિટ દેખાય. એના માટે તેઓ કેટલાક મહિના અગાઉથી જ ડાયટ અને વર્કઆઉટ ચાલુ કરી નાખે છે. પણ લગ્નના થોડા મહિનામાં જ બંને વર-વધુનું વજન વધવા લાગે છે. લગ્ન પહેલા ફિટ દેખાતા દુલ્હા-દુલ્હનના જીવનમાં આવેલા આ પરિવર્તન માટે શારીરિક તેમજ માનસિક જેવા અનેક પરિબળો જવાબદાર હોય છે.

આજના યુગમાં પરફેક્ટ મેચ,કારકિર્દીને પ્રાથમિક્તા, મહત્વાકાંક્ષા, સારી નોકરી, મોટા પેકેજ જેવા અનેક કારણસર વિલંબે લગ્ન કરવાનો ટ્રેન્ડ વધતો જાય છે. હાલના સમયમાં લગ્નની કોઈ ચોક્કસ વય નિર્ધારીત નથી. એક સરવે અનુસાર ૩૦ વર્ષની વય પછી શરીરનો મેટાબોલિક રેટ ઓછો થઈ જાય છે જેના કારણે પણ શરીર સ્થૂળ થવા લાગે છે અને વજન વધે છે.

લગ્ન પછી કન્યાનું ઘર બદલાય છે, સાથે અનેક વસ્તુઓ પણ બદલાય જાય છે. કન્યાએ નવા વાતાવરણ, નવા લોકો, નવા સંબંધો અને નવા રીતરિવાજ સમજવાના હોય છે. આવી બાબતો સાથે સુસંગત થતા તેને થોડી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ઉપરાંત જો કન્યા કોઈ નોકરી અથવા વ્યવસાય કરતી હોય તો તેણે ઘર અને ઓફિસ બંનેની જવાબદારી નિભાવવાની હોય છે. આ તમામ બાબતો તાણ ઉત્પન્ન કરનારી છે. તાણને કારણે વજન વધવું સ્વાભાવિક છે.

લગ્ન પહેલા પોતાને ફિટ રાખવા કન્યાઓ વર્કઆઉટ, જિમ, વિશેષ ડાયટ ફોલો કરતી હોય છે. પણ લગ્ન પછી આ શેડયુલમાં કોઈ કમી અથવા ફેરફાર થઈ જાય છે. ક્યારેક જિમ નથી જઈ શકતી અથવા ડાયટ પર નિયંત્રણ નથી રહેતું. નવા વાતાવરણમાં કન્યા માટે પ્રાથમિક્તા પણ બદલાય જાય છે. આવા કારણોસર કન્યા પોતાના આરોગ્ય માટે સમય નથી ફાળવી શકતી જેનું વિપરીત પરિણામ તેના વજન પર પડે છે.

કન્યાઓમાં લગ્ન પછી વજન વધવાનું મુખ્ય કારણ છે હોર્મોન્સમાં થતા ફેરફાર. લગ્ન પછી જાતીય જીવન સક્રિય થતા મહિલાઓના હોર્મોન્સમાં ફેરફાર થવા લાગે છે. એનાથી પણ



વજન વધે છે. ઉપરાંત કેટલીક મહિલાઓ ગર્ભનિરોધક ગોળીઓનું સેવન કરતી હોય છે જે પણ વજન વધવા માટે જવાબદાર છે.

લગ્નના થોડા દિવસ અગાઉથી જ કાર્યક્રમો શરૂ થઈ જતા હોય છે. લગ્ન પછી પણ અનેક રસમો નિભાવવાની હોય છે. એના કારણે ઘરમાં મહેમાનોની અવરજવર ચાલુ જ રહે છે. હસી ખુશી અને મસ્તીના વાતાવરણને કારણે ઊંઘવાનો શેડયુલ ખોરવાઈ જાય છે. આથી કપલને બ્લોટીંગની સમસ્યા થાય છે જેના કારણે પણ પેટ ફૂલી જાય છે.

લગભગ એક વર્ષ સુધી તો મેરિડ કપલનો પાર્ટીઓનો ટ્રેન્ડ ચાલુ રહે છે. ક્યારેક કપલના નજીકના મિત્રો તેમને ભોજન પર ઈન્વાઈટ કરે છે તો ક્યારેક પિયર અથવા ક્યારેક સાસરાપક્ષના સંબંધીઓને ત્યાં જમવા જવું પડે છે. આવી સ્થિતિમાં ડાયટનો ભોગ લેવાય છે અને ફિટનેસમાંથી ફેટનેસ તરફની સફર શરૂ થઈ જાય છે.

સાસરે નવવધુએ અનેક રસમ નિભાવવાની હોવાથી લગભગ મહિના સુધી તો તેણે પગ-ફેરા, મુંહ દિખાઈ અને પહેલી રસોઈ જેવી રસમોમાં ભાગ લેવો પડે છે. આવા રિવાજોના પાલનને કારણે કપલની, ખાસ કરીને કન્યાની શારીરિક પ્રવૃત્તિ નહિવત થઈ જાય છે. આથી જ ઘણીવાર કપલને તેમના નોર્મલ રુટિનમાં પાછા ફરતા લગ્ન પછી બેથી ત્રણ મહિના લાગી જાય છે.

લગ્ન પછી કપલને નોર્મલ રુટિનમાં પાછા આવતા કેટલાક મહિના લાગી જતા હોય છે. એવામાં તેમના જીમ અથવા વર્કઆઉટનો શેડયુલ ખોરવાઈ જાય છે. ઘણી વાર દિવસો સુધી જીમમાં વર્કઆઉટ કરવાની તક નથી મળતી. બંનેને ઘર અને ઓફિસ વચ્ચે સમય મેનેજ કરવામાં મુશ્કેલી પડતી હોય છે. જીમ, ભોજનના સમય, ઊંઘવાના તેમજ જાગવાના કોઈ શેડયુલ જળવાતા ન હોવાથી શરીરના સ્વાસ્થ્ય પર અસર પડે છે.

લગ્ન પછી યુવક અને યુવતી બંનેની લાઈફ સ્ટાઈલમાં ફેરફાર થવો સ્વાભાવિક છે. પણ સૌથી વધુ પરિવર્તન કન્યાના જીવનમાં આવે છે. હમેંશા આરોગ્યપ્રદ ડાયટ ફોલો કરતી કન્યાએ સાસરે જઈને પોતાના ડાયટમાં ફેરફાર કરવો પડે છે. નવી જગ્યા, નવા લોકો, અલગ પદ્ધતિથી બનાવેલો સ્વાદિષ્ટ ખોરાક, ખાવાના સમયમાં ફેરફાર અથવા અનિયમિતતા જેવા અનેક કારણસર ધીમે ધીમે કન્યાનું વજન વધવા લાગે છે.

લગ્ન પછી નવા મેરિડ કપલને અનેક મિત્રો અને પરિવારના સભ્યો લંચ અથવા ડિનરનું આમંત્રણ આપે છે. એકથી બે વર્ષ સુધી તો આવો જ સિલસિલો ચાલુ રહે છે. એના કારણે ડાયટ અને ફિટનેસનો સૌ પ્રથમ ભોગ લેવાય છે. બહારના તળેલા, મસાલેદાર અને જન્ક ફૂડના સેવનથી શરીરમાં વધારાની કેલરી જમા થાય છે જેનાથી વજન વધવા લાગે છે.

લગ્ન બાદ ઉપરોક્ત બાબતને નજરમાં રાખીને દિનચર્યા ગોઠવવામાં આવે તો લગ્ન બાદ વધતા વજન પર થોડેઘણે અંશે કાબુ મેળવી શકાય છે.

# પતિ-પત્નીના સંબંધોમાં આવતી ખટાશને મધ જેવી પ્રાકૃતિક મિઠાશમાં કેમ બદલી શકાય?

મોટા ભાગના પુરુષોને એ ગમતુ હોય છે કે એનો પાર્ટનર એક બેસ્ટ ફ્રેન્ડ પણ બની રહે. જોકે મિત્ર બનવાની ઘેલછામાં દોટ ન મૂકો. એને જ પૂછી જુઓ કે એક કપ કોફી સાથે એ તમારી સાથે કલાકો વીતાવવાનું પસંદ કરશે કે કેમ. તમારા સાથીદારના મિત્રવર્તુળમાં પણ હળવા-ભળવાનો એ રીતે પ્રયત્ન કરો કે એને એમ ન લાગે તમે એની અલાયદી 'સ્પેસ'માં વિક્ષેપ પાડવા માગો છો. તમારા પાર્ટનરમાં એ અનુભૂતિ જગાડવાનો પ્રયત્ન કરો કે એની મિત્ર અથવા ગર્લફ્રેન્ડ તરીકેની એની યાદો અને અનુભવ કેટલા રળિયામણા હતા.

તમારા સંબંધોમાં 'સ્પાર્ક' ફરી પાછો થાય અથવા કાયમ રહે એ માટે ફરી પાછી એ દિવસોની યાદ તાજી કરો જ્યારે તમે પ્રેમમાં પડયા હતા. એજ પ્રમાણેના ટૂંકા-ટચને મધુર સંદેશા પાઠવો જે તમે એક સમયે પાઠવતા હતા. એને એમ પ્રતીત થાય એવો પ્રયત્ન કરો કે એ તમારા માટે ખાસ છે.

એક વસ્તુ તમારે કરવી પણ ન જોઈએ અને એને લાગવી પણ ન જોઈએ કે તમે એની પાછળ ઘેલાં છે. કોઈક સમયે એ વાત વધુ યોગ્ય અને અનુરૂપ બની રહે છે કે તમે તમારા કામમાં વ્યસ્ત રહો અને એને એવું પ્રતીત થવા દો કે તમે એને કોઈક રીતે યાદ કેમ નથી કર્યા. આને કારણે ઢગલાબંધ મેસેજીસ કરવા પાળી તમે તમારા બીજા કામો માટે સમય ફાળવો અને એના પરથી ધ્યાન હટાવી લો. વધુ પડતી દરમિયાનગીરી અથવા 'અટેન્શનને કારણે તમારાથી વધુ દૂર થશે.

ખરાબ સમયની જેમ સારા સમયનો પણ હંમેશા અંત



આવે છે અને જો તમારા કહેવાતા સાચા સંબંધ એક તરફી હોય તો તમે ઘણી વખત એવી વ્યક્તિ પર તમારા સમય અને શક્તિનો ખર્ચ કરો છો જે ટૂંક સમયમાં તમારો ભૂતકાળ બની જવાનો છે તમે જો સાચે જ તમારા સંબંધ પ્રત્યે ગંભીર હો તો ફાજલ સમયનો વ્યય કરવાને બદલે તમારે તમારા મનગમતા પાત્રને એ વાતની યાદ અપાવવા પ્રયત્ન કરવો જોઈએ કે એક સમયે તમે સફળ નીવડયા હતા કે તમે એને ગમો અને ગમતા રહો. તમે ફરી એક વાર આ પ્રયત્ન કરી શકો. શક્ય છે કે તમારી એકવિધતા જોઈને એ તમારાથી કંટાળી ગયો હોય અને તમારાથી દૂર થઈ ગયો હોય.

તમે એને ફરજ તો ના પાડી શકો પરંતુ એ માટે પ્રયત્ન ચોક્કસ કરી શકો કે એને એ વાતની યાદ રહે કે એક સમયે તમે એને આકર્ષવામાં સફળ નીવડયા હતા.

એક દ્રષ્ટિએ જોતા કદાચ આ વધુ પરંતુ લાગશે પરંતુ તમારા મનગમતા પાત્ર માટે સુંદર ડ્રેસ પહેરવાથી તમારી કલ્પના અને ધારણથી બહારના પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. શક્ય છે કે તમે એક વખત સંબંધની ગાંઠે બંધાઈ ગયા હો પછી તમે સારા લાગવાના પ્રયત્ન કદાચ છોડી દીધા હોય અને એને કારણે એ કદાચ કંટાળી ગયો હોય. એને કદાચ એમ લાગ્યું હોય કે હવે તમે તમારી છબી અને વસ્ત્રો પ્રત્યે 'કેરલેસ' થઈ ગયા છે. પરંતુ એક વાત યાદ રાખો કે તમારો દેખાવ એ અત્યંત ગંભીર બાબત છે. આને કારણે તમે તમારી જાતને કેવી રીતે 'પ્રેઝન્ટ' કરો છો એ બાબતે વધુ સમય ફાળવો અને વધુ પ્રયત્નો કરો. એને જે પ્રકારના ડ્રેસ ગમતા હોય એ પ્રકારના ડ્રેસ પહેરીને જૂની યાદો તાજા કરવાનો પ્રયત્ન કરો. તમારો મેકઅપ-વાળની સાજસજાવટ પ્રત્યે નવેસરથી લક્ષ આપો. તમારે કોઈને આંજી નાખવાની જરૂર નથી પરંતુ એને એવું પ્રતીત થવા દો કે તમે હજી એને પામવા માટે પ્રયત્ન કરી રહ્યા છે.

# ઓવન વગર ઘરમાં જ બનાવો મુલાયમ ગાર્લિક નાન

મુલાયમ તંદૂરી ગાર્લિક નાનને જ્યારે પનીર ટિક્કા મસાલા અને દાલ ફ્રાઈની સાથે પીરસવામાં આવે છે ત્યારે બહુ જ સ્વાદિષ્ટ લાગે છે. તેને બનાવવા માટે નાનની ઉપર લસણ અને લીલા ધાણા છાંટીને પકાવવામાં આવે છે. ઘરે નાન બનાવવા માટે તમારી પાસે તંદૂર અથવા ઓવન હોવું જરૂરી નથી. આ રેસીપીમાં ગેસ પર જ તવાનો ઉપયોગ કરીને તંદૂરી સ્વાદવાળી નાન કેવી રીતે બનાવવામાં આવે છે તે બતાવ્યુ છે. તેના માટે નાનને એક બાજુથી તવાની ઉપર શેકવામાં આવે છે અને બીજી બાજુથી સીધી ગેસની ઉપર તંદૂરી સ્વાદ લાવવા માટે શેકવામાં આવે છે. જો તમારી પાસે ઓવન હોય તો તમે નીચે આપેલી ટીપ્સનું પાલન કરીને તેને ઓવનમાં પણ પકાવી શકો છો.




## બનાવવાની રીતઃ

એક મધ્યમ બાઉલમાં ઈન્સ્ટન્ટ ડ્રાઈ યીસ્ટ અને ખાંડ લો. તેમાં ૧/૨ કપ નવશેકું પાણી નાખોં, એક ચમચીથી મિશ્રણને હલાવો અને ૧૦-૧૫ મિનિટ માટે ઢાંકીને એક બાજુ રાખી દો. જો મિશ્રણમાં ફીણ (પરપોટા) થાય તો તેનો મતલબ યીસ્ટ સક્રિય છે, જો ફીણ ન થાય તો તેનો મતલબ છે કે અથવા તો યીસ્ટ સક્રિય નથી અથવા તમે બહુ વધારે ગરમ પાણીનો ઉપયોગ કરી રહ્યા છો. જો એવું થાય તો ફીણ વગરના યીસ્ટના મિશ્રણને ફેંકી દો અને ફરીથી મિશ્રણ બનાવો.એક કાથરોટમાં ૧૧/૨ કપ મેંદો (અથવા ૧ કપ મેંદો અને ૧/૨ કપ ઘઉંનો લોટ) ચાળી લો. તેમાં ૧-ટેબલસ્પૂન દહીં, ૧-ટેબલસ્પૂન તેલ અને મીઠું નાખોં.તેમાં સ્ટેપ-૧ માં બનાવેલું યીસ્ટનું મિશ્રણ નાખોં. તેમાં ૧/૩ કપ દૂધ નાખોં અને બરાબર મિક્ષ કરો. રોટલીના લોટની જેમ નરમ લોટ બાંધો. જો જરૂર હોય તો નરમ લોટ બાંધવા માટે થોડા ટેબલસ્પૂન પાણી નાખોં.લોટને તેલથી ચીકણો કરો અને એક મોટા બાઉલમાં (અથવા તે જ કાથરોટમાં) રાખો. લોટને ભીના કપડાંથી અથવા બાઉલને પ્લાસ્ટિક અથવા એક ઢાંકણથી ઢાંકો અને ૧ થી ૨ કલાક માટે હલ્કા ગરમ સ્થાને મૂકો. ત્યારબાદ ઢાંકણ કાઢો. તમને દેખાશે કે લોટ કેવો ફૂલી ગયો છે (જેમ ફોટામાં બતાવ્યુ છે તેમ).લોટને ફરીથી લગભગ ૨-૩ મિનિટ માટે અથવા નરમ થાય ત્યાં સુધી મસળો.ત્યારબાદ લોટને ૫-૬ સરખા ભાગોમાં વિભાજિત કરો અને તેમાથી ગોળા બનાવો. તેને એક ભીના કપડાંથી ઢાંકો અને ૩૦ મિનિટ માટે સાઈડમાં રાખો.તેને લંબાઈમાં લંબગોળ આકારમાં વણી લો (લગભગ ૬ ઇંચ લાંબુ અને ૧/૨ સેંટીમીટર જાડુ).હવે નાનને સરળતાથી તાવીથાનો ઉપયોગ કરીને કાઢી શકશો. તમને દેખાશે કે નીચેની સપાટી પર પણ સારો ગોલ્ડન બદામી રંગ થઈ ગયો છે.ગાર્લિક નાનની ઉપર બટર લગાવો અને પનીર મખની અથવા તમારી પસંદના કોઈપણ પંજાબી શાકની સાથે ગરમાગરમ પીરસો.

# જાદૂની ઝપ્પી બાળકોના વ્યક્તિત્વ વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે

યુ.કે.માં કરાયેલા અભ્યાસમાં બે હજારથી વધુ જોડિયા બાળકોની ચકાસણી કરાઈ હતી. આવા સંશોધનમાં સમાન જોડિયા બાળકોનું નિરીક્ષણ ખાસ મૂલ્યવાન હોય છે કારણ કે તેમના ડીએનએ સો ટકા સમાન હોય છે અને બંને સમાન વાતાવરણમાં ઉછર્યા હોય છે. જોડિયા બાળકોમાં બધુ સમાન હોય છે અને તેથી માત્ર કેટલી લાગણી તેમને મળી તેનો જ અભ્યાસ કરવાનો રહે છે. સંશોધકોને જાણ થઈ કે પાંચ અને દસ વર્ષ વચ્ચેના જે બાળકને તેની માતા તરફથી વધુ આલિંગન અને પ્રેમાળ ધ્યાન મળ્યા હતા તે મોટા થતા વધુ દયાળુ, કર્તવ્યનિષ્ઠ અને પ્રેમાળ બન્યા હતા.

ખુલ્લાપણું, કર્તવ્યપરાયણતા અને પ્રેમાળ વર્તન મનોચિકિત્સકો જેને બિગ ફાઈવ વ્યક્તિત્વ નિશાની કહે છે તેના મુખ્ય ઘટક છે. તે મજબૂત સંબંધો, બહેતર શૈક્ષણિક અને કારકિર્દી પરફોર્મન્સ તેમજ ભાવનાત્મક સુખાકારીના ઉચ્ચ સ્તર સહિત જીવનના સકારાત્મક પરિણામો સાથે નજીકથી જોડાયેલા છે. ખાસ તો પ્રારંભિક બાળવયે લાગણીશીલ અને દરકાર રાખવાથી સંતુલિત અને ભાવનાત્મક મજબૂત પુખ્ત વ્યક્તિના બીજ રોપી શકાય છે.

આ શોધને મહત્વ બનાવનારી બાબત છે કે સમાન જોડિયા બાળકો પરની અસર માપી શકાય છે. તેમની જેનેટિક બનાવટ અને પર્યાવરણ સમાન હોવાથી માતાની લાગણીમાં થોડો ફેરફાર પણ વ્યક્તિત્વમાં તફાવત રચવા માટે પર્યાપ્ત બને છે. આ લક્ષણો દર્શાવે છે કે માતાપિતાના પ્રેમનો કેવો શક્તિશાળી અને લાંબા ગાળાનો પ્રભાવ પડે છે. એક આલિંગન જેવું સાદુ અને સરળ વર્તન ભલે નજીવુ લાગે, પણ સમય જતા તે સુરક્ષા, વિશ્વાસ અને ભાવનાત્મક ટેકાનો સંકેત આપે છે. આ સંકેતો બાળકને



મૂલ્યવાન હોવાની અને ભાવનાત્મક સુરક્ષાની લાગણી આત્મસાત કરવામાં સહાય કરે છે જેનાથી તેનો પોતાના પ્રત્યેનો અભિગમ તેમજ સમાજ પ્રત્યે તેમનું વર્તન ઘડાય છે.

વ્યક્તિના જીવનમાં બાળપણ સૌથી રચનાત્મક તબક્કો હોય છે.આ પ્રારંભિક વર્ષોમાં બાળકના અનુભવ તેના વ્યક્તિત્વ,ભાવનાત્મક સુખાકારી અને ભાવિ ક્ષમતા માટેની પૃષ્ઠભૂમિ તૈયાર કરે છે. એક તરફ પ્રકૃતિ વિરુદ્ધ પાલનની ચર્ચા શૈક્ષણિક જિજ્ઞાસા ઉત્તેજિત કરતી રહી છે ત્યારે અમેરિકી સામાયિકમાં પ્રકાશિત એક નવો અભ્યાસ સમગ્ર વાદમાં રસપ્રદ આંતરદ્રષ્ટિ પ્રદાન કરે છે. આ અભ્યાસમાં જણાવાયું છે કે માતાના આલિંગનના આવર્તન અને હૂંફની બાળકના વ્યક્તિત્વ અને ભાવિ સફળતા પર લાંબા ગાળાની અસર પડે છે, આ વાત સમાન જોડિયા બાળકોને પણ લાગુ પડે છે.

આજના સમયમાં જ્યારે વાલીઓ બાળકના શૈક્ષણિક અને અભ્યાસેત્તર સિદ્ધિઓ બાબતે ચિંતિત હોય છે ત્યારે આ અભ્યાસ ખરેખર મહત્વનું શું છે તેનો અહેસાસ કરાવે છે. ભાવનાત્મક જોડાણ અને પ્રેમની સાદી સરળ અભિવ્યક્તિઓ જીવન પર્યંતની સફળતાનો પાયો રચી શકે.

આથી હવે જ્યારે તમે બાળકને ભેટો ત્યારે યાદ રાખો, એ માત્ર હૂંફની ઘડી નથી, પણ તેમના ભાવિના નિર્માણની આધારશીલા છે.

આલિંગન જેવી લાગણીની સાદી અભિવ્યક્તિ બાળકના મગજ, ભાવના અને વ્યક્તિત્વના વિકાસને અસર કરીને તેના ભાવિના ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે. આલિંગનથી તાણ ઘટાડતા અને સુખાકરીની લાગણી જન્માવતા હોર્મોન ઓક્સીટોસિનનો સ્રાવ થાય છે જેનાથી ખાસ કરીને લાગણી નિયમન, શિક્ષણ અને સ્મરણ સંબંધિત ક્ષેત્રોમાં મગજનો વિકાસને બળ મળે છે.

નિયમિતપણે શારીરિક સ્નેહ મેળવનાર બાળકોમાં મજબૂત સંજ્ઞાનાત્મક ક્ષમતા અને ભાવનાત્મક અનુકૂલનતા વર્તાય છે. સામાજિક અને ભાવનાત્મક સ્તરે આલિંગન વાલી અને બાળકના જોડાણને મજબૂત બનાવે છે, પરસ્પર વિશ્વાસ અને સંપર્કની ભાવના તેમજ સુરક્ષાની લાગણી જગાડે છે જેથી બાળકોને પડકારોનો સામનો કરવામાં સહાયતા મળે છે. ઉપરાંત બાળકોને સામાજિક પ્રતિક્રિયામાં લાગણીના સ્પર્શનું મૂલ્ય સમજાય છે જેનાથી તેઓ વધુ સારી રીતે સામાજિક સંબંધો વિકસાવી શકે છે.

રસપ્રદ બાબત છે કે વાલીઓના સ્નેહથી વ્યક્તિત્વની તમામ નિશાની પર સમાન અસર નહોતી થઈ. બહિર્મુખી અને તણાવ પ્રત્યે તેમના અભિગમ જેવા લક્ષણોમાં ઓછો પ્રભાવ દેખાયો હતો. એનાથી સાબિત થાય છે કે વાલીઓના સ્નેહ અને પ્રેમથી વ્યક્તિત્વના મહત્વના પાસા પ્રભાવિત જરૂર થાય છે, પણ અમુક ઘટકો જીન્સમાં વધુ ઊંડે સુધી ધરબાયેલા હોય છે.

તેમ છતાં વ્યાપક નિષ્કર્ષ સ્પષ્ટ છે, વાલીપણુ જવાબદાર છે અને પ્રેમની અભિવ્યક્તિના નાના સંકેતો, ખાસ કરીને આલિંગન માત્ર દેખાડાના કાર્યો નથી પણ તે બાળકના ભાવનાત્મક અને મનોવૈજ્ઞાનિક ભાવિમાં રોકાણ છે.

# આજરોજ વડાપ્રધાન મોદી ૫૫૩૬ કરોડના પ્રોજેક્ટ્સની ભેટ આપશે

## ગુજરાતના નાગરિકોની આરોગ્ય અને સુખાકારીમાં વધારો કરતાં બે પ્રકલ્પોનું ઇ-લોકાર્પણ અને ઇ-ખાતમુહૂર્ત કરશે

**સમય મિરર | અમદાવાદ**



વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી બે દિવસીય ગુજરાતની મુલાકાતે છે.૨૭મી મેના રોજ ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિરમાં આયોજિત વિશેષ કાર્યક્રમમાં વિવિધ વિભાગો હેઠળ ૫૫૩૬ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત વડાપ્રધાનના હસ્તે કરવામાં આવશે. જેમાં ગુજરાતના નાગરિકોની આરોગ્ય અને સુખાકારીમાં વધારો કરતા અંદાજીત રૂ.૬૭૨ કરોડના મહત્વના બે પ્રકલ્પોનું ઇ-લોકાર્પણ અને ઇ-ખાતમુહૂર્ત કરાશે.

રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે રૂ.૮૪ કરોડના ખર્ચે નિર્માણ કરેલ યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યુટ ઓફ કાડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરના સેટેલાઇટ સેન્ટરનું વડાપ્રધાનના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે.હાલ આ સેટેલાઇટ સેન્ટર ગાંધીનગર સિવિલ હોસ્પિટલની અંદર સ્થિત છે અને હાલની ૬૦૦ બેડની નિર્માણાધીન હોસ્પિટલના ગ્રાઇન્ડથી ત્રીજા માળ સુધી રહશે.કુલ ૯૬ બેડથી સજ્જ આ હોસ્પિટલમાં અત્યાધુનિક ઇન્ફ્રાસ્ટ્રકચર,તબીબી ઉપકરણો, બે સંપૂર્ણ હાઇ-એન્ડ મોડ્યુલર ઓપરેશન થિયેટર,એક અત્યાધુનિક કેથલેબ,૪૧ આઇ.સી.યુ.ક્રિટીકલ કેર બેડ,૧૯ સ્ટેપ-ડાઉન આઇ. સી.યુ.,જનરલ વોર્ડ,OPD વિભાગ, ઇન-હાઉસ ડાયગ્નોસ્ટિક્સ, ઇમરજન્સી વિભાગ અને એક્ઝિક્યુટિવ હેલ્થ ચેક-અપ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ બનશે.

આવનાર સમયમાં રાજ્ય સરકાર દ્વારા રાજકોટ,સુરત અને ભાવનગર ખાતે પણ યુ.એન.મહેતા કાડિયાક સેન્ટરના સેટેલાઇટ સેન્ટર કાર્યરત કરવામાં આવશે. યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યુટ અમદાવાદ દ્વારા વર્ષ ૨૦૨૪ માં કુલ ૩,૬૩,૩૧૫ ઘડઉ અને ૫૦ હજાર થી વધુ IPD દર્દીઓની સારવાર કરવામાં આવી છે. જેમાં ૨૨,૬૩૦ OPD અને ૩,૧૭૫ IPD કેસ ગાંધીનગર જિલ્લાના હતા. અમદાવાદ સિવિલ મેડિસીટીમાં રૂ. ૫૮૮ કરોડના ખર્ચે નિર્માણ પામનારી ૧૮૦૦ બેડની હોસ્પિટલનું વડાપ્રધાનના હસ્તે ઇ-ખાતમુહૂર્ત કરવામાં આવશે.

જેમાં ૧૩૦૦ બેડની જનરલ હોસ્પિટલ અને ૫૦૦ બેડની ચેપી રોગની હોસ્પિટલ મળીને કુલ ૧૮૦૦ બેડની હોસ્પિટલ નિર્માણ પામશે. ૧.૬૦ લાખ ચો.મી.માં નિર્માણ પામનાર ૧૧ માળની આ હોસ્પિટલમાં બેઝમેન્ટ ૧ અને ૨ માં ૬૨૫ ફોર વ્હીલર તથા ૧૦૦૦ ટુ વ્હીલર પાર્કીંગ વ્યવસ્થાનો સમાવેશ કરવામાં આવશે.આ હોસ્પિટલમાં ઓર્થોપેડીક, પેઇન ક્લિનિક, મેડીસીન, ન્યુરો, સર્જરી, સ્કીન, ઇ.એન.ટી., સુપર સ્પેશીયાલીટી, હોમીયોપેથીક ઓપીડી, સાઇકિયાટ્રીક, બર્ન્સ વિભાગનો સમાવેશ કરવામાં આવશે.આ બિલ્ડીંગમાં કોરોના મહામારી દરમ્યાન ઉદભવેલ પરિસ્થિતને ધ્યાનમાં રાખીને ચેપી રોગના સારવાર માટેની અલાયદી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

૧૪ અદ્યતન ઓપરેશન થીયેટર જેમાં ઓ.ટી. પેન્ડન્ટ, લેમીનાર એર ફ્લો, ઓ.ટી. લાઇટ, કન્ટ્રોલ પેનલ, સ્ક્રબ, હેચ બોક્ષ જેવી અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ હશે.સિવિલ હોસ્પિટલમાં દવાઓની આયોજનબધ્ધ અને ઝડપી વહેંચણી કરી શકાય તે હેતુથી સેન્ટ્રલ ડ્રગ સ્ટોર બનાવવાનું આયોજન પણ કરવામાં આવેલ છે. આમ કુલ ૩૦૦ I.C.U. બેડની સુવિધા, ૦૩ વી. આઇ.પી. રૂમ, ૫૦ સ્પેશીયલ રૂમ તથા ૬૦ આઇસોલેશન બેડ સાથે અન્ય જનરલ બેડ અને ૫૦૦ ચેપી રોગના બેડ મળીને કુલ ૧૮૦૦ બેડની હોસ્પિટલની સુવિધા ઉપલબ્ધ કરવાનું આયોજન છે. તદ્ઉપરાંત ૧૪ અધ્યતન ઓપરેશન થીયેટર ઉપલબ્ધ કરવાનું આયોજન છે.આ હોસ્પિટલ નિર્માણ પામતા સિવિલ મેડિસીટી કેમ્પસમાં સિવિલ હોસ્પિટલની કામગીરી વધુ સક્ષમ બનશે.



# ચોરવાડ નગરપાલિકાનો ઈજનેર લાંચ લેતા ACBના છટકામાં ઝડપાયો

## અરજદાર પાસે બ્લોક ફિટિંગનું બિલ પાસ કરાવવા લાંચની માંગણી કરી હતી

**સમય મિરર | ચોરવાડ**

ગુજરાતમાં ઘણા લાંચિયા અધિકારીઓ અને પોલીસ અધિકારીઓ અઈઇની ઝપટે ચડતા હોય છે. લોકો પાસેથી સરકારી કામ કરાવવાના નામે લાંચ માંગતા લાંચિયા અધિકારીઓના લીધે દેશો વિકાસ રુંધાય છે.ત્યારે જૂનાગઢમાં ચોરવાડ નગરપાલિકાનો અધિકારી લાંચ લેતા ઝડપાતા ચકચાર મચી જવા પામી હતી.એક અરજદાર પાસે બ્લોક ફીટીંગનું બિલ પાસ કરાવવાના નામે લાંચની માંગણી કરી હતી.જે માટે તેણે કુલ ૧,૪૩,૦૦૦ની માંગણી કરી હતી.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ચોરવાડ નગરપાલિકામાં એક અરજદારને બ્લોક ફીટીંગ કરાવવાનું હતું.જે માટે તેણે ઈજનેર પાસે બિલ પાસ કરાવવા માટે અરજી કરી હતી. તો બ્લોક ફીટીંગનું બિલ પાસ કરાવવા માટે ઈજનેરે લાંચની માંગણી કરી હતી. આ અરજદારનું છેલ્લા ૩ વર્ષથી બિલ બાકી હતું. જે માટે લાંચિયા અધિકારીએ કુલ ૧,૪૩,૦૦૦ લાંચ માંગી હતી. બિલ પાસ કરાવવા માટે લાંચ માંગતા અરજદારે આ અંગે એસીબીમાં ફરિયાદ કરી હતી. લાંચિયા અધિકારીને પકડવા માટે એસીબીએ છટકું ગોઠવ્યું હતું. ઈજનેરને લાંચ લેવા માટે નિર્ધારિત જગ્યા પર બોલાવીને અરજદારે લાંચ આપી હતી.અઈઇએ રંગે હાથે ઈજનેરને ઝડપી લીધો હતો. તેની પાસેથી પૈસા જપ્ત કરીને તેની અટકાયત કરી હતી. લાંચિયા અધિકારીને ઝડપીને અઈઇએ વધુની તપાસ હાથ ધરી હતી. તો અગાઉ પણ એવી ઘટનાઓ બની છે. જેમાં લાંચિયા અધિકારીઓ અરજદારોના કામ કરાવવા માટે પૈસા માંગતા હોય છે. જેના લીધે દેશમાં ભ્રષ્ટાચારનું ઝેર વધી રહ્યું છે. તો આવા લાંચિયા અધિકારીઓ સામે કાર્યવાહી કરવી ખૂબ જ જરૂરી છે.

# દ્વારકાનો દરિયો હિલોળે ચડ્યો, ગોમતીઘાટ પર ૧૫થી ૨૦ ફૂટ ઊંચા મોજા ઉછળ્યા

## દરિયા કિનારે ફાયર જવાન અને સિક્યુરિટી ગાર્ડ તૈનાત

**સમય મિરર | દ્વારકા**

દ્વારકાના અરબી સમુદ્રમાં ભારે કરંટ જોવા મળ્યો છે, ગોમતી ઘાટમાં ૧૫ થી ૨૦ ફૂટ ઊંચા મોજા ઉછળ્યા છે તો ઊંચા મોજા સાથે દરિયામાં ભારે કરંટ જોવા મળ્યો છે સાથે સાથે ગોમતી ઘાટ પર સહેલાણીઓનો જમાવડો જામ્યો છે, દ્વારકા નપાના ફાયર જવાન અને સિક્યુરિટી ગાર્ડને ગોમતી ઘાટ પર તૈનાત કરવામાં આવ્યો છે.

દ્વારકાનો અરબી સમુદ્ર ગાંડોતુર બની ગયો છે અને અતિ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે.દ્વારકાનાં અરબી સમુદ્રમાં ભારેથી અતિભારે તેજ ગતિએ પવન ફૂંકાતા દરીયા કિનારે ૧૫ થી ૨૦ ફુટ ઉંચા મોજા ઉછળી રહ્યા છે.માછીમારોને દરિયો ના ખેડવા માટે હવામાન વિભાગે તેમજ સ્થાનિક તંત્રએ સૂચના આપી છે. કૃષ્ણનગરી દ્વારકાનાં અરબી સમુદ્રમાં ભારે કરંટ હોવાથી દરીયો મન મુકી હિલોળે ચડ્યો છે.

હવામાન વિભાગની આગાહી મૂજબ દરિયામાં કરંટ જોવા મળ્યો છે,સાથે સાથે માછીમારોને દરિયો ના ખેડવા માટે સૂચના આપવામાં આવી રહી છે,મહત્વનું છે કે હાલ દરિયામાં ૧૫ થી ૨૦ ફૂટ ઉંચા મોજા ઉછળી રહ્યાં છે જેના કારણે તંત્ર એલર્ટ મોડ પર છે.દરિયાના પાણી ચોપાટીને ક્રોસ કરીને અંદર સુધી આવી રહ્યાં છે. હવામાન ખાતાની આગાહીની અસર દેવભૂમિ દ્વારકાના દરિયામાં આજે જોવા મળી રહી છે. દ્વારકાના દરિયામાં ભારે કરંટ જોવા મળ્યો હતો. સવાર પડતા જ દરિયો જોરદાર તોફાની બન્યો છે. ગાયત્રી મંદિર લાઈટ હાઉસ તથા સમુદ્ર નારાયણ મંદિરના કાંઠા પર ભારે પવન સાથે મોજા ઉછળતા જોવા મળ્યા હતા. આશરે ૧૦થી ૧૨ ફૂટ ઊંચા મોજા ઉછળતા ભયાવહ દ્રશ્યો સર્જાયા હતા. ઉલ્લેખનીય છે કે, હવામાન ખાતા દ્વારા ગુજરાતમાં વરસાદને લઈને આગાહી કરી છે. ત્યારે દરિયા દેવના રૌદ્ર સ્વરૂપનો નજારો કેમેરામાં કેદ થયો હતો.

# રાજકોટ અને હડમતિયા વચ્ચે ડબલીંગ રેલવે પ્રોજેક્ટનું લોકાર્પણ

**સમય મિરર | રાજકોટ**



દેશના રેલ માળખાના આધુનિકીકરણની દિશામાં એક મહત્વપૂર્ણ પહલ તરીકે અનેક મોટા રેલ પરિયોજનાઓનું ઉદઘાટન અને રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી રહ્યું છે જેમાં ગુજરાત આ પરિવર્તનશીલ યાત્રાના કેન્દ્રબિંદુ તરીકે ઉભરી રહ્યું છે. સારી કનેક્ટિવિટી અને અપગ્રેડે કરવામાં આવેલ સ્ટેશનોથી લઈને નવી લાઈનો અને અત્યાધુનિક સુવિધાઓ દ્વારા પ્રાદેશિક વિકાસ, મુસાફરોની સુવિધા અને આર્થિક પ્રગતિને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. જયારે ગુજરાત ભારતના પરિવહન નેટવર્કમાં એક મહત્વપૂર્ણ કેન્દ્ર સ્વરૂપે પોતાનું સ્થાન મજબૂત કરવાનું ચાલુ રાખે છે, માટે આ પ્રોજેક્ટ્સ પ્રદેશ અને તેનાથી આગળ મુસાફરી અને વ્યવસાયની ગતિશીલતાને ફરીથી વ્યાખ્યાયિત કરવાનું વચન આપે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દાહોદથી રેલવેના કરોડોનાં વિવિધ કામોનું લોકાર્પણ કર્યું હતું. જેમાં આજે રાજકોટને વધુ એક વંદેભારત ટ્રેનની ભેંટ મળી છે. સાથે રાજકોટ-હડમતિયા ડબલિંગ પ્રોજેકટનાં ૩૯ કિમીનું કામ પૂર્ણ થતાં તેનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ થકી મુસાફરો અને માલસામાનની અવરજવર ઝડપી થઈ શકશે. તેમજ વંદેભારત ટ્રેનનો પણ પ્રારંભ થતા મુસાફરો વધુ આરામદાયક સફર માણી શકશે. આ બંને પ્રોજેક્ટનાં લોકાર્પણ અંતર્ગત રાજકોટ રેલવે સ્ટેશન ખાતે સાંસદ રૂપાલા અને મોકરિયાની હાજરીમાં કાર્યક્રમ યોજાયો હતો.

## રાજકોટ-કાનાલુસ વચ્ચે ડબલીંગ પ્રોજેક્ટ ભાગ ૨

રાજકોટ-કાનાલુસ ડબલિંગ પ્રોજેક્ટ ૧૧૧.૨૦ કિલોમીટર સુધી ફેલાયેલો છે અને તીર્થ નગરી દ્વારકા સાથે રેલ કનેક્ટિવિટી વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ મુખ્ય પરિયોજનાનાનો એક ભાગ, રાજકોટ-હડમતિયા સેક્શનનું ડબલિંગ, હાલના રેલ સેક્શન પર ટ્રાફિક ભીડ ઘટાડવામાં મદદ કરે છે અને ટ્રેક ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરે છે. આ પ્રોજેક્ટ ૩૭૭ કરોડ રૂપિયાના ખર્ચે પૂર્ણ થયો છે.

પહેલા સિંગલ લાઈનવાળી રાજકોટ-હડમતિયા સેક્શન હવે ડબલ લાઈનવાળું સેક્શન બની ગયું છે. આ ૩૯ કિલોમીટર લાંબી રેલલાઈન ૩ માર્ચ ૨૦૨૫ ના રોજ સફળતાપૂર્વક કાર્યરત થઈ હતી. પરિયોજનામાં બે પેટાવિભાગોનો સમાવેશ થાય છે: રાજકોટ-પઢરી (૨૫.૦૩૭ કિમી) સેક્શન, જે ૨૯ જૂન ૨૦૨૪ ના રોજ તથા પધરી-હડમતિયા (૧૪.૬૮૪ કિમી) સેક્શન, જે ૩ માર્ચ ૨૦૨૫ ના રોજ કાર્યરત થયો હતો. રાજકોટ-હડમતિયા ડબલિંગ પરિયોજનામાં રાજકોટ, ખંડેરી, પધરી, ચનોલ અને હડમતિયા સ્ટેશનોનો સમાવેશ થાય છે. આ વિભાગમાં ૭ મુખ્ય પુલ અને ૪૫ નાના પુલનો સમાવેશ થાય છે.

રાજકોટ-હડમતિયા વિભાગ જામનગરના ઔદ્યોગિક કેન્દ્ર સાથે મહત્વપૂર્ણ જોડાણો પૂરા પાડે છે, જે માલસામાનની અવર-જવર માં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ સ્થાનિક ઉદ્યોગો સુધી માલસામાનના કાર્યક્ષમ પરિવહનને ટેકો આપે છે, જેનાથી પ્રાદેશિક અર્થતંત્રને વેગ મળે છે. આ વિભાગ પ્રવાસનને પણ વેગ આપે છે અને પ્રવાસીઓને, ખાસ કરીને ધાર્મિક શહેર દ્વારકાની મુલાકાત લેતા યાત્રાળુઓને સારી સેવાઓ પૂરી પાડે છે. એકંદરે, આ પરિયોજના પ્રદેશના સામાજિક-આર્થિક વિકાસમાં ફાળો આપે છે.

# વડોદરા આધારકાર્ડમાં ગોલમાલ મામલે આશિષ અને ચિરાગ પટેલ રિમાન્ડ પર

**સમય મિરર | વડોદરા**

વડોદરાના ભાયલી કેનાલરોડ પરના એક કોમ્પ્લેક્સમાં કોર્પોરેટરના બોગસ સહિ અને સિક્કાના આધારે આધારકાર્ડમાં સુધારા કરવાના કૌભાંડમાં સીએચસીના સંચાલકની ધરપકડ બાદ ગોત્રીના યુવાનની પણ તાલુકા પોલીસે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગેની વિગત એવી છે કે કોર્પોરેશનના વોર્ડ નંબર૧૨ના કોર્પોરેટર ટ્વિંકલ ત્રિવેદીના પતિ રુપેશભાઇ ગઇકાલે સવારે ભાયલી કેનાલરોડ પર સ્વર્ણિમ સ્ક્વેર કોમ્પ્લેક્સમાં ચાલતા રંગદીપ સીએચસી સેન્ટરમાં આધારકાર્ડની પૂછપરછ કરવા માટે ગયા ત્યારે તેમના કોર્પોરેટર પત્નીના સહિ અને સિક્કા કરેલ કેટલાંક ફોર્મ જોવા મળ્યા હતાં. સીએચસી સેન્ટર ચલાવતા આશિષ રાજેન્દ્ર વાળંદ (રહે.અર્બન રેસિડેન્સી, બીલ મૂળ પંચવટી ફળિયું, કારેલી ગામ, તા.જંબુસર)એ આધારકાર્ડમાં સરનામું બદલવા માટે આવતા કેટલાંક ગ્રાહકો માટે ફોર્મનો ઉપયોગ કરતો હોવાનું જણાવ્યું હતું.

પોતાના આર્થિક ફાયદા માટે સરકાર અને કોર્પોરેટર સાથે છેતરપિંડી થતી હોવાથી આ અંગે કોર્પોરેટરે તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આશિષ વાળંદ સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી હતી જ્યારે તેની પૂછપરછમાં જાણવા મળ્યું હતુ કે ચિરાગ નારણ પટેલ (રહે. દત્તનગર સો., ગોત્રી)એ કોર્પોરેટરના સહિ-સિક્કાવાળું ફોર્મ આપ્યું હતુ અને તેના આધારે ગ્રાહકોના કામો કરતો હતો. પોલીસે ચિરાગ પટેલની પણ ધરપકડ કરી હતી. ચિરાગ પટેલ કુશ કોમ્પ્યૂટરના નામે કોમ્પ્યૂટર રિપેરિંગનું કામ કરે છે.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતુ કે છેલ્લા ચાર માસથી રંગદીપ સીએચસી ચાલતું હતું, આશિષે કેટલાં લોકોને બોગસ દસ્તાવેજોના આધારે આધારકાર્ડમાં સુધારા વધારા કરી આપ્યા તેની તપાસ ચાલું છે. દરમિયાન બંનેને ન્યાયાધીશ સમક્ષ રજૂ કરીને પોલીસે એક દિવસનો રિમાન્ડ મેળવ્યો હતો.

# ગાંધીનગર જિલ્લામાં રિયલ એસ્ટેટમાં તેજીનું વાવાઝોડું : ૧.૫ લાખ દસ્તાવેજ નોંધાયા

**સમય મિરર | ગાંધીનગર**

તેજીના પવન વચ્ચે ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૧.૦૫ લાખ દસ્તાવેજની નોંધણી કરવામાં આવી છે જેમાં સ્ટેમ્પ ડયુટી અને નોંધણી ફી મળીને ૧,૨૨૩.૬૩ કરોડ રૂપિયાની વિક્રમી આવક થઇ છે. જેમાં સ્ટેમ્પ ડયુટીની ૧,૦૩૬.૩૨ કરોડ રૂપિયા તથા નોંધણી ફીની ૧૮૭.૩૧ કરોડનો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લામાં ૨૦૨૩-૨૪ના નાણાકિય વર્ષ દરમિયાન કુલ ૧,૦૩,૯૬૩ દસ્તાવેજની નોંધણી થઇ હતી જેમાંથી સ્ટેમ્પ ડયુટીની આવકા ૯૨૫,૦૩,૯૦,૫૬૯ થઇ જ્યારે દસ્તાવેજ નોંધણીની ફી સ્વરૂપે પણ સરકારને આવક થઇ હતી નોંધણી ફીની ૧૬૫,૨૪,૮૬,૯૭૦ વસુલાત કરવામાં આવી હતી. જે સાથે વર્ષ ૨૦૨૩-૨૪માં સરકારને દસ્તાવેજ નોંધણીમાંથી સ્ટેમ્પ ડયુટી તથા નોંધણી ફી બન્નેની થઇને કુલ ૧૦૯૦,૨૮,૭૭,૫૩૯ની આવક થઇ હતી. એટલે કે, ગાંધીનગર જિલ્લામાં ૧,૦૯૦.૨૮ કરોડની આવક દસ્તાવેજ નોંધણીમાંથી સરકારને વર્ષ ૨૦૨૩-૨૪માં થઇ હતી.

ગત નાણાકિય વર્ષ એટલે કે, તા.૧લી એપ્રિલ,૨૦૨૪થી તા.૩૧ માર્ચ ૨૦૨૫ સુધીના ૧૨ મહીના દરમ્યાન ગાંધીનગરમાં સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં પણ વધારો થયો હતો ત્યારે આ સેન્ટરોમાં વધારો થવાની સાથે દસ્તાવેજની સંખ્યા તથા આવકમાં પણ ધરખમ વધારો થયો છે. વર્ષ ૨૦૨૪-૨૫ના નાણાકિય વર્ષ દરમ્યાન ગાંધીનગર જિલ્લાના છ સબ રજીસ્ટ્રાર કચેરીમાં થઇને કુલ ૧,૦૫,૨૩૯ દસ્તાવેજ નોંધાયા છે. જે તેના આગળના વર્ષ કરતા ૧.૨૩ ટકા એટલે કે,૧,૨૭૬ જેટલા વધુ છે. આ ઉપરાંત ગત નાણાકિય વર્ષમાં સ્ટેમ્પ ડયુટીની ૧૦૩૬,૩૨,૨૫,૪૮૩ રૂપિયાની આવક થઇ છે. જ્યારે દસ્તાવેજ નોંધણીમાંથી સરકારને ૧૮૭,૩૧,૧૪,૩૩૪ આવક થઇ છે. આમ, નાણાકિય વર્ષ ૨૦૨૪-૨૫ના ૧૨ મહિના દરમિયાન ગાંધીનગરના સબ રજીસ્ટ્રાર કચેરીમાં થયેલા કુલ ૧.૦૫ લાખ દસ્તાવેજ નોંધણીમાંથી સ્ટેમ્પ ડયુટી અને નોંધણી ફી થઇને સરકારને અ..ધ...ધ.. ૧૨૨૩,૬૩,૩૯,૮૧૭ની આવક થઇ છે એટલે કે, ગાંધીનગર જિલ્લામાં દસ્તાવેજ નોંધણીમાંથી સરકારને વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન કુલ ૧,૨૨૩.૬૩ કરડોની રેકોર્ડબ્રેક આવક થઇ છે. જે વર્ષ ૨૦૨૩-૨૪ કરતા ૧૨.૨૩ ટકા વધુ હોવાનું જાણવા મળી રહ્યું છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા ઘણા વર્ષોથી ટીપી પડવાને કારણે અને અમદાવાદ તરફના ગામોનો વિકાસ થવાને કારણે જમીન-મકાન સહિતની સ્થાવર મિલકતોમાં લેવાલી વધી છે. જેના પગલે દસ્તાવેજ નોંધણીની કામગીરી પણ વધી છે.ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન કુલ ૧.૦૩ લાખ દસ્તાવેજો નોંધાયા હતા. જેની સામે નાણાકિય વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૧.૦૫ લાખ દસ્તાવેજોની નોંધણી થઇ છે. જે સંખ્યા મુજબ ૧,૨૭૬ જેટલી વધુ છે જ્યારે તેને ટકાવારીમાં જોઇએ તો ૧.૨૩ ટકા દસ્તાવેજ ૨૦૨૪-૨૫ના વર્ષમાં વધ્યા છે. જેની સામે આવકમાં પણ ધરખમ વધારો થયો છે. વર્ષ ૨૦૨૩-૨૪ના વર્ષની કુલ આવક ૧૦૯૦.૨૮ કરોડની સામે વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૩૩,૩૪,૬૨,૨૭૮ એટલે કે, ૧૩૩.૩૪ કરોડની આવક વધીને ૧,૨૨૩.૬૩ કરોડની આવક થઇ છે.જે ટકાવારીમાં ૧૨.૨૩ ટકા વધુ છે.

# ઉદ્દઘાટનના બે દિવસમાં જ ધરોઈ એડવેન્ચર ફેસ્ટ ધોવાયો

## વાવાઝોડા અને વરસાદથી ટેન્ટ સહિતનો સામાન ઊડી ગયો

**સમય મિરર | મહેસાણા**



ગુજરાતના અનેક વિસ્તારોમાં અચાનક વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં વાવાઝોડું સાથે વરસાદી માહોલ સર્જાયો છે, ત્યારે વડાલી અને ખેડબ્રહ્મા તાલુકામાં ભારે પવન ફૂંકાવવાની સાથે વરસાદ પડ્યો હતો. વાવાઝોડાની સ્થિતિમાં બાબસર-આંબાવાડા નજીક ધરોઈ બ્યુટિફિકેશન ખાતે ટેન્ટ ઊડીને વાહનો પર પડતા નાસભાગ મચી હતી. જ્યારે ઉદ્ઘાટનના બે દિવસમાં ધરોઈ એડવેન્ચર ફેસ્ટ ધોવાયો હોવાના દ્રશ્ય સામે આવ્યા છે.

ખેડબ્રહ્મા શહેર અને તાલુકાના કેટલાક વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની સાથે વરસાદ પડ્યો હતો. જેમાં ધરોઈ ખાતે એડવેન્ચર ફેસ્ટ ચાલી રહ્યો છે, ત્યારે ફેસ્ટમાં તૈયાર કરાયેલા વિવિધ ડોમને વાવાઝોડા કારણે નુકસાન થયું હતું.

ધરોઈ એડવેન્ચર ફેસ્ટમાં વાવાઝોડાની સ્થિતિની વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં જોવા મળે છે કે, અતિશય પવનના કારણે ફેસ્ટમાંના ડોમ, સ્ટેજ વેરવિખેર થઈ જાય છે. જ્યારે મુલાકાતીઓને ભારે પવન અને વરસાદને કારણે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. બે દિવસ પહેલા જ ધરોઈ એડવેન્ચર ફેસ્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, ત્યારે વાવાઝોડાને લઈને ફેસ્ટમાં મોટા પ્રમાણમાં નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે.

# નવસારીની યુવતીને નોકરીની લાલચ આપી ૨.૧૫ લાખની ઠગાઈ



**સમય મિરર | નવસારી**

નવસારી જિલ્લામાં એક યુવતી ઠગાઈનો ભોગ બની હતી. જેમાં યુવતીને ઓનલાઇન નોકરીની લાલચ આપી રૂપિયા ૨.૧૫ લાખ પડાવી લીધાની ઘટના પોલીસ મથકે નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ, નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાના નાંધઈ ગામે રહેતી જિનલ કાર્તિકભાઈ પટેલને (ઉ.વ.૨૫) કોઈ અજાણ્યા ભેજાબાજે વ્હોટ્સએપ ઉપર પાર્ટ ટાઈમ કોઇન ઇન્વેસ્ટ કરવા મેસેજ કર્યો હતો. મેસેજ દ્વારા વાતો કરી યુવતીને ટેલીગ્રામ લીંક મોકલી પાર્ટ ટાઈમ ઓનલાઇન જોબ આપવાની લાલચ આપી હતી.

દરમિયાન તારીખ ૨૦થી ૨૩/૪/૨૦૨૫ સુધીમાં અલગ-અલગ બેંકના એકાઉન્ટ નંબરો તથા યુપીઆઈ આઈડી નંબરો આપી ભેજાબાજે યુવતી પાસેથી અલગ-અલગ રકમના ટ્રાન્ઝેકશન કરાવી કૂલ રૂપિયા ૨.૧૫ લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા. બાદમાં સંપર્ક તોડી નાંખતા યુવતીને સાયબર ફ્રોડ થયાનો અહેસાસ થતાં ખેરગામમાં ફરિયાદ નોંધાવતા આ મામલે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# વલસાડમાં નકલી ડેપ્યુટી મામલતદાર યુવતી ઝડપાઈ

## નોકરીની લાલચ આપી ચાર યુવકો પાસેથી રૂ.૯.૫૯ લાખ પડાવ્યા

**સમય મિરર | વલસાડ**



ગુજરાતમાં નકલી પોલીસ, જજ, કોર્ટ સહિતની ભરમાર વચ્ચે વલસાડમાં નકલી ડેપ્યુટી મામલતદાર યુવતી ઝડપાઈ છે. યુવતીએ નકલી આઈ-કાર્ડ રાખીને નોકરી આપવાના બહાને ચાર યુવકો સાથે છેતરપિંડી કરી હતી અને તેમની પાસેથી કુલ ૯.૫૯ લાખ રૂપિયા પડાવી પાડ્યા હતા. સમગ્ર મામલે પોલીસે ૨૩ વર્ષીય નકલી ડેપ્યુટી મામલતદારની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વલસાડ જિલ્લામાં નકલી ડેપ્યુટી મામલતદાર યુવતી ઝડપાઈ છે. આરોપી નિમિષા નાયકા પોતાને ડેપ્યુટી મામલતદાર જણાવીને નોકરી અપાવવાની લાલચે ચાર યુવકો સાથે છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે. નિમિષા મૂળ અમબાચ ગામની છે અને હાલમાં તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ગતાડી ગામમાં રહે છે. નિમિષા વોટ્સએપના માધ્યમથી લોકોનો સંપર્ક કરીને નોકરીની લાલચ આપતી હતી.

મળતી માહિતી મુજબ, નકલી ડેપ્યુટી મામલતદાર યુવતીએ ઉદવાડાના માનવ પટેલને કલેક્ટર ઓફિસમાં PA તરીકેની નોકરીની લાલચ આપી ૪.૭૫ લાખ રૂપિયા પડાવ્યા હતા. કપરાડાના વાજવડના ગુંજેશ પટેલ પાસેથી ડ્રાઈવરની નોકરીના બહાને રૂ.૩૯ હજાર લઈ લીધા હતા. જ્યારે યુવતીએ બીલીમોરાના રાહુલ પંચોલી પાસેથી રૂ. ૪.૧૩ લાખ અને પારડીના સામરપાડાના મિલન પટેલ પાસેથી ૩૧૮૦૦ રૂપિયા પડાવ્યા હતા.

સમગ્ર ઘટના મામલે યુવકોને નોકરી ન મળતા પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાય આવ્યું હતું. આ પછી યુવકોએ આ મામલે પારડી પોલીસનો સંપર્ક કર્યો હતો. લાખોની છેતરપિંડી મામલે પોલીસે ધો.૧૨ પાસ ભેજાબાજ યુવતીની ધપરકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.



'સુખચેનથી જીવો, રોટી ખાઓ, નહીં તો મારી ગોળી છે જ'

# મોદીએ કચ્છથી પાકિસ્તાનીઓને કહ્યું- ભારત દુનિયાની ચોથી ઈકોનોમી, તમને દરદર ભટકવા મજબૂર કોણે કર્યા?

PM મોદી ભુજ પહોંચ્યા હતાં. પીએમ મોદી ભુજ એરપોર્ટથી સભાસ્થળ સુધીના માર્ગ પર દોઢ કિલોમીટરનો રોડ શો યોજી સભા સ્થળે પહોંચ્યા હતાં.અહીં રાજ્યભરના ૫૩,૪૧૪ કરોડના ખર્ચના વિવિધ ૩૩ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. બાદમાં પીએમ મોદીએ કચ્છી ભાષામાં પોતાના સંબોધનની શરૂઆત કરી હતી. વર્ષ ૧૯૭૧માં ભારત-પાકિસ્તાનના યુદ્ધમાં કચ્છ ખાતે પાકિસ્તાન બોર્ડર પર વાયુસેનાએ મોરચો સંભાળ્યો હતો અને તેવામાં પાકિસ્તાનના બોમ્બમારામાં રનવેને ભારે નુકસાન થયું હતું, હવે આવા સંજોગો વાયુસેના અન્ય મોરચો ખુવારી બચાવે કે બાંધકામ કરે, આવા મહામુલા કામમાં માધાપરની મહિલાઓ ચાલુ બોમ્બમારાની વચ્ચે જોડાઈ અને બે દિવસ-રાત મહેનત કરીને એરસ્ટ્રિપ તૈયાર કરીને પછી વાયુસેનાએ મોરચો સંભાળી લીધો અને પાકિસ્તાનને મુહતોડ જવાબ આપ્યો.



બોટાદ-સાબરમતી રેલવે વિદ્યુતીકરણનું PM મોદીએ લોકાર્પણ કર્યું

# ૩૧૫ કરોડના ખર્ચે ૧૦૬ કિમી લાંબી રેલવે લાઈનનું કામ પૂર્ણ, બોટાદમાં ઈલેક્ટ્રિક ટ્રેનને લીલી ઝંડી

**સમય મિરર | રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાહોદથી વર્ચ્યુઅલી બોટાદ-સાબરમતી સેકશનના સંપૂર્ણ વિદ્યુતીકરણનું લોકાર્પણ કર્યું. આ પરિયોજના ૩૧૫ કરોડ રૂપિયાના ખર્ચે પૂર્ણ કરવામાં આવી છે.

૧૦૬ કિલોમીટર લાંબી સાબરમતી-બોટાદ રેલવે લાઈનનું વિદ્યુતીકરણ અમદાવાદ અને બોટાદ જિલ્લાઓને આવરી લે છે. આ પ્રોજેક્ટ ગુજરાતમાં રેલવે નેટવર્કના સંપૂર્ણ વિદ્યુતીકરણની દિશામાં મહત્વનું પગલું છે.

આ પહેલથી બોટાદ, ભાવનગર અને સમગ્ર ગુજરાતના રહેવાસીઓને



પર્યાવરણ અનુકૂળ અને ઝડપી બ્રોડગેજ રેલ કનેક્ટિવિટી મળશે. બોટાદ રેલવે સ્ટેશન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રેલવે અધિકારીઓ અને સ્થાનિક આગેવાનોએ વિદ્યુતીકૃત ટ્રેનને લીલી ઝંડી આપી. કાર્યક્રમમાં બોટાદ નગરપાલિકા પ્રમુખ ધર્મિષ્ઠાબેન જોટાણીયા, જિલ્લા ભાજપ મહામંત્રી રસિકભાઈ ભુંગાણી, પાલજીભાઈ પરમાર, જિલ્લા યુવા ભાજપ પ્રમુખ જીગ્નેશભાઈ બોળીયા, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પાટીવાળા, પૂર્વ શહેર પ્રમુખ ચંદુભાઈ સાવલીયા સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સ્ટેશન અધિક્ષક દિપક રવિદાસે કાર્યક્રમની માહિતી આપી હતી.

# બેકરી સંચાલક મહિલા પાસેથી દૈનિક ૧૦% વ્યાજે ૨ લાખ વસૂલ્યા બાદ વધુ ૪ લાખની માગણી

**સમય મિરર | જામનગર**

જામનગરના રણજીત સાગર રોડ પર બેકરી ચલાવતી ૩૨ વર્ષીય મહિલાએ બે વ્યાજખોરો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. વૃંદાવન પાર્કમાં રહેતા આ મહિલા વેપારીએ ધંધાકીય જરૂરિયાત માટે હિતેન સામનાણી અને અજય સોલંકી પાસેથી નાણાં ઉછીના લીધા હતા.

પ્રથમ તબક્કામાં દોઢ લાખ રૂપિયા ૧૦ ટકા દૈનિક વ્યાજે લીધા હતા. જેનું રોજનું ૫૦૦ રૂપિયા વ્યાજ ચૂકવતા હતા. ત્યારબાદ વધુ પાંચ લાખ રૂપિયા લીધા. જેનું રોજનું ૧૭૦૦ રૂપિયા વ્યાજ ચૂકવતા હતા. આ માટે તેમણે ચાર અલગ-અલગ ચેક આપ્યા હતા.

ફરિયાદી મહિલાએ કુલ બે લાખ રૂપિયા વ્યાજ પેટે ચૂકવ્યા છતાં વ્યાજખોરોએ વધુ નાણાં માટે પઠાણી ઉઘરાણી શરૂ કરી. વધુમાં, તેમણે એક કોરા ચેકમાં ૪ લાખની રકમ ભરી અદાલતમાં રિટર્ન કરાવી વધુ પૈસા




પડાવવાની ધમકી આપી. સિટી એ-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદના આધારે એએસઆઈ એચ.આર.બાબરીયાએ ગેરકાયદે નાણાં ધીરધાર અંગેની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# પોરબંદરના મહિલા અગ્રણી હિરલબા જાડેજાને અપહરણ-ખંડણી કેસમાં રાહત

## સાયબર ફ્રોડ કેસમાં જામીન ન મળતાં હજુ જેલવાસ ચાલુ રહેશે

**સમય મિરર | પોરબંદર**

પોરબંદરની અદાલતે મહિલા અગ્રણી હિરલબા જાડેજાને અપહરણ અને ખંડણીના કેસમાં જામીન મંજૂર કર્યા છે. જો કે, સાયબર ફ્રોડના કેસમાં જામીન ન મળતા તેમને હજુ જેલમાં રહેવું પડશે.

થોડા દિવસો પહેલા હિરલબા જાડેજા સામે અપહરણ અને ખંડણીનો કેસ નોંધાયો હતો. આ કેસમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે બે વખત રિમાન્ડ મેળવ્યા હતા. અદાલતે પ્રથમ જામીન ના મંજૂર કરતા તેમને જેલમાં મોકલવામાં આવ્યા હતા.

ત્યારબાદ હિરલબા જાડેજા સામે સાયબર ફ્રોડનો નવો ગુનો નોંધાયો હતો. આ કેસમાં પણ



પોલીસે રિમાન્ડ મેળવ્યા હતા. સાયબર ફ્રોડ કેસમાં પણ તેમના જામીન મંજૂર થયા ન હતા. હાલમાં અપહરણ અને ખંડણીના કેસમાં તેમને જામીન મળ્યા છે. પરંતુ સાયબર ફ્રોડના કેસમાં જામીન ન મળવાને કારણે તેમણે હજુ જેલમાં રહેવું પડશે.

સોમનાથમાં ૧૫૦ કરોડના ખર્ચે નવું રેલવે સ્ટેશન બનશે

# સોમનાથ-સાબરમતી વંદે ભારત ટ્રેનનો શુભારંભ : સપ્તાહમાં ૬ દિવસ દોડશે

**સમય મિરર | સોમનાથ**

સોમનાથથી સાબરમતી વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની સેવાનો આજે શુભારંભ થયો છે. વેરાવળ રેલવે સ્ટેશન ખાતે સાંસદ રાજેશ ચુડાસમાની ઉપસ્થિતિમાં આ ઐતિહાસિક ક્ષણની ઉજવણી કરવામાં આવી હતી.

આ નવી વંદે ભારત ટ્રેન સપ્તાહમાં છ દિવસ સેવા આપશે, જે યાત્રાધામ સોમનાથની કનેક્ટિવિટીને વધુ સારી બનાવશે. પ્રથમ મુસાફરી માટે જૂનાગઢથી ખાસ મહિલા મંડળ વેરાવળ પહોંચ્યું હતું, જ્યાં મુસાફરોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

સાંસદ રાજેશ ચુડાસમાએ આ અવસરે મોદી સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. વધુમાં, સોમનાથ ખાતે ૧૫૦ કરોડ રૂપિયાના ખર્ચે નવા રેલવે સ્ટેશનનું નિર્માણ કાર્ય પણ



પ્રગતિ હેઠળ છે. આ પ્રોજેક્ટ યાત્રાળુઓને આધુનિક સુવિધાઓ પૂરી પાડશે અને પ્રવાસન ક્ષેત્રને વેગ આપશે.

# વિદ્યાસહાયક ભરતીમાં OBC-SEBC જ્ઞાતિને થતાં અન્યાય સામે પૂર્વ ધારાસભ્ય પૂંજા વંશ મેદાને

## શિક્ષણમંત્રી તથા અગ્રસચિવને પત્ર પાઠવી કરી રજૂઆત

**સમય મિરર | ઉના**

વર્ષ ૨૦૨૪-૨૫માં ધોરણ ૧ થી ૫ માં વિદ્યાસહાયકની કુલ ૫૦૦૦ જગ્યાઓ માટે ભરતી કરવા ની રાજ્ય સરકાર નાં શિક્ષણ વિભાગ દ્વારા જાહેરાત આપવામાં આવી હતી જેમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને (ઓ.બી.સી.)ને ૨૭% અનામતની જોગવાઈ મુજબ ૧૩૫૦ સીટો મળવા પાત્ર છે.

તેની સામે પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા ૭૬૯ સીટ ફાળવવામાં આવી છે એટલે કે, કુલ મળવા પાત્ર સીટો કરતા ૫૮૧ સીટો ઓછી ફાળવીને ઓ.બી.સી. સમાજને અન્યાય કરવામાં આવેલ છે. ઓ.બી.સી. સમાજને ૨૭% અનામત મળવા પાત્ર છે કે કેમ? જો હા તો કયા કારણોસર ૨૭% અનામત મુજબ સીટો ફાળવવામાં આવેલ નથી? તેવો પ્રશ્ન ઉઠાવી છેલ્લા લાંબા સમયથી શિક્ષણ વિભાગમાં થતી ભરતીઓમાં યેનકેન પ્રકારે ઓ.




બી.સી. સમાજના ઉમેદવારો લાયકાત ધરાવતા હોવા છતાં તે ને અન્યાય કરવામાં આવી રહ્યો હોવાનો ઉના નાં પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશ એ આક્ષેપ કરીને ઉપરોક્ત હકીકતો રાજ્ય નાં પ્રાથમિક શિક્ષણ મંત્રી ને આંકડા સાથે ધ્યાને મુકી આ બાબતે વિદ્યા સહાયકોને થયેલાં અન્યાય અને ૫૦૦૦ જગ્યાઓ ભરવાની સામે ઓ.બી.સી.ને ૨૭% લેખે મળવા પાત્ર ૧૩૫૦ સીટો ફાળવવા શિક્ષણ મંત્રી તેમજ અગ્ર સચિવ, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગ, નિયામક, પ્રાથમિક શિક્ષણ, ને પત્ર પાઠવી રજૂઆત કરી છે.

પાંચ ડમ્પરો અને ટ્રકો મળી ૯૪ લાખનો મુદ્દામાલ જપ્ત

# કુતિયાણા તાલુકાના કોટડા ગામે રેતીચોરો પર ખનીજ તંત્ર ત્રાટક્યું

**સમય મિરર | ગોસા ઘેડ**

કુતિયાણા તાલુકાના કોટડા ગામે ભાદર નદીના કાંઠેથી ગેર કાયદેસર સાદી રેતી ચોરી કરવાના ઈરાદે વહન કરવા આવેલા પાંચ ડમ્પરો તેમજ પોરબંદર તાલુકાના રાતડી ગામેથી બિલ્ડીંગ લાઈમ સ્ટોન વહન કરવા માટે આવેલા બે ટ્રક તેમજ બિલ્ડીંગ લાઈમ સ્ટોન અવરલોડ ભરેલ એક ટ્રક મળી કુલ ૯૪ લાખના મુદ્દામાલ પોરબંદર ભુસ્તર શાસ્ત્રીની ટીમ દ્વારા તા. ૨૪ અને તા ૨૫ એમ બંને દિવસ દરમ્યાન પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માનનીય કલેકટર પોરબંદરની સૂચના તથા ભૂસ્તરશાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ મદદનીશ ભુસ્તર શાસ્ત્રી પોરબંદર તથા તપાસ ટીમ દ્વારા ગઈ કાલે તા. ૨૪/૦૫/ ૨૦૨૫ ના રોજ કુતિયાણા




તાલુકાના કોટડા ગામે સરકારી વાહનની મદદથી તપાસ હાથ ધરવામાં આવેલ. તપાસ દરમ્યાન ભાદર નદી કાંઠે સાદી રેતી ખનિજનું ગેરકાયદેસર રીતે વહન કરવાના ઈરાદા સહ આવેલ કુલ ૫ ડમ્પર વાહનોને ઝડપી લેવામાં આવેલ તેમજ તમામ વાહનોને સીઝ કરી કુતિયાણા પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં રાખવામાં આવેલ છે.

જયારે તા.૨૫/૦૫/૨૦૨૫ ના રોજ મદદનીશ ભુસ્તર શાસ્ત્રી પોરબંદર તથા તપાસ ટીમ દ્વારા પોરબંદર તાલુકાના રાતડી તપાસ દરમ્યાન રાતડી ગામ તરફ જવાના રસ્તા પર ટ્રક નંબર GJ-07-X- 4464 અને ટ્રક નંબર GJ -11- W-3978 દ્વારા બિલ્ડીંગ લાઈમ્સ્ટોન ખનીજના ગેરકાયદેસર વહન સબબ અને ટ્રક નંબર GJ 07 X 6944 બિલ્ડીંગ લાઈમ્સ્ટોન ખનીજના ઓવરલોડ વહન સબબ વાહનોને ઝડપી લેવામાં આવેલ તેમજ તમામ વાહનોને સીઝ કરી મિયાંણી મરીન પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં રાખવામાં આવેલ છે. આમ કુતિયાણા તાલુકાના કોટડા ગામે આવેલ ભાદર નદી કાંઠેથી ગેરકાયદેસર સાદી રેતી ખનીજનું વહન કરવા ના ઈરાદે આવેલા ૫ ડમ્પરો તેમજ રાતડી ગામેથી બિલ્ડીંગ લાઈમ સ્ટોન ખનીજ ના ગેરકાયદેસર વહન કરવા સબબ બે ટ્રક તેમજ બિલ્ડીંગ લાઈમ સ્ટોન ખનીજ ના અવરલોડ વહન સબબ એક ટ્રક મળી કુલ અંદાજિત કિંમત રૂ. ૯૪ લાખના મુદ્દામાલના વાહનો ને પકડી પડ્યા છે.તેમજ જવાબદાર વાહન માલિક /સંડોવાયેલ તમામ ઈસમો સામે આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવા ખાણ ખનીજ વિભાગ દ્વારા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

# JCIના નેશનલ પ્રેસિડન્ડ અંકુર ઝુનઝુનવાલા ધોરાજીની મુલાકાતે

## અલગ અલગ પ્રોજેક્ટનું અનાવરણ કરવામાં આવ્યું

**સમય મિરર | ધોરાજી**

ધોરાજી ખાતે જે.સી.આઈ.ના નેશનલ પ્રેસીડેન્ટ અંકુર ઝુનઝુનવાલાએ ધોરાજીની મુલાકાકતે આવેલ હતાં. આ તકે ધોરાજી જેસીઆઈ રોયલ દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ હતું. અને ત્યાર બાદ જે.સી.આઈ.ના નેશનલ પ્રેસીડન્ટ દ્વારા જુદા જુદા પ્રોજેક્ટને માહીતગાર કરેલ હતાં. આમ આ કાર્યક્રમ અલગ અલગ લોમના પ્રેસીડેન્ટ ઝોન ગવર્નીંગ બોર્ડ મેમ્બરો સહીતના જેસીઆઈ મેમ્બરો હાજર રહેલ હતાં.

આ તકે નેશનલ પ્રેસીડેન્ટ અંકુર ઝુનઝુનવાલાના હસ્તે મધ્યમ વર્ગની બાળાઓને સ્કૂલ કીટ અર્પણ કરેલ હતાં. આમ બહારગામથી પધારેલ જેસીઆઈ હોદેદારો, મેમ્બરો, કાર્યકરોને આવનારા સમયમાં ક્યાં પ્રોજેક્ટ કઈ રીતે કાર્યક્રમો કરવા સહીતની તમામ માહિતીથી અંકુર



ઝુનઝુનવાલા, શહેજાદ બોડીવાલાએ માહિતી આપેલ હતી.

આ તકે નેશનલ પ્રેસીડેન્ટ અંકુર ઝુનઝુનવાલાએ ધોરાજી મુલાકાત દરમિયાન ધોરાજી જેસીઆઈ દ્વારા આવતા તમામ કાર્યને તેમના દ્વારા બીરદાવી અને ટીમને અભીનંદન પાઠવેલ હતાં. આમ આ કાર્યક્રમમાં પધારેલા લોકોનું મહેમાનોનું સહિતના લોકોનું અને નેશનલ પ્રેસીડેન્ટ અંકુર ઝુનઝુનવાલા શહેમદ બોડીવાલા સહિતના લોકોએ ધોરાજી જેસીઆઈ દ્વારા આવકારેલ હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા ધોરાજી જેસીઆઈ પરીવાર દ્વારા જહેમત ઉઠાવેલ હતી.

# શ્રીરામ મેડિકલ ઈક્વિપમેન્ટ બેન્ક દ્વારા દર્દીઓને મેડિકલ સાધનો સસ્તા દરે ઉપલબધ થશે

## જરૂરિયાતોને રિફંડેબલ ડિપોઝીટ અને નોર્મલ ચાર્જ વસુલી સહાય અપાશે

**સમય મિરર | ગોસા ઘેડ**

પોરબંદરના દર્દીઓ માટે આશીર્વાદરૂપ બની શકે તેવી શ્રીરામ મેડિકલ ઈક્વિપમેન્ટ બેન્કનો ગઈ કાલે તારીખ ૨૪/૦૫/૨૦૨૫ ને શનિવારના રોજ કલા ભવન, બાલા હનુમાન મંદિર પાસે, સુદામા રોડ, પોરબંદર ખાતે નામાંકીત અનેક રાજકીય મહાનુભાવોનીઉપસ્થિતિ માં શાનદાર રીતે પ્રારંભ થયો છે.

શ્રીરામ મેડિકલ ઈક્વિપમેન્ટ બેન્કના સેવાનુ મૂળ ઉદ્દેશ પોરબંદરના જરૂરિયાતમંદ દર્દીઓને રિફન્ડેબલ ડિપોઝીટ અને નોમિનલ ભાડું ચાર્જ કરી મહત્વપૂર્ણ મેડિકલ સાધનો જેવી કે વ્હીલચેર, વોકર, પેશન્ટ બેડ, ઓક્સિજન કન્સન્ટ્રેટર, સકશન મશીન વગેરે ઉપલબ્ધ કરાવવાનો છે. આ સેવા હિતેશ કારિયા ટિફિન સેવા તથા રઘુવંશી એકતા પોરબંદર સંચાલિત છે. જેનું મેનેજમેન્ટ હિતેશ કારિયા તથા દિવ્યેશ સોઢા દ્વારા કરવામાં આવશે. આ સમગ્ર કાર્યમાં માતૃ શ્રી રંજનબેન કિશોરકુમાર કોટેચા હસ્તે અમિતભાઈ કોટેચા (યુગાન્ડા) નું મુખ્ય યોગદાન રહેલું છે, જેમણે શ્રદ્ધાપૂર્વક આ સેવા કાર્ય માટે મદદરૂપ બની આ કાર્યને આકાર આપ્યો છે. આ શ્રીરામ મેડિકલ ઈક્વિપમેન્ટ બેન્કના ઉદ્દઘાટન પ્રસંગે મુખ્ય મહેમાનોમાં






પોરબંદરનાઅનેક પ્રખર રાજકીય તેમજ અન્ય નામાંકીત વ્યક્તિઓમાં અર્જુનભાઈ મોઢવાડિયા (ધારાસભ્ય, પોરબંદર) બાબુભાઈ બોખીરીયા (પૂર્વ કેબિનેટ મંત્રી) ડો. ચેતનાબેન તિવારી (પ્રમુખ, જીલ્લા ભાજપ) ભરતભાઈ લાખાણી(એડવોકેટ) અનિલભાઈ કારીયા (પ્રમુખ માનવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ) કેતનભાઈ ગર્જ્જર અને ડો નીતીન લાલની શુભેચ્છા સાથે ઉદય અશોકભાઈ કોટેચા (દાતાશ્રીના પ્રતિનિધિ) સાગર ભાઈ મોદી (પ્રમુખ શહેર ભાજપ) જિજ્ઞેશભાઈ કારીયા (પ્રમુખ,ચેમ્બર ઓફ કોમર્સ) કિરીટભાઈ મોઢવાડિયા , ડો સુરેશ ગાંધી, પૂર્વ કાઉન્સિલર નિર્મળાબેન કારિયા, કૃપા કારીયા, સામતભાઈ ઓડેદરા, અતુલભાઈ કારિયા, વિજયભાઈ ઉનડકટ, નીરવભાઈ દવે, વિનેશભાઈ ગોસ્વામી, અશોક ભાઈ કોટેચા, શાંતિભાઈ પોપટ, પ્રદીપભાઈ ગોપલાની, ઘનશ્યામ ભાઈ મહેતા, રસિકભાઈ ભરણીયા, વિરલ કમલેશભાઈ સામાણી, ચિરાગ કારિયા, સંજય કારિયા, રાજુભાઈ રૂઘાણી વિશાલ રૂઘાણી ,કપિલ લાખાણી, તેજસ લાખાણી, અનીલરાજ સિંઘવી, પ્રદીપભાઈ દોશી, રાજ પોપટ, ભરતભાઈ પોપટ, રામ ભાઈ ઓડેદરા, કેતનભાઈ દાણી, રામભાઈ જાડેજા, બલરાજ તન્ના,ભરતભાઈ રૂઘાણી, હેમેન્દ્રભાઈ કોટેચા, ભરતભાઈ કોટેચા, રાજુભાઈ નથવાણી, પરિમલ મકવાણા, શૈલેષભાઈ પરમાર,ભરતભાઈ કારિયા, પ્રકાશ ધનરાજ, યોગેશ કારિયા, નટુભાઈ ઠકરાર,. મુકેશભાઈ ઠકરાર , રામભાઈ ઘડિયાળી, રામભાઈ માંડલિયા, જગદીશ ભાઈ ઢાંકી, તથા અન્ય આગવાન મહેમાનો એ હાજરી આંપી આ પ્રસંગને દીપાવ્યો હતો.

શ્રીરામ મેડિકલ ઈક્વિપમેન્ટ બેન્કના ઉદ્દઘાટન પ્રસંગે જ અનેક જરૂરિયાતમંદ દર્દીઓને વ્હીલચેર અને પેશન્ટ બેડ આપવામાં આવ્યા હતા.જે સેવા કાર્ય તરત અમલનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આ પ્રસંગે સેવાભાવી હિતેશભાઈ કારિયા અને દિવ્યેશભાઈ સોઢા દ્વારા તમામ મહેમાનો, દાતાશ્રી, તેમજ શ્રી કેતનભાઈ ગર્જ્જર, જેમણે આ સેવાકીય કાર્ય માટે જગ્યા ઉપયોગ માટે આપી તેમનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો. કાર્યક્રમને સફળ બનાવવા માટે હિતેશ કારિયા ટિફિન સેવા, રઘુવંશી એકતા ટીમના હસુભાઈ પોપટ, યોગેશ ભાઈ ચોટાઈ, વિજય મોનાણી, અજય મોનાણી, કેતન ઠકરાર, સુનિલ ભાઈ ગજરા, કિશોરભાઈ કાનાણી,ધાર્મિક પાબારી, દિનેશભાઈ ગોકાણી, તેમજ રઘુવંશી એકતા લેડી ટીમ એ જહેમત ઊઠાવી હતી. શ્રીરામ મેડિકલ ઈક્વિપમેન્ટ બેન્કના કોઈ પણ કામકાજ ની જરૂરિયાત માટે હિતેશભાઈ કારિયા મો.૯૮૨૫૨ ૮૫૯૮૪ તથા દિવ્યેશભાઈ સોઢા મો.૯૩૨૭૮ ૦૪૧૩૧ ઉપર સંપર્ક કરી સેવાનો લાભ મેળવી શકશો.

ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી

# શિહોરમાં મહાદેવનું મંદિર તોડી પાડવા સામે ગ્રામજનો વિફર્યા

**સમય મિરર | ભાવનગર**

ભાવનગરમાં મંદિર તોડી પાડવા સામે ગ્રામજનોમં રોષ ફેલાયો છે. ભાવનગરના શિહોરમાં રોડના કામને લઈને કોન્ટ્રાક્ટરે મંદિર તોડવાનું કહેતા જ ગ્રામજનો વિફર્યા હતાં. ગ્રામજનોએ શિહોર ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી. આ મંદિર સાથે લોકોની આસ્થા જોડાયેલી હોવાની પણ રજૂઆત કરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ભાવનગરના શિહોરમાં રોડનું કામ ચાલી રહ્યું છે. આ કામમાં મંદિર વચ્ચે નડતુ હોવાથી કોન્ટ્રાક્ટરે મંદિરને તોડવાનું કહેતા જ ગ્રામજનો વિફર્યા હતાં. ઘાંઘળી અમદાવાદ હાઈવે પર આવેલુ જાળનાથ મહાદેવનું મંદિર લોકોની આસ્થા સાથે જોડાયેલું છે. પ્રાચિન મંદિરને તોડવાની



વાત થતાં જ લોકોમાં રોષ ફેલાયો હતો અને ડેપ્યુટી કલેક્ટરને આવેદન પાઠવ્યું હતું. પ્રાચીન મંદિરને તોડવા સામે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરાશે તેવી પણ લોકોએ ચીમકી ઉચ્ચારી હતી.

શિહોરના ઘાઘળી અમદાવાદ હાઈવે પર રોડનું કામ ચાલુ થતાં મંદિરના અગ્રભાગને કોન્ટ્રાક્ટર દ્વારા તોડવાનું કહેતા જ મામલો બીચક્યો હતો. સમસ્ત ગ્રામજનોએ એક થઈને મંદિર તોડવા મુદ્દે વિરોધ નોંધાવી શિહોર ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર આવ્યું હતું. મંદિરને નહીં તોડવા માટે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવશે તેવું ગ્રામજનો દ્વારા કહેવામાં આવ્યું છે.

# ૧૬ જિલ્લામાં વરસાદનું ઓરેન્જ એલર્ટ


## ૫૦ થી ૬૦ કિમીની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા

**સમય મિરર | રાજકોટ**

હવામાન વિભાગ તરફથી આજે ૧૬ જિલ્લામાં વરસાદનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. વરસાદની સાથે ૫૦થી ૬૦ કિમીની ઝડપે પવન ફૂંકાવાની પણ આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં આગામી ૨૯ મે સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ભારે પવનની શક્યતાના પગલે માછીમારોને દરિયો ન ખેડવા ચેતવણી આપવામાં આવી છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, આજે સુરેન્દ્રનગર, રાજકોટ, બોટાદ, અમરેલી, ભાવનગરમાં ઓરેન્જ અલર્ટ સાથે ભારે વરસાદની આગાહી કરાઈ છે, જ્યારે સાબરકાંઠા, અરવલ્લી, નવસારી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, વલસાડ, દાદરા અને નગર-હવેલીમાં પણ આજે ઓરેન્જ અલર્ટ આપવામાં આવ્યું છે. અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં આજે હળવાથી મધ્યમ વરસાદ અને વીજળીની શક્યતા છે. પવનની ગતિ ૫૦થી ૬૦ કિમીની રહેશે.

આવતીકાલ, એટલે કે ૨૭ મેના રોજ ગુજરાત પ્રદેશના તમામ જિલ્લાઓ, જેમ કે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહીસાગરમાં અલગ-અલગ સ્થળોએ,



જ્યારે દક્ષિણ ગુજરાત પ્રદેશના તમામ જિલ્લાઓમાં, જેમ કે વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ, દાદરા અને નગર-હવેલીમાં અને સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જિલ્લાઓમાં, એટલે કે સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવમાં વરસાદને લઈને યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

અમદાવાદ શહેરમાં રવિવાર રાત્રિના ૯ વાગ્યાના અરસામાં વાતાવરણમાં પલટો આવ્યો હતો. ભારે પવન સાથે ધૂળની ડમરી ઊડતાં વાહનોનાં પૈડાં થંભી ગયાં હતાં. ભારે પવનના કારણે રસ્તાની બંને તરફ લગાવાયેલાં ઓપરેશન સિંદૂરનાં કટઆઉટ અને બેનર ફાટી ગયાં હતાં. વિવિધ જગ્યાએ લગાવાયેલા મંડપને પણ નુકસાન થયું હતું.

અમદાવાદ શહેરમાં ભારે પવનને કારણે અનેક વિસ્તારોમાં ઝાડ પડી ગયાં હતાં તો ક્યાં તોતિંગ ડાળીઓ તૂટી પડી હતી. ગણતરીની મિનિટોમાં જ અમદાવાદ ફાયરબ્રિગેડને ઝાડ પડી ગયાની આઠ ફરિયાદ મળી હતી. અમદાવાદમાં ભારે પવન ફૂંકાવાને કારણે રવિવારે રાત્રે ત્રણ ફ્લાઈટને સુરત ડાઈવર્ટ કરવામાં આવી હતી. લખનઉ- અમદાવાદ, દિલ્હી અમદાવાદ અને હૈદરાબાદ અમદાવાદ ફ્લાઈટને સુરત ડાઈવર્ટ કરવામાં આવી હતી. અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના વાતાવરણમાં પણ પલટો જોવા મળ્યો હતો. મોડીસાંજે ભારે પવન ફૂંકાતાં અનેક જગ્યાએ વૃક્ષો ધરાશાયી થયાં હતાં. હિંમતનગર અને વિજયનગર પંથકમાં ગ્રામ્ય વિસ્તારમાં કાચાં મકાનનાં છાપરાં ઊડ્યાં હતાં. મોટા ભાગનાં ગામડાંમાં વીજળી ડૂલ થઈ હતી.

# સરકારી પોલિટેકનિક ખાતે ડીપ્લોમા પ્રવેશ અને કારકિર્દી માર્ગદર્શન અંગે સેમિનાર યોજાશે

## વિવિધ અભ્યાસક્રમો દ્વારા કારકિર્દી ઘડતર અંગે માહિતી અપાશે

**સમય મિરર | રાજકોટ**




સરકારી પોલીટેકનીક રાજકોટ દ્વારા ધો.૧૦ પછીના ડીપ્લોમા અભ્યાસક્રમમાં વર્ષ ૨૦૨૫-૨૬ની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાની માહિતી અને પ્રવેશ કાર્યવાહી અંગે વિદ્યાર્થીઓને અને તેમના વાલીઓને પડતી મુશ્કેલીઓ બાબતે માર્ગદર્શન આપવા તથા તેઓની વિવિધ સમસ્યાઓના નિરાકરણ માટે એડમીશન કમીટી ફોર પ્રોફેશ્નલ ડીપ્લોમા કોર્સીસ, અમદાવાદ દ્વારા તા.૨૯ મે તથા તા.૪ જુનના રોજ ભાવનગર રોડ, આજીડેમ પાસે આવેલ સરકારી પોલીટેકનીક, ઓડીટોરીયમ હોલ ખાતે સવારે ૧૧ વાગ્યે તેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. આ સેમિનારમાં ડિપ્લોમામાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો દ્વારા કારકીર્દી ઘડતર અંગેનું માર્ગદર્શન પણ આપવામાં આવશે.

ડિપ્લોમા પ્રથમ વર્ષ ૨૦૨૫-૨૬માં પ્રવેશ ઈચ્છૂક વિદ્યાર્થી તથા વાલીઓને સેમીનારમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે. વધુમાં અત્રેની સંસ્થા એલઆરયુસી બિલ્ડીંગમાં ડિપ્લોમા એડમિશન માટે ઓનલાઈન ફોર્મ ભરવા બાબતે માર્ગદર્શન તથા અન્ય જાણકારી મેળવવા માટે વિનામૂલ્યે હેલ્પ સેન્ટર પણ કાર્યરત છે તેમ એક યાદીમાં જણાવાયું છે.

### સોમનાથ કોરિડોરના ઐતિહાસિક મ્યુઝિયમ સંગ્રહાલયમાં

# સોમનાથની સખાતે જનાર ખાંટ રાજપૂતોના ૨૦૦ વીર યોદ્ધાઓનો ઉલ્લેખ કરવામાં આવે તે બાબતે બેઠક યોજાઇ

### ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજ દ્વારા વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીને પુરાવા સહિત રજુઆત કરાશે

**સમય મિરર | વિરપુર**

સૌરાષ્ટ્રના વિખ્યાત યાત્રાધામ વિરપુર જલારામ ગામ ખાતે શ્રી ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજની વાડીમાં ખાંટ રાજપૂત સમાજના આગેવાનો, વડીલો, અગ્રણીઓ તેમજ યુવાનોની તા.૨૫.મે ના રોજ એક મહત્વની બેઠક મળી હતી.

આ બેઠકમાં ૧૨ પવિત્ર જ્યોર્તિલિંગ પૈકીનાં સૌપ્રથમ જ્યોતિર્લિંગ એવા સોમનાથ મહાદેવ મંદિરના સમગ્ર સંકુલનું ૨૮૨ કરોડના ખર્ચે નવનિર્માણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.આ કોરિડોર યોજનાના ભાગરૂપે સોમનાથના ઐતિહાસિક મહિમા અને સુંદરતાને પ્રકાશિત કરતી એક પ્રદર્શન ગેલેરી/ મ્યુઝિયમ હશે. સંગ્રહાલય જૂના સોમનાથ મંદિરોના તોડી પાડવામાં આવેલા ભાગો પ્રદર્શિત કરશે. તેમાં નાગર શૈલીના મંદિર સ્થાપત્યનું પ્રદર્શન કરતી શિલ્પો પણ



(તસ્વીર :ગૌરવ ગાજીપરા)

દર્શાવવામાં આવશે જેમને લઈને ક્ષત્રિય ખાંટ રાજપૂત ઈતિહાસ સંશોધક-મંડળ શૂરવીરોની શૌર્યગાથા ગ્રુપ દ્વારા શ્રી ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજની બેઠકમાં સોમનાથ કોરિડોરમાં ૨૦૦ વીરોના બલિદાનને સ્થાન આપવા માટે બેઠકનું આયોજન કરાયું હતું જેમાં આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય વર્તમાનમાં સોમનાથ મંદિરમાં નિર્માણ થઈ રહેલા સોમનાથ કોરિડોરના ઐતિહાસિક મ્યુઝિયમ સંગ્રહાલયમાં શ્રી ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજના એ ૨૦૦ શૂરવીર પૂર્વજોની નોંધણી કરાવવાનો હતો જેમણે વિક્રમ સંવત ૧૪૭૦ (ઈ.સ.૧૪૧૪) માં સોમનાથ દાદા મંદિરનું રક્ષણ કરતાં વિધર્મીઓ સામે પોતાનું બલિદાન આપ્યું હતું.

આ બેઠકમાં ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજના આગેવાનો,વડીલો, અગ્રણીઓ તેમજ યુવાનો મોટી સંખ્યામાં ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા, પોતાના પૂર્વજોના અમર બલિદાનને ઈતિહાસમાં યોગ્ય માન અને સ્થાન મળે તે માટે ગહન ચર્ચા વિચારણા કરી હતી. આ ચર્ચામાં ખાસ કરીને આ ઘટનાને લગતા ઐતિહાસિક પુરાવાઓ અને બારોટદેવની વંશાવળીમાં નોંધાયેલા ઈતિહાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

ઈતિહાસ સંશોધક-મંડળ શૂરવીરોની શૌર્યગાથા ગ્રુપના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે સવંત ૧૪૭૦ (ઈ.સ.૧૪૧૪) માં ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજના ૨૦૦ જેટલા વીરોએ સોમનાથ મંદિરની પવિત્રતા અને રક્ષા માટે દુશ્મનો સામે લડતાં પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. તેમની આ વીરતા અને બલિદાનની કથા આવનારી પેઢીઓ માટે પ્રેરણારૂપ બને તે માટે સોમનાથ કોરિડોરના ઐતિહાસિક મ્યુઝિયમ સંગ્રહાલયમાં તેની નોંધણી થવી આવશ્યક છે.

બેઠકમાં હાજર રહેલા સમાજના આગેવાનો, વડીલો અને ઈતિહાસના જાણકારોએ પોતાના જ્ઞાન અને સંશોધનો રજૂ કર્યા હતા.આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને તેમજ સોમનાથ દાદાના મંદિર ટ્રસ્ટ સમક્ષ આ વિષયને મક્કમતાથી રજૂ કરવા અને જરૂરી પુરાવાઓ આપવા માટેની રચના પણ તૈયાર કરવામાં આવી હતી.સમગ્ર સમાજે એકત્ર થઈને આ ભગીરથ કાર્યને સફળ બનાવવાનો સંકલ્પ કર્યો હતો સાથે સાથે આપણા દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જે ભગવાન સોમનાથ દાદાના મંદીર ટ્રસ્ટના ચેરમેન તરીકે ગૌરવપૂર્ણ દેશના અને સોમનાથ દાદાના મંદિરના વિકાસલક્ષી કામ કરી રહ્યા છે ત્યારે સોમનાથ દાદાના મંદિર રક્ષણ માટે બલિદાનો આપનાર શ્રી ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજના પૂર્વજોના ઈતિહાસને સોમનાથ કોરિડોરમાં સ્થાન મળશે તેવી આશા વ્યક્ત કરી હતી.

# મહિલા ઔદ્યોગિક તાલિમ સંસ્થા રાજકોટ (સીટી) ખાતે એડમિશન પ્રક્રિયા શરૂ



**સમય મિરર | રાજકોટ**

રાજકોટ સિટી મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે વિવિધ કોર્સ માટે એડમિશન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેમાં અન્વયે કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ, ફેશન ડીઝાઈન ટેક્નોલોજી, ડ્રેસમેકિંગ, કોસ્મેટોલોજી (બ્યુટી પાર્લર), હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર સહિતના કોર્સનો સમાવેશ કરાયો છે .

કોર્સમાં એડમિશન લેવા ઈચ્છુક મહિલા ઉમેદવારોએ મહિલા આઈ.ટી.આઈ. રાજકોટ સિટી, બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ પાછળ, યુનિવર્સીટી રોડ ખાતે સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં રૂબરૂ મુલાકાત કરવી અથવા ફોન નં. ૦૨૮૧-૨૫૬૨૮૮૩ ઉપર સંપર્ક કરી શકશે. તેમ મહિલા આઈ.ટી.આઈ. રાજકોટ(સીટી)ના આચાર્યશ્રીની યાદીમાં જણાવાયું છે.

# લોધિકાના લક્ષ્મી ઈટાળા ગામે પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન અભિયાન હાથ ધરાયું



**સમય મિરર | રાજકોટ**

રાજકોટ જિલ્લાને પ્લાસ્ટિકમુક્ત બનાવવા જન અભિયાન હાથ ધરાયું છે. આ અભિયાન અંતર્ગત લોધિકા તાલુકાના લક્ષ્મી ઈટાળા ગામે પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન અભિયાન હાથ ધરાયું હતુ. આ અભિયાનમાં સામાજિક વનીકરણ વિભાગના કર્મચારીઓ તેમજ ગ્રામજનોએ લક્ષ્મી ઈટાળાને પ્લાસ્ટિકમુક્ત બનાવવા સંયુક્ત રીતે ગામમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરી વેસ્ટ પ્લાસ્ટિક એકત્ર કર્યું હતું. આ સાથે સૌએ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવાના શપથ લીધા હતા.

# જેતપુર તાલુકાના જેતલસર ગામની પીડિતા માટે સંકટ સમયની સાંકળ સાબિત થતી અભયમ ટીમ

### પતિએ મારઝૂડ કરીને ઘરમાંથી કાઢી મૂકેલી પત્નીને ગોંડલના સખી વન સ્ટોપ સેન્ટરમાં આશ્રય અપાવ્યો

**સમય મિરર | રાજકોટ**

ગુજરાત સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગ અંતર્ગત કાર્યરત ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન રાજકોટ જિલ્લામાં વધુ એક પીડિત મહિલા માટે સંકટ સમયની સાંકળ સાબિત થઈ છે. રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના જેતલસર ગામમાં પતિએ પત્નીને મારઝૂડ કરીને ઘરમાંથી કાઢી મૂકી હતી. ત્યારબાદ અભયમ ટીમને જાણ થતાં બે દિવસથી ભટકતું જીવન ગુજારતી પીડિતાની વ્હારે ૧૮૧ અભયમની ટીમ આવી હતી.

જેતપુર શહેરમાં એક સજ્જને પીડિત મહિલાને ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન વિશે માહિતી




આપી. આશાનું એક કિરણ દેખાતાં જ પીડિતાએ અભયમ્ હેલ્પલાઈન પર કોલ કરીને મદદ માંગી. ક્ષણભરનો પણ વિલંબ કર્યા વિના અભયમ્ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી. મહિલાને સૌ પ્રથમ આશ્વાસન આપી, તેની સાથે વાતચીત ચાલુ કરી. પીડિતાએ જણાવ્યું કે તેણે પ્રેમલગ્ન કર્યા છે. તે છેલ્લા ૧૧ વર્ષથી તેના પતિ સાથે રહે છે. સંતાનમાં બે દીકરીઓ અને એક દીકરો છે.

પરિણીતાના પતિ અવારનવાર દારૂ પીને તેને મારઝુડ કરે છે અને મારી નાખવાની ધમકી આપે છે. બે દિવસ અગાઉ પીડિતાને તેના પતિએ મારી, ગળું દબાવીને જીવ લેવાની ધમકી આપી, ઘરમાંથી કાઢી મૂકી. તેથી, મહિલા તેના બાળકોને લઈને ઘરેથી નીકળી ગઈ. તેણે પિયરમાં કોલ કરીને સમગ્ર સમસ્યા જણાવી. પરંતુ પીડિતાએ પ્રેમલગ્ન કર્યા હોવાથી પિયર પક્ષવાળા તેને ઘરે રાખવા માંગતા ન હતાં. તેથી, પરિણીતા બાળકો સાથે બે દિવસથી રસ્તા પર ભટકતી રહી હતી. અભયમ ટીમે સમગ્ર હકીકત જાણીને પીડિતાને તેના ઘરે પરત ફરી પતિનું કાઉન્સિલિંગ કરવા અને જરૂર પડ્યે પોલીસ કાર્યવાહી વિશે સમજાવ્યું. પરંતુ આટલા ત્રાસ પછી પરિણીતાને સાસરે જવાની ઈચ્છા ન હતી. અભયમ્ ટીમે મનોસ્થિતિ સમજીને પીડિતાને ગોંડલમાં આવેલા સખી વન સ્ટોપ સેન્ટર લઈ ગયા, જ્યાં તેને સુરક્ષિત આશ્રય મળ્યો. અભયમ ટીમે તેને કાયદાકીય માર્ગદર્શન પણ પૂરું પાડ્યું. કપરા સમયમાં મળેલી મદદ બદલ પીડિત મહિલાએ અભયમ્ ટીમનો હૃદયપૂર્વક આભાર માન્યો. આમ, અભયમ્ ટીમે ફરી સાબિત કર્યું કે અભયમ્ યોજના પીડિત મહિલાઓ માટે સુરક્ષા કવચ છે.

# ગુમશુદાનો પતો આપવા બાબત

**સમય મિરર | રાજકોટ**



રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ રોડ પરના ગણેશ બિલ્ડીંગ સામે, આંબેડકર શેરી નં.૧૦/૧૧ના ખૂણા વિસ્તારના રહેવાસી સુનીલદાસ ધનુ રવિદાસની ૧૨ વર્ષીય પુત્રી તા.૨૨/૦૫/૨૦૨૫ના રોજ બપોરે ૨.૦૦ વાગ્યે પોતાના રહેઠાણ વિસ્તારની આસપાસથી ગુમ થયેલ છે. ગુમશુદા વિશે કોઈને માહિતી મળે તો માલવીયાનગર પોલીસ સ્ટેશન ખાતેના ફોન નં.૬૩૫૯૬૨૯૯૦૨ પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# અપહત તરુણીની ભાળ આપવા અંગે

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરમાં મવડી મેઈન રોડ પર ઉદયનગર - ૨માં રહેતા બિંદીયાબેન યાદવની તરુણ વયની દીકરીને ગત તા. ૧૮ મેના રોજ બપોરના ત્રણ કલાકે અજાણ્યો ઈસમ તેના ઘરેથી અપહરણ કરીને લઈ ગયો છે. જો કોઈને તરુણી વિશે જાણ હોય તો માલવીયાનગર પોલીસ સ્ટેશનના ફોન નં. ૬૩૫૯૬ ૨૯૯૦૨ પર સંપર્ક કરવા માલવીયાનગર પોલીસ મથકની યાદીમાં જણાવાયું છે.

### સ્વચ્છ રાજકોટ, પ્લાસ્ટિક મુક્ત રાજકોટ

# સામાજિક વનીકરણ રેન્જ અને ગ્રામજનો મોજીરા નદીને સ્વચ્છ રાખવા કટિબદ્ધ થયા

## સ્વચ્છતા અભિયાનમાં સહભાગી બની પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા શપથ લીધા





**સમય મિરર | રાજકોટ**

સ્વચ્છ રાજકોટ, પ્લાસ્ટિક મુક્ત રાજકોટ અભિયાનને સફળ બનાવવા લોકો જન અભિયાન રૂપે જોડાઈ રહ્યાં છે. ત્યારે સામાજિક વનીકરણ રેન્જ, ઉપલેટા તેમજ સામાન્ય વન વિભાગ દ્વારા મોજીરા નદી વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધરાયું હતુ.

વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૫ ની ઉજવણી અંતર્ગત મોજીરા ગામે મોજ ડેમ પાસે મોજીરા નદી વિસ્તારમાં સફાઈ અભિયાનમાં ગામના આગેવાનો તેમજ ગ્રામજનો દ્વારા મોજ નદી કાંઠા વિસ્તારમા પ્લાસ્ટિક તેમજ કચરો એકઠો કરાયો હતો. આ ઉપરાંત સામાજિક વનીકરણ વિભાગ દ્વારા લોકોને પ્લાસ્ટિકથી થતા નુકશાન વિશે સમજ આપવામાં આવી હતી. આ તકે સૌએ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવાનાં શપથ લીધા હતા.

### પ્લાસ્ટિકમુક્ત ગુજરાત, પ્લાસ્ટિકમુક્ત ભારત

# માત્રાવડ ગામ ખાતે પ્લાસ્ટિક મુક્ત અભિયાન અન્વયે પ્લાસ્ટિક કચરો એકત્રિત કરાયો



**સમય મિરર | રાજકોટ**

વર્તમાન સમયમાં પ્લાસ્ટિકના લીધે પર્યાવરણને ભારે નુકસાન થઇ રહ્યું છે, આવનારી પેઢીને સ્વચ્છ વાતાવરણ અને સ્વસ્થ જીવન મળી રહે તે માટે સરકારશ્રી દ્વારા પ્લાસ્ટિકમુક્ત ગુજરાત, પ્લાસ્ટિકમુક્ત ભારત અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે અન્વયે દેશભરના વિવિધ વિસ્તારોમાં લોક જાગૃતિ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે.

આ અભિયાનમાં સામેલ થવાના ભાગરૂપે રાજકોટ જિલ્લાના માત્રાવડ ગામ ખાતે પ્લાસ્ટિક મુક્ત ઝુંબેશ ચલાવવામાં આવી હતી. જેના ભાગરૂપે નગરપાલિકાના ટીપરવેનમાં પ્લાસ્ટિક કચરો એકઠો કરીને ગામની શાળા, આરોગ્યકેન્દ્ર, મંદિર સહિતના વિવિધ વિસ્તારોને સાફ કરવામાં આવ્યા હતા.

# અમારું ગામ -સ્વચ્છ અને પ્લાસ્ટિકમુકત ગામ

### ખીરસરા, વાજડી, મેટોડા સહિતના ગામો બન્યા સ્વચ્છ અને સુંદર





**સમય મિરર | રાજકોટ**

ગઈકાલે રસ્તાના કિનારે પ્લાસ્ટિકની નકામી થેલીઓ, કચરોઓનો ગંજ અને આજે એકદમ ચોખ્ખુ સ્વચ્છ ગામ.... આ છે રાજકોટ જિલ્લાના અનેક ગામોની કહાની. રાજકોટ જિલ્લામાં પ્લાસ્ટિકમુક્ત અભિયાન અન્વયે ગામેગામ સફાઈ અભિયાન ચાલી રહ્યા છે. જેની સાક્ષી આ તસવીરો છે. ગ્રામજનો ઈચ્છે તો ગામને સ્વચ્છ અને સુંદર બનાવી શકે તેનું ઉત્તમ ઉદાહરણ રાજકોટના ખીરસરા, વાજડી, મેટોડા સહિતના ગામોમાં જોવા મળ્યું છે.

સરપંચ અને ગ્રામજનોએ મળીને ગામડાઓની શેરીઓને પ્લાસ્ટિકમુક્ત અભિયાન અન્વયે સફાઈ કાર્યક્રમો યોજી શેરીઓ વાળી કચરો ઉપાડી સુંદર બનાવી છે. ખુલ્લા મેદાનો, રસ્તાની બાજુમાં ઝાડી-જાંખરાઓ દૂર કરી આજુબાજુમાં વેરાયેલી પ્લાસ્ટિકની નકામી થેલીઓ વીણી વીણીને દૂર કરવામાં આવી છે. આ અભિયાન સતત ચાલુ રાખી ગામમાં બીનજરૂરી કચરો નહીં કરવા સરપંચ દ્વારા ગ્રામજનોને સમજાવી આપણું ગામ સ્વચ્છ અને પ્લાસ્ટિક મુકત ગામની નેમને સાકાર કરવા પ્રતિબુદ્ધતા દર્શાવી છે.

# સ્તનપાન કરતા બે માસના માસુમનું મોત

## બાળકે દમ તોડતા શ્રમિક પરિવારમાં કલ્પાંત

**સમય મિરર | રાજકોટ**



રાજકોટ શહેરની ભાગોળે ગોંડલ રોડ પર આવેલા કોઠારીયા સોલવન્ટમા સ્તનપાન કરતા બે મહિનાનાં માસુમ બાળકનુ બેભાન થઇ જતા મોત નીપજયુ છે. આ બનાવથી પરપ્રાંતિય શ્રમીક પરીવારમા ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટ શહેરમાં આવેલા કોઠારીયા સોલવન્ટ ફાટક પાસે રૂમ ભાડે રાખી રહેતા છોટુ સોનકર નામના શ્રમીકનો બે મહીનાનો પુત્ર આકાશને આજે સવારે તેની માતા સ્તનપાન કરાવતી હતી ત્યારે અચાનક આકાશ બેભાન થઇ જતા તેને તાત્કાલિક સારવાર માટે ઝનાના હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયા માસુમ બાળકની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઇ તપાસી બાળકને મૃત જાહેર કરતા શ્રમીક પરીવારમા અરેરાટી સાથે શોકની લાગણી છવાઈ જવા પામી છે.

આ અંગે સિવીલ ચોકીનાં સ્ટાફે પ્રાથમીક નોંધ કરી આજીડેમ પોલીસને જાણ કરતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક ઝનાના હોસ્પીટલ ખાતે દોડી આવ્યો હતો. આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

આ અંગે પોલીસની પ્રાથમિક તપાસમા છોટુ સોનકર મુળ ઉપર પ્રદેશનો વતની છે અને હાલ રાજકોટ શહેરમાં અવરલ કોઠારીયા સોલવન્ટમા પત્ની અને બાળકો સાથે રહે છે. તેને સંતાનમા બે પુત્ર છે જેમા આકાશ નાનો હતો. બે મહિનાના માસુમ આકાશને તેની માતા સ્તનપાન કરાવતી હતી. ત્યારે અચાનક બેભાન હાલતમાં ઢળી પડેલા બાળકનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસે નોંધ કરી માસુમ બાળકના મોતનું કારણ જાણવા તપાસનો દોર લંબાવ્યો છે.

# રાજકોટમાં રૂમ ભાડા મુદ્દે યુવક ઉપર હોટલના કર્મચારીનો હુમલો : લૂંટનો આરોપ

## ઘવાયેલા યુવાનને સારવારમાં ખસેડાયા ફરિયાદના આધારે તપાસનો ધમધમાટ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરમાં રણછોડનગરમાં રહેતો અને ઈવેન્ટ મેનેજમેન્ટનું કામ કરતો યુવા મોરબી રોડ ઉપર આવેલી ધ ઈન્ફિનિટી હોટલમાં હતો ત્યારે ભાડા મુદ્દે ઝઘડો થતા હોટલના કમર્ચારીએ મારમારી સોનાનો ચેઈન અને ઘડીયાળની લૂંટ ચલાવ્યાના આક્ષેપ સાથે યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ શહેરમાં રણછોડનગરમાં રહેતો ડેનીસ ચંદુભાઈ ભૂત નામનો ૨૯ વર્ષનો યુવાન મધરાત્રે મોરબી રોડ ઉપર આવેલી ધ ઈન્ફિનિટી હોટલમાં હતો ત્યારે કલ્પેશ સહિતના હોટલ કર્મચારીઓએ ઝઘડો કરી ઢીકા-પાટુનો મારમાર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં ડેનીસ ભૂત ઈવેન્ટનું કામ કરે છે. રાજસ્થાનની ઈવેન્ટનું કામ કરીને આવ્યા બાદ ધ ઈન્ફિનિટી હોટલમાં એસી રૂમ ભાડે રાખ્યો હતો. પરંતુ એસી બંધ થઈ જતા ભાડા મુદ્દે હોટલના કર્મચારીઓએ ઝઘડો કરી મારમાર્યો હતો અને ડેનીસ ભૂતના ગળામાં રહેલો સાડા ત્રણ તોલાનો સોનાનો ચેઈન અને ઘડીયાળની લૂંટ ચલાવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે બી ડિવિઝન પોલીસે કલ્પેશભાઈ પટેલ, પેપ્સી સહિતના બે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે

# બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા ૩૩ રાજયોના બાર કાઉન્સિલ સાથે સંવાદ યોજાયો

## વેરિફિકેશન ફોર્મ નહીં ભરનાર વકીલોની સનદ સસ્પેન્ડ કરવા ગુજરાત બાર કાઉન્સિલની ચિમકી

**સમય મિરર | રાજકોટ**

બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની હાઈપાવર કમિટી દ્વારા પ્રેકટીસ વેરિફિકેશન અંગે સંવાદ યોજાયો જેમાં ધારાશાસ્ત્રીઓ વેરિફિકેશન ફોર્મ ભરશે નહિ તો સનદ સસ્પેન્ડ કરવાની બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા ચીમકી વિચારવામાં આવી છે.

વધુ વિગત મુજબ સુપ્રીમકોર્ટ દ્વારા રિટ પિટિશન ના ચુકાદા મુજબ દેશના ૩૩ રાજ્યના બાર કાઉન્સિલના સ્ટેટરોલ ઉપર નોંધાયેલા ધારાશાસ્ત્રીઓની માર્કશીટ અને સર્ટિફિકેટની ચકાસણી કરવા માટે બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની વિનંતીને આધારે હાઇપાવર કમિટીની રચના કરવામાં આવેલી છે. જેમાં દરેક રાજ્યના બાર કાઉન્સિલના સ્ટેટરોલ ઉપર નોંધાયેલા વકીલોને પ્રેકટીસ વેરિફિકેશન ફોર્મ ભરવાનો આદેશ આપવામાં આવેલા હાઈપાવર કમિટીના દયાન ઉપર આવેલ કે છેલ્લા બે વર્ષનો સમયગાળો વીતી ગયા પછી પણ " વેરિફિકેશન ફોર્મ ૫૦% જેટલા ધારાશાસ્ત્રીઓ દ્વારા હજુ પણ ભરાયેલા નથી. આ ઉમદા વ્યવસાય માં સંખ્યાબંધ ધારાશાસ્ત્રીઓ બોગસ માર્કશીટથી અથવા ખોટા સર્ટિફિકેટના આધારે વકીલાત કરે છે તેવી ચિંતા વ્યક્ત કરેલ. દેશના ૩૩ રાજ્યના બાર કાઉન્સિલ સાથે બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની હાઈપાવર કમિટી દ્વારા સંવાદ યોજાયો હતો. જેમાં ગુજરાત રાજ્યમાં પણ વેરિફિકેશન ફોર્મ ભરવામાં નોંધપાત્ર સંખ્યામાં ઘટાડો જોવા મળેલ છે. તે અંગે તાકીદે દરેક બાર એસોસીએશનને તેમના નોંધાયેલા હોય તેવા ધારાશાસ્ત્રીઓના ફોર્મ તથા તેની સાથે ફી અને માર્કશીટ તથા સર્ટિફિકેટ રજૂ કરવા તેમજ દરેક યુનિવર્સિટીને તાકીદે માર્કશીટ અને સર્ટિફિકેટનું વેરિફિકેશન કરી આપવા નિર્દેશ કરેલ. તેમજ જે ધારાશાસ્ત્રીઓ આ વેરિફિકેશન ફોર્મ ભરશે નહિ તેવા ધારાશાસ્ત્રીઓ વિરુદ્ધ તેમની સનદ પ્રોવિઝનલી સસ્પેન્ડ કરવા સુધીના પગલાં હાઈપાવર કમિટી દ્વારા ભરવા પડશે તેવી ચીમકી ઉચ્ચારેલી છે.

# રાજકોટમાં સગીરાને ભગાડી જનાર યુવક ઉપર હુમલો

## ભાગી ગયેલા યુવક અને સગીરાને પરત લાવ્યા બાદ સગીરાના પરિવારજનો તૂટી પડયા હોવાની ફરિયાદ

**સમય મિરર | રાજકોટ**



રાજકોટ શહેરનાં કોઠારીયા રોડ નાળોદાનગરમા રહેતી સગીરાને ભગાડી ગયા બાદ યુવક - સગીરા ફરી ઘરે આવતા સગીરાનાં પરીવારજનોએ યુવક પર હથીયાર લઈ તુટી પડયા હતા. આ ઘટનામા ભકિતનગર પોલીસનાં સ્ટાફે રાયોટીંગ, મારામારી સહીતની કલમ હેઠળ ૧૧ શખસો સામે ગુનો નોંધ્યો હતો.

વધુ વિગતો મુજબ હુડકો પોલીસ ચોકી પાસે મારૂતીનગર સોસાયટીમા રહેતા પ્રતાપ ગોપાલભાઈ સોલંકી (ઉ.વ.૨૨) એ સગીરાનાં પિતા-માતા અને ભાઈ તેમજ અન્ય ૭ થી ૮ શખસો વિરુધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે રાયોટીંગ સહીતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીઓને પકડી લેવા તજવીજ શરૂ કરી છે. આ ઘટનામા ફરીયાદી પ્રકાશભાઈએ ફરીયાદમા જણાવ્યુ હતુ કે તેઓ શાકભાજીની ફેરી કરી પરીવારનું ગુજરાન ચલાવે છે પ્રતાપ ૬ ભાઈ અને ૩ બહેનમા ત્રીજા નંબરનો છે .

પ્રતાપનાં બહેન સંગીતાની ૧૨ વર્ષની બહેનપણી જે બાજુની શેરીમા રહેતી હોય અને ઘરે આવતી હોય જેથી પ્રતાપને તેની સાથે પરીચય થયો હતો. અને બંને એ એકબીજાનાં મોબાઇલ નંબરની આપ લે કરી હતી. ત્યારબાદ પ્રતાપ અને સગીરા ફોનમા વાત કરતા હતા. ત્યારે તેમનો ભાઈ કિશોર આવી ગયો હતો. અને મોડે સુધી કોની સાથે વાતો કરો છો તેમ કહી ઝઘડો કરી હેમાંશી સાથે વાત કરવાનું બંધ કરી દેજે તેમ કહયુ હતુ. ત્યારબાદ પ્રતાપે પાડોસી સગીરાને ભગાડી જવાનુ નક્કી કરતા પ્રતાપ પોતાનાં ઘરેથી સગીરાને લઇ અને આજીડેમ ચોકડીથી રીક્ષામા બેસી સરધાર ઉતરી ગયા હતા. અને ત્યાથી બંને અમરેલી પહોંચ્યા હતા. ત્યારે પ્રતાપને તેનાં ભાઈ વિપુલનો ફોન આવ્યો અને તેમણે કહયુ કે તમે કયા ભાગીને જતા રહ્યા છો. તમને પોલીસ ગોતે છે. તુ કયાય ભાગતો નહી તેમ વાત કરી હતી. જેથી પ્રતાપે પોતે અમરેલી હોવાનુ જણાવ્યુ હતુ. અને ત્યાંથી લીલીયા જતા રહ્યા હતા. ત્યારબાદ સગીરા અને પ્રતાપ લીલીયા થા પાણી પિતા હતા પ્રતાપનો ભાઈ વિપુલ અને સગીરાનાં પિતા ત્યા કાર લઈ પહોંચ્યા હતા. અને લીલીયાથી કારમા બેસાડી બંનેને રાજકોટ લઇ આવ્યા હતા.

ત્યારબાદ નાળોદાનગર પહોંચતા સગીરાનાં ઘર પાસે સગીરાનાં માતા, સગીરાનો ભાઈ અને તેમનાં સાત થી આઠ સબંધીઓ એ માથાકુટ કરી અને પ્રતાપને ઢીકા પાટુનો માર માર્યો હતો. આ સમયે પ્રતાપને છોડાવવા વિપુલ વચ્ચે પડતા સગીરાનાં પિતાએ તેમનો કાઠલો પકડી ઢસડયો હતો. અને માતા અને તેમનાં ભાઈએ પાઇપ લઇ પ્રતાપને બેફામ માર માર્યો હતો. ત્યારબાદ પ્રતાપને વધુ માર માથી છોડાવી સારવાર માટે સિવીલ હોસ્પીટલે ખસેડયો હતો. આ ઘટના છે પોલીસ સ્ટાફે ગુનો તજવીજ શરૂ કરી છે.

# રાજકોટમાં ઈજાગ્રસ્ત હાલતમાં અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો

## મૃતક યુવાનની ઓળખ મેળવવા અને વાલી વારસની શોધખોળ



**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરના ગોંડલ રોડ પરથી ઈજાગ્રસ્ત હાલતમાં અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે મોતનું કારણ જાણવા મૃતદેહને પીએમમાં ખસેડી ઓળખ મેળવવા વાલી વારસની શોધખોળ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ ગોંડલ રોડ પર રાજકમલ પેટ્રોલ પંપ પાસે શેરીમાં શ્રીજી ઓટો પાર્ટસ નામની દુકાન પાસે બેભાન હાલતમાં અજાણ્યો યુવાન (ઉ.વ.૩૫) મળી આવ્યો હતો. જેના માથાના ભાગે તથા શરીરે ઈજા થયેલી હોય તેને બેભાન હાલતમાં ૧૦૮ મારફત સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે જોઈ તપાસી મરણ ગયાનું જાહેર કર્યું હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી માલવિયાનગર પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પીટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી હતી. કોઈ અકસ્માતમાં ઈજા થયાનું અનુમાન સેવાઈ રહ્યું છે. જો કે ઓળખ થયા બાદ મોતનું સાચુ કારણ બહાર આવશે. પોલીસે મૃતકની ઓળખ મેળવવા વાલી વારસની શોધખોળ હાથ ધરી છે.

# રાજકોટમાં પરણિતાને મરવા મજબુર કરનાર સાસરિયા વિરુદ્ધ ફરિયાદ

## છેલ્લા બે વર્ષથી પતિ અને સાસુ-સસરા હેરાન કરતા હોવાથી પરિણીતાએ ફાંસો ખાઇ આપઘાત કર્યો'તો



**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં કોઠારીયા મેઈન રોડ હાઉસિંગના ક્વાર્ટરમાં રહેતા નિરુબેન અનિલભાઈ સોરાણી(ઉ.૨૫)એ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.આ ઘટનામાં મૃતકના પિતા લક્ષ્મણભાઈ મેરામભાઈ સદાદીયા (ઉ.વ.૫૦)ની ફરિયાદ પરથી નિરુબેનના પતિ અનિલ હિંમત, સસરા હિંમતભાઈ, કૈલાશબેન સોરાણી વિરુદ્ધ આપઘાતની ફરજ પાડવા અંગે આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે.


લક્ષ્મણભાઈએ ફરિયાદનું જણાવ્યુ હતું કે, મારે સંતાન માં ત્રણ દીકરી અને બે દિકરા છે. જેમાં દીકરી નીરૂબેનના લગ્ન સાતેક વર્ષ પહેલા ભંડારીયા ગામનું હેમંતભાઈ સોરાણીના દિકરા અનિલભાઈ સોરાણી સાથે કરેલ હતા અને મારી દીકરી નિરુબેનને સંતાનમાં બે દિકરા છે.ગઈ તા.૨૦/૦૫ના બપોરના હું મારા કામથી કાળાસર ગામે ગયેલ હતો ત્યારે મારા પત્ની ખીમીબેનનો મને ફોન આવેલ અને વાત કરેલ કે, મે આપણી દીકરી નિરુને બપોરના ત્રણેક વાગ્યા આસપાસ ફોન કરેલ હતો અને એક-બે વખત ફોન કરેલ પરંતુ કોઈએ ફોન ઉપાડેલ નહીં અને બાદ ફરીથી ફોન કરતા ફોન ભાણેજ રુદ્રએ ઉપાડેલ અને વાત કરતો હતો કે નાની ઘરે આવો, ઘરે આવો, જેથી મને ચિંતા થતા આપણા મોટા દીકરા વિશ્વજીત જે રાજકોટ કામથી ગયેલ હતો તેને ફોન કરી નિરુબેનના ઘરે જવાનું કહેલ હતુ અને બાદ વિશ્વજીતે નિરુબેન ના ઘરે જઈ મને ફોનમાં વાત કરેલ કે નિરુબેને ગળેફાંસો ખાઈ લીધેલ છે. તમે તથા પિતાજી તાત્કાલીક સરકારી હોસ્પિટલ રાજકોટ ખાતે આવો. મારા પરીવારના સભ્યો તથા સગા-સબંધી સીધા હોસ્પિટલે ગયેલ અને ત્યા મને જાણવા મળેલ કે મારી દીકરી નિરુબેનને ડોક્ટરે જોઈ તપાસી મરણ ગયેલ અને બાદ તમો પોલીસ આવી જરૂરી કાગળ કામ કરી દીકરી નિરુબેનની લાશનુ પેનલ ડોક્ટરથી પી.એમ કરાવી અને દિકરીની લાશ મને સોંપી હતી અને બનાવનુ કારણ મારી દીકરી નિરુબેનના સાસરે છેલ્લા બે-એક વર્ષથી તેના પતિ તથા સાસુ સસરા નાની-નાની બાબતોમાં હેરાને પરેશાન કરતા હોય નિરુબેન અવાર-નવાર આ બાબતે અમારી સાથે વાત કરતી અને અમે તેને સમજાવતા હતા.

દશેક મહિના પહેલા દીકરી અમારા ઘરે રિસામણે આવેલ હતી અને ચાર-છ મહીના અમારા ઘરે રોકાયેલ હતી અને અમોએ તેને તથા તેના પતિ તથા સાસુ-સસરાને સાથે વાતચિત તથા સમજૂતી કરી તેના સાસરે મોકલેલ હતી અને તેમ છતાં જમાઈ અનિલભાઈ તથા તેના સસરા હિંમતભાઈ તથા સાસુ કૈલાશબેન દીકરી નિરુબહેન સાથે નાની-નાની બાબતોમાં માનસીક તથા શારિરીક ત્રાસ આપતા હોવાથી તથા ખોટી રીતે હેરાન-પરેશાન કરતા હોવાથી મારી દિકરીને તેમનો ત્રાસ સહન ન થતા મારી દિકરીને મરવા માટે મજબૂર કરતા તેઓના ત્રાસના કારણે ગઈ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

# રાજકોટમાં પરણિતાએ ગળફાંસો ખાઈ જિંદગીથી છેડો ફાડયો

## આપઘાતનું કારણ અકબંધ; પરિવારમાં કલ્પાંત

**સમય મિરર | રાજકોટ**



રાજકોટ શહેરના પરાપીપળીયા ગામે પતિ સાથે ભાડાના મકાનમાં રહેતી મૂળ વિસાવદરની ૨૨ વર્ષીય પરિણીતાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. પતિ નોકરી પર હતો ત્યારે પાછળથી સમીસાંજે રૂમ બંધ કરી મોત વ્હાલું કરી લેવા પાછળનું કારણ જાણવા ગાંધીગ્રામ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. મૂળ વિસાવદરની પરિણીતા અને હાલ રાજકોટની ભાગોળે આવેલ પરાપીપળીયા ગામના ગેટ પાસે ભાડાના મકાનમાં હિરલબેન હરસુખભાઈ માલિયા (ઉ.વ.૨૨) પતિ સાથે રહેતા હતા. જ્યારે સાસુ-સસરા વિસાવદર ખાતે રહેતા હતા. ગત રવિવારે સાંજે છ વાગ્યે હિરલબેને પોતાના રૂમમાં ગળે ફાંસો ખાઈ લીધો હતો. મામલામાં પાડોશીને કંઈક કામ પડતા તેમણે દરવાજો ખખડાવ્યો હતો પણ પરિણીતાએ દરવાજો નહિ ખોલતા પાડોશીએ પતિને આં બાબતે ટેલિફોનિક જાણ કરી હતી.

પાડોશીના ફોનને પગલે પતિ ઘરે દોડી આવ્યા હતા અને મકાન ખોલી અંદર જોતા પત્નીનો મૃતદેહ લટકતી હાલતમાં મળી આવ્યો હતો. બાદમાં પતિએ તાત્કાલિક ૧૦૮ ને બોલાવતા તબીબી ટીમે તપાસી હિરલબેનને મૃત જાહેર કર્યા હતા. પ્રાપ્ત વિગત અનુસાર મૃતકને ત્રણ વર્ષનો લગ્ન ગાળામાં સંતાનની પ્રાપ્તિ થઈ ન હતી. આપઘાતના બનાવ પાછળ જવાબદાર કારણ અંગેની તપાસ ગાંધીગ્રામ પોલીસના પીએસઆઈ પી.એસ.આઈ એસ બી જાડેજા ચલાવી રહ્યા છે.

# રાજકોટની પરણિતા ઉપર સસરા સહિત ત્રણ લોકોનો અસહ્ય સિતમ

## સસરાએ પુત્રવધૂ અને પુત્રને ઘર છોડીને જતા રહેવાનું કહેતા રિસામણે ગયેલી પરિણીતાએ ફરિયાદ નોંધાવી

**સમય મિરર | રાજકોટ**



દ્વારકાના ખંભાળીયામાં ખોડીયાર ચોકમાં રહેતા મનિષાબેન અનીલભાઈ ખરા(ઉ.વ.૨૩)એ ફરિયાદમાં સસરા પ્રવીણભાઈ ખોડાભાઈ, કાકાજી સસરા લક્ષ્મણભાઈ ખોડાભાઈ અને કાકીજી સુમનબેન સહિતનાઓ ત્રાસ અને ઘરમૂકીને ચાલ્યા જવાનું કહેતા યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ મનીશાબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું પિતાના ઘરે ખંભાળીયા ખાતે રહુ છુ. મારા લગ્ન આજથી એકાદ વર્ષ પહેલા અનીલભાઈ પ્રવિણભાઈ ખરા સાથે થયેલા હતા અને લગ્ન થયા બાદ હુ મારા પતિ સાથે રૈયાધાર ઇન્દિરાનગર શેરી નં.૧૨ માં રહેતી હતી.

ગઈ તા.૧૬/૦૩/૨૦૨૫ ના રોજ મારા સસરા પ્રવિણભાઈ ખોડાભાઈ ખરા(રહે- રૈયાધાર, રામાપીર થો કડી પાસે, રાજકોટ), કાકાજી સસરા લક્ષ્મણભાઈ ખોડાભાઈ ખરા,કાકીજી સાસુ સુમનબેન લક્ષ્મણ ભાઈ ખરા(રહે.બંન્ને મોટા લખીયા ગામ તા.લાલપુર જી. જામનગર વાળા) અમારા ઘરે હોળી ધુળેટીનો તહેવાર કરવા આવેલ હતા અને રાત્રીના દસેક વાગ્યાના અરસામા મારા સસરા પ્રવિણભાઈ ખોડાભાઈ ખરા મને કહેવા લાગેલ કે તુ અમારા ઘરમા આવેલ ત્યારથી અમારા ઘરની ધનોત પનોત થઈ ગયેલ છે તુ સારી નથી અને તમે જે મકાનમા રહો છો તે મકાન પણ મારા પત્નિ પ્રેમીલાબેનના નામે છે જેથી મકાન છોડીને જતા રહો તેમ કહી મારી સાથે બોલાચાલી ઝઘડો કરવા લાગ્યા હતા અને ગાળો આપવા લાગ્યા હતા.

જેથી મારા પતિ રૂમમા સુતા હતા તે બહાર નિકળેલ અને ઝઘડો નહી કરવા સમજાવતા મારા સસરા પ્રવિણભાઈ ખરા સમજેલ નહી અને મારા પતિને પણ ગાળો આપેલ અને મારા પતિ સાથે ઝપાઝપી કરવા લાગેલ જેથી હુ છોડાવવા જતા મારા કાકાજી સસરા લક્ષ્મણભાઈ ખરા તથા કાકીજી સાસુ સુમનબેન લક્ષ્મણભાઈ ખરા એ મને ઢીકાપાટુનો માર મારી પછાડી દીધેલ હતી અને મારા કાકાજી સસરા લક્ષ્મણભાઈ ખરા એ મને પેટમા પડખામા પાટા મારેલ જેથી મને પેટમા દુખાવો થવા લાગતા આ સામાવાળાઓ અમારા ઘરેથી ઝઘડો કરી ને જતા રહેલ હતા બાદ મારા પતિ તથા મારા નણંદ અરૂણાબેન મને સારવાર માટે પ્રથમ ઓમ કિલનિક લાખના બંગ્લા ખાતે લઈ ગયેલ હતા બાદ મે મારા પિતાજી રાણાભાઈ ચોપડાને ફોન કરીને બનાવની જાણ કરેલ હતી જેથી મારા પિતા જી ક્લિનિકે આવતા મને તેની સાથે ખંભાળીયા ખાતે લઈ ગયેલ હતા અને મેં ખંભાળીયા સરકારી હોસ્પીટલમા સારવાર લીધી હતી.આ ફરિયાદ મામલે યુનિવર્સિટી પોલીસે કાર્યવાહી કરી હતી.

# હૃદયરોગનો હુમલો : રાજકોટમાં વધુ બે જિંદગી ધબકારા ચૂકી ગઈ

## રામનગરના અને સદભાવનાના વૃદ્ધાશ્રમના આધેડને આવેલો હાર્ટએટેક જીવલેણ નીવડ્યો; અન્ય યુવકનું બેભાન હાલતમાં મોત

**સમય મિરર | રાજકોટ**



રાજકોટ શહેરમાં આજીવસાહટ નજીક આવેલા રામનગરના આધેડ અને સદ્ભાવના વૃદ્ધાશ્રમમાં આશ્રય લઇ રહેલા વૃદ્ધનું હૃદય રોગના હુમલાથી મોત નીપજતા ગમગીની છવાઈ જવા પામી હતી.

આ બનાવ અંગે જાણવા મળતી વિગત મુજબ રામનગરમાં રહેતા મનોજભાઈ મગનભાઈ બગથરીયા (ઉ.વ.૫૦) વહેલી સવારના સાડા પાંચ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા ત્યારે હૃદયરોગનો હુમલો આવતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયા તેમનું મોત નીપજતા પરિવારશોકમાં ગરકાવ થઇ ગયો હતો. મૃતક આધેડ બે ભાઇ બે બહેનમા નાના અને અપરિણીત હતા.

બીજા બનાવમાં મુળ સુરતના વતની અને ગોંડલ રોડ પર આવેલા સદ્ભાવના વૃદ્ધાશ્રમમાં આશ્રય લઈ રહેલા પ્રવિણભાઈ ભીખાભાઈ ચૌહાણ (ઉ.વ.૫૩) બેભાન હાલતમા ઢળી પડતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયા ફરજ પરના તબીબે જોઈ તપાસી આધેડનું હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યુ હોવાનું જાહેર કર્યું હતુ.

અન્ય બનાવમાં આકાશવાણી ચોકમાં આવેલા નંદી પાર્કમાં રહેતા અને ઈલેકટ્રીક બાઇકનું વેંચાણ કરતા મુનાવર ગોરી સીપાઈ (ઉ.વ.૪૧) ઓનલાઇન મીંટીગમાં ફોન રીસીવ નહીં કરતા કર્મચારીઓ ઘરે દોડી ગયા હતા. ત્યારે મુનાવર બેભાન હાલતમાં પડયો હતો. યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. જયા તેનુ મોત નીપજ્યુ હતુ. ઉપરોક બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વેપારીને જુદા જુદા સાત ચેક રિટર્ન કેસમાં અદાલતનું તેડું

## મિત્રતાના દાવે ધંધાના વિકાસ માટે લીધેલા ૭૦ લાખની ચુકવણી માટે આપેલા ચેક પરત ફર્યા'તા

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરના અંબિકા ટાઉનશીપ કસ્તુરી કાસા એપાર્ટમેન્ટમાં રહેતા વેપારી પાસેથી મિત્રતાના દાવે ધંધાના વિકાસ માટે લીધેલી રકમ રકમ પૈકીના ૭૦ લાખ ચૂકવવા આપેલા ૭ ચેક બેંકમાંથી વગર વસૂલાતે પરત ફર્યા અંગેની અદાલતમાં ફરિયાદ નોંધાવતા અદાલતે વત્સલ ગીરી ગોસ્વામીને સમન્સ પાઠવી આગામી મુદતે હાજર રહેવા હુકમ કર્યો છે.



એડવોકેટ

આ કેસની હકીકત મુજબ શહેરના અંબિકા ટાઉનશીપ કસ્તુરી કાસા એપાર્ટમેન્ટમાં રહેતા પૃથ્વીરાજ વિઠ્ઠલભાઈ લો નામના સેફ ઇન્વેસ્ટમેન્ટ નામથી વ્યવસાય કરતા વેપારી પાસેથી મવડી ચોકડી નજીક બી એમ પાર્ક માં રહેતા વત્સલગીરી સંજય ગીરી ગોસ્વામી ને પોતાના ધંધામાં આર્થિક જરૂરિયાત માટે મિત્રતાના દાવે ૧.૧૪ કરોડ હાથ ઊંચીના આપ્યા હતા ઉછીની આપેલી રકમની માગણી કરતા વત્સલગીરી ગોસ્વામીએ ૪૨.૯૬ લાખ પરત ચૂકવી આપ્યા હતા.અને બાકી રહેતી રકમ ૭૦ લાખ ચૂકવવા સાત ચેક આપેલા હતા જે તમામ ચેકો બેંકમાંથી વગર વસુલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ પૃથ્વીરાજભાઈ એ તેમના વકીલ મારફતે વત્સલગીરી ગોસ્વામીને નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે અદાલતમાં ફરિયાદ દાખલ કરી હતી અદાલતે ફરિયાદ રજીસ્ટરએ લઇ સમન્સ ઈસ્યુ કરી આગામી મુદતે હાજર રહેવા હુકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદી વતી એડવોકેટ તરીકે અતુલ ફળદુ, અજય જાદવ, ચાર્મી પંડ્યા રોકાયા હતા

# રાજકોટમાં રિક્ષા સાઈડમાં લેવાનું કહેતા ભાઈ-બહેન સહિત ત્રણ લોકો ઉપર હુમલો

## ત્રણ શખ્સો સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ

**સમય મિરર | રાજકોટ**



રાજજોત શહેરનાં રૈયાધારે મચ્છુનગર ટાઉનશીપ પાસે રીક્ષા રસ્તામાથી સાઈડમાં લેવાનુ કહેતા ભાઈ બહેન સહીત ૩ વ્યકિતને માર મારવામા આવતા પોલીસમા ફરીયાદ નોંધાઈ છે.

વધુ વિગતો મુજબ રૈયાધારે મચ્છુનગર ટાઉનશીપની સામે મફતીયાપરામા રહેતા વિશાલ મનસુખભાઈ મકવાણા (ઉ.વ. ૧૮) એ અજયભાઈ હમીરભાઈ રાફુચા, જીવણભાઈ ગાંડાભાઈ, વિશાલ હમીરભાઈ રાફુચા વિરુધ્ધ ફરીયાદ નોંધાવી છે. આ ફરીયાદ મામલે યુનીવર્સીટી પોલીસનાં હેડ કોન્સ્ટેબલ ગિરીરાજસિંહ તપાસ ચલાવી રહ્યા છે . વિશાલે ફરીયાદમા જણાવ્યુ હતુ કે પોતે પોતાનાં ઘર પાસે હતો ત્યારે આરોપી અજયે પોતાની રીક્ષા રસ્તા પાસે શેરીમા ઉભી રાખી દીધી હતી જેથી તેમને રીક્ષા સાઈડમા લેવાનુ કહેતા અજય ઉશ્કેરાય ગયો હતો અને ગાળો બોલવા લાગ્યો હતો. ત્યારબાદ તેમનાં ઘર પાસે જતા અજય સહીત તેમનાં પરીવારજનોએ વિશાલનાં ભાઈ અતુલને અને બહેન સુમનને ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમજ તેનાં હાથમાં રહેલું કડુ ફરીયાદી વિશાલભાઈનાં કપાળનાં ભાગે ડાબી બાજુએ મારી દીધુ હતુ. અને અજયે પોતાનાં પાસે રહેલો પાઈપ વિશાલને મારી દેતા ઈજા થઈ હતી જેથી તેમને સારવાર માટે સિવીલ હોસ્પીટલે ખસેડવામા આવ્યો હતો.

પોલીસ તંત્રે આબરૂ બચાવવા હકીકત પર ઢાંકપીછોડો કર્યાનો કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહનો આક્ષેપ

# ધોલેરામાં લઠ્ઠાકાંડ? બેના મોત, ૨૦ દાખલ

## દેશી દારૂ પીધા બાદ તબિયત લથડતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવા પડ્યા

- સારવાર હેઠળ રહેલા નશેડીઓની કડક પુછપરછ થાય તો લઠ્ઠા કાંડની હકીકત બહાર આવે તેવો કોંગ્રેસનો દાવો
- હોસ્પિટલમાં દાખલ દર્દીઓના સેમ્પલ લેવાયા, પણ તેનો સાચો રિપોર્ટ આવશે? એ મોટો સવાલ

**સમય મિરર | ધોલેરા**

સ્માર્ટ સિટી તરીકે ઓળખાતા ધોલેરામાં લઠ્ઠાકાંડની ઘટના સામે આવી છે. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે X પર પોસ્ટ કરીને આ વાતની જાણકારી આપી છે. આ સાથે જ શક્તિસિંહ ગોહિલે મુખ્યમંત્રીને યોગ્ય તપાસ કરાવવાની માંગ કરી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે એક્સ પર પોસ્ટ કરતા લખ્યુ છે કે, ધોલેરામાં લઠ્ઠાકાંડ થયો છે અને મજદૂરના મૃત્યુ થયેલ છે પરંતુ પોલીસ દ્વારા સમગ્ર મામલો દબાવી દેવાની કોશિશ થઇ રહી છે તેવા કેટલાક ફોન મારા ઉપર આવેલ છે. મુખ્યમંત્રી આપ યોગ્ય તપાસ કરાવશો જેથી સત્ય બહાર આવે અને સારવારના અભાવે કોઇ ગરીબના વધુ મૃત્યુના થાય. શક્તિસિંહ ગોહિલે સ્પષ્ટતા કરતા કહ્યુ કે, પઅમદાવાદના DSPનો મારા ઉપર ફોન આવેલ છે કે ધોલેરામાં દેશી દારૂ પીવાના કારણે બે વ્યક્તિના મૃત્ય થયેલ છે. જે બુટલેગરના ત્યાંથી મૃતકોએ દારૂ પીધો હતો તેજ જગ્યાએથી બીજા જે લોકોએ દારૂ પીધેલ તેઓને પ્રિકોશન તરીકે હોસ્પિટલમાં દાખલ કરેલ છે અને તેઓ જાતેજ ગુન્હાની ઉપર નજર રાખી રહેલ છે . જે બાબતની હું સરાહના કરું છું પરંતુ સમગ્ર ગુજરાતમાં અસામાજિક પ્રવૃત્તિ જે રીતે વધી છે તે ચિંતાનો વિષય છે . ધોલેરામાં બે લોકોના શંકાસ્પદ રીતે મોત અને અન્ય એક સારવાર હેઠળ છે. ફેદરા ૧૦૮ દ્વારા એકને સારવાર માટે અમદાવાદની હોસ્પિટલમાં ખસેડ્યા છે. અમદાવાદ ગ્રામ્ય એસ.પીએ બે લોકોના મોત ડોક્ટરના જણાવ્યા અનુસાર ડીહાઈડ્રેશનના કારણે થયા હોવાનું જણાવ્યું છે. ધોલેરા ગામ સહિતના વિસ્તારોમાં લોકોમાં લઠ્ઠાકાંડ થયો હોવાની ચર્ચા એ જોર પકડ્યું છે. ધોલેરામાં લઠ્ઠાકાંડની આશંકાને જોતા વીસેક લોકોના સેમ્પલ લેવામાં આવ્યા છે.

### ડિહાઈડ્રેશનથી મોત થયાનું લાગી રહ્યું છે, મિથોનોલની હાજરી જણાતી નથી : આઈ.જી.

ઢોલેરા સ્માર્ટ સિટીમાં બે લોકોના શંકાસ્પદ મોત બાદ આ મામલામાં લઠ્ઠાકાંડની શકયતા સર્જાઈ છે. સ્માર્ટ સિટી તરીકે ઓળખાતા ઢોલેરામાં આ ઘટના બનતા ચકચાર જાગી છે. આ મામલે અમદાવાદના ઈન્ચાર્જ રેન્જ આઈ.જી.વિધી ચૌધરી સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, સમગ્ર ઘટનામાં એફએસએલ દ્વારા તપાસ કરાવવામાં આવી છે અને બે લોકોના મોત લઠ્ઠાકાંડ નહીં પણ ડિહાઈડ્રેશનથી થયાનું લાગી રહ્યું છે. આ મામલે એફએસએલ દ્વારા તપાસ કરાવવામાં આવતાં મૃતકોના શરીરમાંથી મેથોનોલની હાજરી મળી આવી નથી છતાં પણ હજુ એફએસએલ દ્વારા તપાસ કરાવવામાં આવી રહી છે. પ્રાથમિક રીતે તપાસમાં આ ઘટનામાં લઠ્ઠાકાંડ નહીં પણ મોતનું કારણ ડિહાઈડ્રેશન હોવાનું સામે આવી રહ્યું છે.






# રાજકોટમાં પરણિત મહિલા તબીબે દવાનો ઓવરડોઝ લઈને કર્યો આપઘાત

## એસ.ટી. પાછળ બાલાજી મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલ ચાલુ થઈ ત્યારથી જ મૃતક ICU આસિસ્ટન્ટ તરીકે નોકરી કરતી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટની બાલાજી મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલમાં એક મહિલા ડોક્ટરે દવાનો ઓવરડોઝ લઈને જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના સામે આવી છે. મહિલા તબીબના આપઘાતને લઈને પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો છે. કયા કારણોસર મહિલા તબીબે આત્મહત્યા કરી તેની પાછળનું કારણ હજુ અકબંધ છે, ત્યારે સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધીને મહિલાના પતિ, પરિવારજનો, હોસ્પિટલ સ્ટાફ સહિતનાની પૂછપરછ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટના એસ.ટી. બસપોર્ટ પાછળ આવેલી બાલાજી મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલમાં આઈસીયુ આસિસ્ટન્ટ ડોક્ટર તરીકે છેલ્લા કેટલાક વર્ષથી ફરજ બજાવતી રોણકી ગામની મહિલા તબીબ એન્જલ ધવલભાઈ મોલિયા (ઉં.વ. ૨૭)એ ગત ૨૧ મેના રોજ એનેસ્થેટિક ડ્રગ્સનો ઓવરડોઝ લઈ લીધો હતો. દવાના ઓવરડોઝના કારણે મહિલા ડોક્ટરની તબિયત લથડતાં તેમને હોસ્પિટલમાં જ દાખલ કરવામાં આવી હતી. જોકે, ગત ૨૪ મેના રોજ એન્જલનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

મહિલા ડૉ. એન્જલ મોલિયાના આપઘાત અંગે રાજકોટ પોલીસના એસીપીએ જણાવ્યું હતું કે, 'મહિલા તબીબનું મોત થતાં પોલીસ દ્વારા ફોરેન્સિક પીએમ (પોસ્ટમોર્ટમ) કરાવવામાં આવ્યું છે. મહિલા તબીબે કયા કારણોસર આપઘાત કર્યો તે હજુ સુધી બહાર આવ્યું નથી. આ મામલે હોસ્પિટલના સ્ટાફ અને મહિલાના પતિ સહિત પરિવારજનોની પૂછપરછ કરીને નિવેદન નોંધ્યા છે. સમગ્ર મામલે એ ડિવિઝન પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે'.

**એનેસ્થેટિક ડ્રગ્સનો ઓવરડોઝ લઈ લીધો હતો : મૃતક રોણકી ગામની રહેવાસી**

### એન્જલના માતા-પિતાએ કોઈ પર નથી કર્યો આક્ષેપ

આ તરફ દીકરીના આપઘાતને લઈને તેના માતા-પિતાએ પોતાની દીકરીને તેના પતિ સાથે કોઈ પ્રકારે તકરાર સહિતના મુદ્દે કોઈ પણ આક્ષેપ કર્યા હોવાનું સામે આવ્યું નથી. ઘટનાને લઈને હોસ્પિટલના ડિરેક્ટરે જણાવ્યું હતું કે, 'હોસ્પિટલની શરૂઆતથી મહિલા તબીબ અમારી સાથે જોડાયેલા હતી. આ ઘટના અમારી હોસ્પિટલ માટે દુઃખદ વાત છે. અમે પોલીસ તપાસની કાર્યવાહીમાં સંપૂર્ણપણે સહયોગ આપી રહ્યા છીએ.' મહિલા તબીબે કયા કારણોસર આપઘાત કર્યો તેને લઈને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**આપઘાતનું કારણ અકબંધ પણ મૃતક છેલ્લા ઘણાં દિવસોથી સુનમુન રહેતી હોય જીવન ટૂંકાવવા પાછળ ઘેરું રહસ્ય**

# ગુજરાતમાં કોવિડના નવા વેરિએન્ટ LF7ની એન્ટ્રી, પ્રથમ કેસ દેખાયો

## રાજ્યમાં હાલ કોરોનાના ૨૮ કેસ એક્ટિવ

**સમય મિરર | અમદાવાદ**

ગુજરાતમાં કોરોનાએ ફરી એક વાર ધીમે ગતિએ પણ ઝડપથી પગપેસારો કર્યો છે. ગુજરાતમાં અત્યારે કોરોનાના ૨૮ જેટલા કેસ એક્ટિવ છે, જે પૈકી અમદાવાદ શહેરમાં સૌથી વધારે કેસ છે. આ તબક્કે ગુજરાતમાં કોવિડના નવા વેરિએન્ટ LF.૭નો સૌપ્રથમ કેસ નોંધાયો હોવાનું સામે આવ્યું છે. આ નવા વેરિએન્ટના લક્ષણોમાં સાધારણ કફ, તાવ, સ્નાયુમાં દુખાવો, થાક લાગવો જેવા છે. આ તરફ તબીબોએ પણ સલાહ આપી છે કે, ગભરાટ નહિ પણ સાવચેતી રાખવાની જરૂર છે અને ભીડભાડથી દૂર રહેવું આવશ્યક છે.

ગુજરાતમાં નવા વેરિએન્ટના પહેલા કેસ અંગે વધુ ફોડ પડાયો નથી. પાંચેક દિવસ પહેલાં જે કોવિડ એક્ટિવ કેસ હતા તે તમામ ઓમિક્રોન વેરિએન્ટના હતા. અત્યારે જે માહિતી સામે આવી રહી છે તેમાં ગુજરાતમાં નવા વેરિએન્ટ LF.૭નો સૌપ્રથમ કેસ સામે આવ્યો છે. આ ઉપરાંત અન્ય રાજ્યમાં એન ઇ.૧.૮.૧નો પણ એક કેસ આવ્યો છે.

ડબ્લ્યુએચઓ દ્વારા આ વેરિએન્ટનો અત્યારે અભ્યાસ કરાઈ રહ્યો છે. આ બે વેરિએન્ટથી કોવિડ કેસમાં વધારો થયો હોવાનું મનાઈ રહ્યું છે. ગુજરાતમાં અત્યારે કોરોના પોઝિટિવ કેસમાં વેરિએન્ટ જાણવા માટે જીનોમ સિકવન્સિંગ ટેસ્ટ કરાઈ રહ્યા છે. કોવિડના એક્ટિવ કેસ મામલે ગુજરાત પાંચમા અને છઠ્ઠા ક્રમે હતું, જોકે અત્યારે ચોથા સ્થાને આવ્યું છે.





નંદુરબારના મોલગી વિસ્તારમાં ધૂન-ભજનમાંથી પરત આવતી વખતે અકસ્માત

# મહારાષ્ટ્રમાં કાર ખીણમાં ખાબકી ગુજરાતના ત્રણ લોકો કાળનો કોળિયો

## અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચ્ચરઘાણ નિકળી ગયો : અન્ય ૫ ને ઈજા

**સમય મિરર | રાજકોટ**

મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લામાં એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો છે. જેમાં ગુજરાતના ૩ લોકોના મોત થયા છે. ગુજરાતના દેડિયાપાડા તાલુકાના કોલીવાડા, કંકાલા અને પાનસર ગામના ૮ લોકો ઈકો કારમાં મોલગી વિસ્તારમાં ભજન કાર્યક્રમમાં ગયા હતા. વહેલી સવારે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પરત ફરતી વખતે મોલગી વિસ્તાર નજીક ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર જંગલની ઊંડી ખીણમાં ખાબકી હતી. કાર પથ્થરો સાથે અથડાતા તેના ભુક્કા બોલી ગયા હતા.

આ અકસ્માતમાં દેડિયાપાડા તાલુકાના પાનસરના મોહનભાઈ બામણીયા વસાવા (૩૯), કંકાલાના જીવણદાસ સૂરદાસ વસાવા (૪૦) અને નેત્રંગ તાલુકાના રૂપઘાટના સુભાષભાઈ ફુલજીભાઈ (૪૮)નું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આસપાસના લોકોએ અકસ્માતની જાણ થતાં તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી. અન્ય પાંચ ઈજાગ્રસ્તોને સારવાર માટે અક્કલકુવા અને નંદુરબારની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. કાર પથ્થર સાથે અથડાતા કારનો કચ્ચરઘાણ નિકળી ગયો હતો.

મેફેડ્રોન ડ્રગ્સ મધ્યપ્રદેશના રતલામથી લઈ આવ્યાનું ખુલ્યું

# અમદાવાદમાં ડ્રગ્સ સાથે પરપ્રાંતિય મહિલા સહિત બે પેડલર પકડાયા

## મંદસોરથી કાલુ નામના શખ્સનું અમદાવાદમાં ડ્રગ્સ સપ્લાયનું મોટું નેટવર્ક

**સમય મિરર | રાજકોટ**

ગુજરાતમાં દિવસે ને દિવસે ડ્રગ્સનું ચલણ વધતું જાય છે. ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તાર સહિત રાજ્યના મોટા શહેરોમાંથી અવાર-નવાર ડ્રગ્સનો જથ્થો ઝડપાય છે. ત્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ૫૨ લાખના એમડી ડ્રગ્સ સાથે એક મહિલા સહિત ૨ લોકોની ધરપકડ કરી છે. જોકે ડ્રગ્સનો જથ્થો મંગાવનાર અને મોકલનાર સહિત ૩ લોકો ફરાર છે. પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ ક્રાઈમ બ્રાંચ પોલીસે રવિવારે અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પરથી મોટી માત્રામાં એમડી ડ્રગ્સ સાથે બે વ્યક્તિઓની ધરપકડ કરી છે. બાતમીના આધારે પોલીસે પ્રતિબંધિત માદક દ્રવ્યનો ૫૨૫ ગ્રામ જથ્થો જપ્ત કર્યો છે, જેની અંદાજિત બજાર કિંમત ₹૫૨.૫ લાખ છે.

ધરપકડ કરાયેલા લોકોની ઓળખ અજય પ્રજાપતિ (રતલામ, મધ્યપ્રદેશનો રહેવાસી) અને આનંદી ડામર (ગંગાસાગર, મધ્યપ્રદેશની રહેવાસી) તરીકે થઈ છે. તપાસમાં બહાર આવ્યું છે કે આ માદક દ્રવ્ય કથિત રીતે મંદસૌરથી કાલુ નામના વ્યક્તિ દ્વારા મોકલવામાં આવ્યું હતું અને તે અમદાવાદના વટવા સ્થિત શાહરૂખ નામના વ્યક્તિને પહોંચાડવાનું હતું.

બાતમીના આધારે પોલીસની ટીમ ઘટનાસ્થળ પહોંચી હતી અને મધ્ય પ્રદેશના રતલામથી ડ્રગ્સ આપવા માટે આવેલા અજય અને આનંદીને આવતાની સાથે જ રોકી લીધા હતા. અજયના કબજામાંથી બે પેકેટ મેફેડ્રોન ભરેલી બેગ મળી આવી હતી, જ્યારે આનંદીના કાળા લેડીઝ પર્સમાંથી ડ્રગનું બીજું એક પેકેટ મળી આવ્યું હતું.

તલાશી દરમિયાન પોલીસે અજય પાસેથી મોબાઈલ ફોન, ઓળખ કાર્ડ, ટ્રેનની ટિકિટો અને ₹૨,૩૨૦ રોકડા પણ જપ્ત કર્યા હતા. આનંદી પાસેથી પણ તેનો મોબાઈલ ફોન, આધાર કાર્ડ અને અન્ય વસ્તુઓ મળી આવી હતી. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના અધિકારીઓએ સ્થળ પર જ જપ્ત કરાયેલા પદાર્થ મેફેડ્રોન હોવાની પુષ્ટિ કરી હતી. બંને આરોપીઓ વિરુદ્ધ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# ગ્રાન્ટેડ શાળાઓ ઉપર 'સરાસરી'નું જોખમ

## શહેરી વિસ્તારમાં ૩૬ અને ગ્રામ્યમાં ૨૪ વિદ્યાર્થીઓથી ઓછી સંખ્યા હોય તેવા વર્ગ બંધ કરવા ઠરાવ : આ નિયમથી ગ્રાન્ટેડ શાળાનો વાગી જશે મૃત્યુ ઘંટ

**સમય મિરર | રાજકોટ**

રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલોની સરાસરી હાજરીના ઠરાવથી એક વર્ગ ધરાવતી ગ્રાન્ટેડ સ્કૂલોનો મૃત્યુઘંટ વાગશે. સરાસરી હાજરી માટેના ૨૦૨૩ના ઠરાવ અનુસાર જો શહેરી વિસ્તારમાં ૩૬ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ વિદ્યાર્થી સંખ્યા ન જળવાય તો સીધા જ વર્ગો બંધ કરવાની જોગવાઈ કરવામાં આવેલી છે. અગાઉ ૨૦૧૧ના ઠરાવમાં સરાસરી હાજરી ન જળવાય તો અમૂક ટકા ગ્રાન્ટ કાપ આપીને પણ વર્ગો ચાલુ રાખવાની જોગવાઈ હતી. જેથી સંચાલકો દ્વારા કોઈ એક વર્ષ સરાસરી ઘટે તો વર્ગ ગ્રાન્ટ ન લેવાની શરતે ચાલુ રાખી જો સતત ૩ વર્ષ સરાસરી ન જળવાય તો જ બંધ કરવાની જોગવાઈનો અમલ કરવા માગણી કરવામાં આવી છે.



રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલોના સરાસરી હાજરીના નિયમોને લઈને સ્કૂલોની સ્થિતી કફોડી બની હોવાની વિગતો સામે આવી છે. સરકાર દ્વારા ૭ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ઠરાવ બહાર પાડી સરાસરી હાજરીમાં શહેરી વિસ્તારમાં ૩૬ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ વિદ્યાર્થીઓ કરતા ઓછી સંખ્યા થાય તો સીધા જ ક્રમિક વર્ગો બંધ કરી દેવાની જોગવાઈ કરવામાં આવેલી છે. જેના કારણે રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલોનો મૃત્યુઘંટ વાગી જશે તેમ સંચાલકોનું માનવું છે. ઉપરાંત સરકારી સ્કૂલોમાં સરાસરી હાજરીનો નિયમ નથી, પરંતુ માત્ર ગ્રાન્ટેડ સ્કૂલો માટે જ આ નિયમ લાગુ કરવામાં આવતો હોવાના પગલે પણ ગ્રાન્ટેડ સ્કૂલો મુશ્કેલીમાં મૂકાઈ છે. સરાસરી હાજરીને લઈને શિક્ષણ વિભાગ દ્વારા ૮ માર્ચ, ૨૦૧૧ના રોજ ઠરાવ કરવામાં આવ્યો હતો. જેમાં જો સ્કૂલોમાં સરાસરી હાજરી ઘટે તો ગ્રાન્ટ ન લેવાની શરતે વર્ગો ચાલુ રાખવાનું નક્કી કરાયું હતું. આમ, જે પણ ગ્રાન્ટેડ સ્કૂલોમાં સરાસરી હાજરી નક્કી કરેલી વિદ્યાર્થી સંખ્યા કરતા ઓછી હોય તો સ્કૂલો ગ્રાન્ટ ન લેવાની શરતે વર્ગ ચાલુ રાખી શક્તી હોવાની જોગવાઈ કરવામાં આવેલી હતી. પરંતુ ૭ ડિસેમ્બર, ૨૦૨૩ના ઠરાવમાં આ જોગવાઈ રદ કરી દેવામાં આવી હતી અને જો સરાસરી હાજરી ન જળવાય તો વર્ગ બંધ કરવાનું નક્કી કરાયું છે.

### ક્રમિક વર્ગો એટલે કે ધો. ૧૦ અને ૧૨ના વર્ગો બંધ કરવાની પણ જોગવાઈ

રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલોમાં ધો.૯ અથવા ધો.૧૧માં શહેરી વિસ્તારમાં ૩૬ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ કરતા ઓછી સરાસરી થાય તો તે કિસ્સામાં ક્રમિક વર્ગો એટલે કે ધો.૧૦ અથવા ધો.૧૨ના વર્ગો પણ બંધ કરી દેવાની જોગવાઈ ઠરાવમાં કરવામાં આવી છે. આ જોગવાઈ ગ્રાન્ટેડ સ્કૂલો માટે અન્યાયકર્તા અને સ્કૂલોના મૃત્યુઘંટ સમાન હોવાનું સંચાલકોનું માનવું છે. આ જોગવાઈના લીધે રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલો ટપોટપ બંધ થવા લાગશે અને ધીમેધીમે ગ્રાન્ટેડ શાળાઓનું અસ્તિત્વ જ મટી જશે. જેથી ગ્રાન્ટેડ સ્કૂલોમાં કોઈ એક વર્ષ સરાસરી ઘટે તો વર્ગ ગ્રાન્ટ ન લેવાની શરતે ચાલુ રાખી જો સતત ૩ વર્ષ સરાસરી ન જળવાય તો જ વર્ગ બંધ કરવાની જોગવાઈ ચાલુ કરવામાં આવે તેવી સંચાલકોની લાગણી છે.

કેરળ બાદ મુંબઈમાં ૧૫ દિવસ વહેલી પધરામણી, રવિવારથી મુંબઈમાં મેઘરાજાની સટાસટી

# મેઘરાજા રાજકોટથી માત્ર ૪૨૫ KM દૂર

## રાજકોટમાં સોમવારે સવારે વાદળછાયા માહોલ બાદ દિવસભર આછેરી તડકી વચ્ચે અસહ્ય બફારો

**સમય મિરર | રાજકોટ**

મેઘરાજાએ કેરળ બાદ મુંબઈમાં ધમાકેદાર એન્ટ્રી કરી લીધી છે. ગુજરાતમાં સક્રિય પ્રવેશની હવે ઘડીઓ ગણાઈ રહી છે. ગુજરાતથી ૪૨૫ કિલોમીટર જ દૂર છે.

રાજયમાં અમદાવાદ સહિત અનેક વિસ્તારોમાં વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. અમદાવાદ શહેરમાં ગઇકાલે રવિવારે રાતે ભારે પવન અને વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થયો હતો. તો બીજી બાજુ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના સહિત રાજયના કેટલાક જિલ્લામાં છેલ્લા ઘણા દિવસોથી વરસાદી માહોલ છવાયેલો છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ રાજયના દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહીને પગલે યલો એલર્ટ જાહેર કર્યું છે. આ સાથે ગુજરાતભરમાં ૪૦-૫૦ કિ. મી.ની ઝડપે પવન ફૂંકાવાની અને ગાજવીજ સાથે વરસાદની શક્યતા દર્શાવવામાં આવી છે.



દરમિયાન રાજકોટ શહેરમાં આજે સવારે ધાબડીયુ વાતાવરણ જોવા મળે છે. સવારે ભેજનું પ્રમાણ ૭૭ ટકા, તાપમાન ૨૬.૮ ડીગ્રી અને પવનની ગતિ ૧૨ કિ.મી. છે.

ચોમાસું શનિવારે કેરળમાં પહોંચ્યું હતુ જયારે આજે મહારાષ્ટ્ર પહોંચ્યુ છે. મહારાષ્ટ્રમાં ૧૫ દિવસ વહેલી ચોમાસાની પધરામણી થઈ છે. ત્રણ દિવસમાં ચોમાસું મુંબઈ પહોંચવાની સંભાવના છે. ચોમાસુ ગુજરાતથી આશરે ૪૨૫ કિમી દૂર છે. આજે સપ્તાહની શરૂઆતમાં એટલે કે સોમવારે, ૨૬મી તારીખે દક્ષિણ ગુજરાત જિલ્લાઓના નર્મદા, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપીમાં છૂટાછવાયા સ્થળોએ તથા દમણ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની સંભાવના છે. ૨૭મી અને મંગળવારના રોજ પંચમહાલ તથા દાહોદ, નર્મદા, ભરૂચ, છોટા-ઉદેપુર, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી જિલ્લાઓમાં અને દમણમાં, દાદરા નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે.

# સરકારી પ્રાથમિક શાળામાં વ્યવસ્થાપન સમિતિમાં ૯ વાલીને રાખવા ફરજિયાત

## કુલ ૧૨ સભ્યોની સમિતિ બનશે, નવા સત્રથી જ અમલ

**સમય મિરર | રાજકોટ**

ગુજરાત સરકારે નવા શૈક્ષણિક સત્ર ૨૦૨૫-૨૬ના પ્રારંભે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિઓ બનાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય શિક્ષણ પ્રણાલીમાં પારદર્શિતા લાવવાનો અને વાલીઓની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાનો છે. વ્યવસ્થાપન સમિતિના ૧૨માંથી ૯સભ્યો વાલીઓને રાખવા ફરજિયાત છે.

શાળા વ્યવસ્થાપન સમિતિઓ શિક્ષણના અધિકાર કાયદા હેઠળ ફરજિયાત છે અને શાળાના સંચાલન, દેખરેખ અને વિકાસમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. છેલ્લી SMCsની રચના ૨૦૨૩-૨૪માં કરવામાં આવી હતી, અને RTE કાયદા મુજબ, દર બે વર્ષે તેનું પુનર્ગઠન કરવું અનિવાર્ય છે. આ પુનર્ગઠન ૨૦૨૫-૨૬ના શૈક્ષણિક સત્રના પ્રથમ સપ્તાહ દરમિયાન પૂર્ણ કરવા માટે સૂચના આપવામાં આવી છે.

દરેક SMCમાં કુલ ૧૨ સભ્યો હશે, જેમાં ૭૫% (એટલે કે ૯ સભ્યો) શાળામાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ હશે. આમાં વંચિત અને નબળા વર્ગના બાળકોના માતા-પિતાને સમાન પ્રતિનિધિત્વ આપવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. બાકીના ૨૫% સભ્યોમાં એક ચૂંટાયેલા સ્થાનિક સત્તામંડળના સભ્ય (ગ્રામ પંચાયત અથવા નગર શિક્ષણ સમિતિ), શાળામાંથી એક શિક્ષક, વાલી સભ્યો દ્વારા નિયુક્ત કરાયેલ એક સ્થાનિક શિક્ષણવિદનો સમાવેશ થશે. જો ગામમાં કોઈ કડિયા ઉપલબ્ધ ન હોય, તો નજીકના ગામમાંથી એકની નિમણૂક કરવામાં આવશે અને SMCના પ્રમુખ દ્વારા કડિયાની નિમણૂક કરાશે. SMCમાં વાલી સભ્યોમાંથી એક અધ્યક્ષ અને એક ઉપાધ્યક્ષની પસંદગી કરવામાં આવશે, જે સમિતિના સુચારુ સંચાલનમાં મુખ્ય ભૂમિકા ભજવશે. શાળાના આચાર્ય, અથવા જો આચાર્ય ઉપલબ્ધ ન હોય તો સૌથી વરિષ્ઠ શિક્ષક, SMCના સચિવ તરીકે સેવા આપશે. આ પ્રક્રિયાથી શાળાઓના સ્થાનિક સ્તરે સંચાલનમાં વધુ લોકશાહી અને સમાવેશી અભિગમ અપનાવવામાં મદદ મળશે.

આ પ્રક્રિયા પૂર્ણ થયા પછી, દરેક CRC સંયોજકે SMC પુનર્ગઠનનું પ્રમાણપત્ર BRC (બ્લોક રિસોર્સ કોઓર્ડિનેટર) ને સુપરત કરવું આવશ્યક છે.